પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૨-૦૫-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૩૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ભાજપ શાસિત રાજ્યો ડીઝલ પરનો વેટ ઘટાડશે

## ટૂંક સમયમાં જ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વડાપ્રધાન મોદી વર્ચ્યુઅલ બેઠક યોજે તેવી શકયતા



**નવી દિલ્હી, તા. ૨૨**

દેશના ટ્રાન્સપોર્ટ ક્ષેત્રના ધોરીનસ જેવા ટ્રક સહિતના માલ પરિવહન ક્ષેત્રને હાલની ઈંધણ કટોકટીની સૌથી મોટી અસર થઈ છે. ડિઝલનો પુરતો પુરવઠો ઉપલબ્ધ થતો નથી તેથી પેટ્રોલ પંપ પર ટ્રેકટરથી ટ્રક સુધીની કતાર સર્જાઈ રહી છે. તેમાં ભાવવધારો કરવો પડી રહ્યો છે તેમાં એક તબકકે ઓઈલ કંપનીઓને રાહત આપવા સરકારે પેટ્રોલ-ડિઝલ પરથી બેઝીક એકસાઈઝ ડયુટી ઘટાડી હતી પણ લોકોને તો તે બાદ રૂા.૪ના ભાવવધારો સહન કરવો પડી રહ્યો છે.

મોંઘુ ડિઝલ એ ભાવસપાટીને વધુ ફટકો મારે છે. હાલ દેશના અર્થતંત્રમાં ફુગાવાને ઈંધણ આપે તેવા તમામ પરિબળ મૌજૂદ છે. તે વચ્ચે હવે સરકાર ડિઝલને સસ્તુ બનાવવા રાજયોને આ ઈંધણ પરનો 'વેટ' ઘટાડવા કરી શકે છે.

ખાસ કરીને દેશના ૨૨ રાજયોમાં ભાજપ અને તેના સાથી પક્ષોની સરકાર છે ત્યાં ડિઝલ પરનો વેટ ઘટાડવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવે તેવા સંકેત છે. ગઈકાલે જ વિદેશ પ્રવાસથી પરત આવેલા શ્રી મોદીએ હવે આર્થિક એજન્ડા હાથ પર લીધા છે તથા મંત્રીમંડળની બેઠકમાં પણ ઈંધણ જ નહી.

તમામ સરકારી ખર્ચમાં કાપ મુકવા માટે તાકીદ કરી છે. તેમાં ઈંધણ ક્ષેત્રે કેમ રાહત આપી શકાય તે મુદો હતો. જેમાં હવે ભાજપની શાસનના રાજ્યો વેટ-ઘટાડાની પહેલ કરે તેવા સંકેત છે જેથી વિપક્ષ શાસનના રાજયોને પણ ફરજ પડશે.

સરકારના ગણીત મુજબ ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં રાજયોએ પેટ્રોલિયમ પેદાશોમાં વેટ મારફત રૂા.૩.૦૮ લાખ કરોડ મેળવ્યા છે અને જે રીતે પેટ્રોલ-ડિઝલના ભાવમાં પ્રતિલીટર રૂા.૪નો વધારો થયો તેમાં પણ વેલ્યુ વેડેડ સીસ્ટમ ભાવ આધારિત ટેકસના કારણે નવા ભાવમાં રાજયોની વેટ આવક વધશે. દરેક મોટા રાજય જેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે અને ઈંધણ પરની વેટથી રૂા.૩૦થી૪૦ હજાર કરોડની વર્ષે કમાણી કરે છે.

તેમાં હાલ થોડી ઓછી કમાણી કરી અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રને રાહત આપે તેવો તર્ક છે. ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર ટાયર- હાઈવેના વધેલા ટોલ સહિતના ખર્ચનો સામનો કરી જ રહ્યું છે. સરકાર માટે હવે પેટ્રોલ-ડિઝલના ભાવ જાળવી રાખવા જ મોટો પડકાર છે અને ક્રુડ મોંઘુ રહેશે તે નિશ્ચિત છે.

સરકાર હાલ પેટ્રોલ-ડિઝલની અછત નથી તેવો દાવો કરે છે પણ વાસ્તવમાં ગ્રામીણ ક્ષેત્રમાં પુરતુ ઉપલબ્ધ નથી અને અનેક સ્થળોએ 'રેશનીંગ' મારફત મર્યાદીત જથ્થો અપાયો છે તે વાસ્તવિકતા છે. આમ સરકાર પાસે મોટા પડકાર છે.


તેમાં થોડા ભાવ ઘટાડાથી પુરવઠાની સમસ્યા ઘટશે કે કેમ તે પણ પ્રશ્ન છે અને રાજયોની દલીલ તે જ છે કે કૃષી સહિતની સીઝનમાં જો ડિઝલ-ખાતરની અછત હશે તો ગ્રામ્ય અર્થતંત્ર ભાંગી પડશે. હાલમાં દિલ્હી-મહારાષ્ટ્રે વિમાની ઈંધણ પરનો વેટ ઘટાડયો છે પણ તેની મર્યાદીત અસર છે.૨૦૨૨માં ગુજરાતે પેટ્રોલ-ડિઝલનો વેટ ઘટાડી રાહત આપી હતી

નવી દિલ્હીઃ અગાઉ ૨૦૨૨માં કેન્દ્ર સરકારે લોકોને

અનુસંધાન પાના ૭ પર

# કાળઝાળ ગરમી વચ્ચે ફરી આજથી બે દિવસ સુધી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ

### અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ગાજબીજ સાથે વરસાદ પડશે



**ગાંધીનગર, તા. ૨૨**

ગઈકાલે પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતનાં વિવિધ શહેરોમાં કાળઝાળ ગરમી યથાવત રહેવા પામી હતી. જોકે આજથી બે દિવસ માટે હવામાન પલ્ટાની આગાહી પણ હવામાન વિભાગે કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શકયતા હોવામાન વિભાગે દર્શાવી છે.

હવામાન વિભાગ અનુસાર રાજ્યમાં બે દિવસ એટલે કે ૨૨ અને ૨૩ મેના રોજ વરસાદની આગાહી છે. આ વરસાદ પશ્ચિમી વિક્ષેપના કારણે થવાની સંભાવના છે, જેના પરિણામે ભર ઉનાળે કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં જોવા મળી શકે છે.

આજ રોજ, ૨૨ મેના દિવસે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક શહેરોમાં વરસાદની શક્યતાઓ છે. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ અને

અનુસંધાન પાના ૭ પર

# શનિવારથી સરકારી બેંકો છ દિવસ સુધી બંધ રહેશે

### વીકએન્ડ, હડતાળ અને બકરીઈદની સળંગ રજા

**નવી દિલ્હી, તા. ૨૨**

દેશની સૌથી મોટી સરકારી બેંક SBIના ગ્રાહકોએ શાખા સંબંધિત પોતાના તમામ જરૂરી કામ આજ (૨૨ મે, શુક્રવાર) જ પતાવી લેવા જોઈએ. આવું એટલા માટે, કારણ કે ૨૩ મે થી ૨૮ મે ૨૦૨૬ ની વચ્ચે SBIની શાખાઓ સતત ૬ દિવસ સુધી બંધ રહી શકે છે.તેનું મુખ્ય કારણ વીકએન્ડ, કર્મચારીઓની પ્રસ્તાવિત બે દિવસની હડતાળ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા બકરીદ (ઈદ-ઉલ-અઝહા) માટે જાહેર કરાયેલી બે દિવસની રજાઓ છે.૨૩ મે થી ૨૮ મે ની વચ્ચે બેંકોમાં કામકાજ પ્રભાવિત થવાના અલગ-અલગ કારણો છેપઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશન (AISBISF) એ તેની ૧૬ માંગણીઓ માટે હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળ કર્મચારીઓના અધિકારોનું રક્ષણ કરવા, કામ કરવાની અનુકુળ પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખીને પાડવામાં આવી છે.વીકએન્ડની રજાઓઃ ૨૩ મેના રોજ મહિનાનો ચોથો શનિવાર છે અને ૨૪ મેના રોજ રવિવાર છે. નિયમ મુજબ, દેશની તમામ બેંકોમાં દર મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા હોય છે, જેના કારણે આ બે દિવસ બેંકો બંધ રહેશે.SBI સ્ટાફની હડતાળઃ ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતની ૪ સહિત રાજ્યસભાની ૨૪ બેઠકો માટે તા.૧૮ જૂને ચૂંટણી

### ૧ લી જુને જાહેરનામું બહાર પડશે : ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાયો

**નવી દિલ્હી, તા. ૨૨**

રાજકીય દ્રષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ બની રહેનારી રાજ્યસભાની ૧૦ રાજ્યોની ૨૪ બેઠકો માટેની ચૂંટણીનું ચૂંટણી પંચ દ્વારા એલાન કરવામાં આવ્યું છે. ગુજરાતની ચાર સહિત ૨૪ બેઠકો માટે આગામી ૧૮ જુને ચૂંટણી યોજાશે. ચૂંટણી પંચની જાહેરાતને પગલે હવે રાજકીય ચહલપહલ તેજ બની જવાનું માનવામાં આવી રહ્યું છે.

દસ રાજ્યોમાં રાજ્યસભાની બેઠકોમાં ચૂંટણી થવાની છે એ રાજ્યોમાં આંધ્ર પ્રદેશ, ગુજરાત, મધ્ય પ્રદેશ, ઝારખંડ, રાજસ્થાન, કર્ણાટક, મણિપુર, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મીઝોરમનો સમાવેશ થાય છે. આંધ્ર પ્રદેશ, ગુજરાત અને કર્ણાટકમાં સૌથી વધુ ચાર-ચાર બેઠકો સામેલ છે.

ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી રાજ્યસભાના ચાર સભ્યો રમીલાબેન બારા, રામભાઈ મોકરીયા, શક્તિસિંહ ગોહિલ અને નરહરી અમીનનો સમાવેશ થાય છે. વિધાનસભાના પ્રવર્તમાન ધારાસભ્ય અને મતની સંખ્યાઓને ધ્યાનમાં લેવામાં આવે તો આ વખતે રાજ્યસભાની ચારેય બેઠકો પર ભાજપની જીત નિશ્ચિત ગણવામાં આવી રહી છે અને ગુજરાતમાંથી કોંગ્રેસના એક પણ રાજ્યસભાના સભ્ય નહીં રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવાનું માનવામાં આવી રહ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન મુજબ રાજ્યસભામાં ૨૧ જુનથી ૧૯ જુલાઈ દરમિયાન અલગ-અલગ સમયે ૨૪ સાંસદો નિવૃત્ત થઈ રહ્યા છે. આંધ્ર પ્રદેશ, ગુજરાત અને કર્ણાટકમાં ચાર-ચાર બેઠકો છે.

મધ્ય પ્રદેશ, રાજસ્થાનમાં ૩-૩ બેઠકો છે. જ્યારે ઝારખંડમાં બે, મણિપુર, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મીઝોરમમાં એક-એક બેઠક પર ચૂંટણી થશે. રાજ્યસભામાંથી કોંગ્રેસના અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે,

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર પ્રદેશનું બાંદા સતત પાંચમાં દિવસ સૌથી ગરમ

### દેશના ૩૫ શહેરોમાં રાતનું તાપમાન ૩૦ ડીગ્રી નોંધાયું

**નવી દિલ્હી, તા. ૨૨**

દેશમાં ચાલી રહેલી ગરમીથી હાલ રાહત મળવાના કોઈ સંકેત નથી, આ વખતે સૌથી મોટો ખતરો એ છે કે દિવસની હીટવેવ પછી રાતો પણ ગરમ રહી છે. દેશના ૩૫ શહેરોમાં ગુરુવારે રાતનું તાપમાન ૩૦°C થી ઉપર રહ્યું. સૌથી વધુ ૩૩.૭C તાપમાન રાજસ્થાનના હનુમાનગઢમાં નોંધાયું.

દેશનો અડધાથી વધુ ભાગ ગરમીથી તપી રહ્યો છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન સહિત ૧૦ રાજ્યોના ૨૪ શહેરોમાં ગુરુવારે તાપમાન ૪૫°C થી વધુ રહ્યું. યુપીનું બાંદા ૪૭.૬C સાથે સતત ૫મા દિવસે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું. છત્તીસગઢના રાજનંદગાંવમાં ૪૭°C તાપમાન નોંધાયું.

યુપીમાં આગામી ૩ દિવસ હીટવેવનું રેડ એલર્ટ છે. બિહારના પટના અને ગયાજીમાં ગરમીના કારણે ૨૨ થી ૨૬ મે સુધી ધોરણ ૫ સુધીની સ્કૂલો બંધ કરવામાં આવી છે. જ્યારે, રાજ્યના મધેપુરા અને સહારસામાં ગુરુવારે વરસાદ થયો, આ દરમિયાન વીજળી પડવાથી ૩ લોકોના મોત થયા.

મધ્ય પ્રદેશમાં આગામી ૧૦

અનુસંધાન પાના ૭ પર

# બકરી ઈદ પર ગાયની કુરબાની ઈસ્લામમાં અનિવાર્ય નથી : હાઈકોર્ટ

### બંગાળમાં પશુવધ નોટિસ પર રોક લગાવવાનો કલકત્તા હાઈકોર્ટનો ઈન્કાર



**નવી દિલ્હી, તા. ૨૨**

કલકત્તા હાઈકોર્ટે બકરીદ પહેલા પશ્ચિમ બંગાળ સરકારની પશુવધ સંબંધિત ગાઈડલાઈન પર રોક લગાવવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે

ગુરુવારે કહ્યું કે જરૂરી ફિટનેસ સર્ટિફિકેટ વિના ગાય, ભેંસ, બળદ કે વાછરડાનો વધ કરી શકાશે નહીં.

ચીફ જસ્ટિસ સુજય પોલ અને જસ્ટિસ પાર્થ સારથીની બેન્ચે કહ્યું કે ખુલ્લા સાર્વજનિક સ્થળોએ કોઈપણ પશુનો વધ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. કોર્ટે સુપ્રીમ કોર્ટના જૂના નિર્ણયનો હવાલો આપતા કહ્યું કે ઈદ-ઉલ-જુહામાં ગાયની કુરબાની ઈસ્લામનો અનિવાર્ય ભાગ નથી.

પૂર્વ તૃણમૂલ નેતા અને ધારાસભ્ય હુમાયુ કબીરે ગાઈડલાઈનનો વિરોધ કરતા ઈદ પર કોઈપણ ભોગે કુરબાનીની ધમકી આપી છે. આના પર ભાજપે કહ્યું કે કોઈપણ સંજોગોમાં ગેરકાયદેસર કતલખાના ચાલવા દેવામાં આવશે નહી.ખરેખર, ૧૩ મેના રોજ બંગાળ સરકારે ગૌહત્યા સંબંધિત ૧૯૫૦ના કાયદા અને ૨૦૧૮ના કલકત્તા હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કરીને એક નોટિસ બહાર પાડી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે 'ફિટનેસ સર્ટિફિકેટ' વિના કોઈપણ પશુ-ભેંસની હત્યા સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.બંગાળ સરકારે જણાવ્યું કે ફિટનેસ સર્ટિફિકેટ ફક્ત કોઈપણ નગરપાલિકાના અધ્યક્ષ, કોઈપણ પંચાયત સમિતિના પ્રમુખ અને એક સરકારી પશુચિકિત્સક સાથે મળીને જારી કરવામાં આવશે.આ સર્ટિફિકેટ ત્યારે જ જારી થશે જયારે અધિકારીઓ સહમત થાય કે પ્રાણી ૧૪ વર્ષથી વધુ ઉંમરનું છે, તે પ્રજનન માટે લાયક નથી અને વૃદ્ધ છે. ઈજાગ્રસ્ત અને અપંગ છે, અથવા અસાધ્ય રોગને કારણે અક્ષમ છે.

અનુસંધાન પાના ૭ પર

# ઈસરોના ચંદ્રયાન-ત્રણને અમેરિકાનો સર્વોચ્ચ એવોર્ડ

### વોશિંગ્ટનના સૌથી પ્રતિષ્ઠિત ગોડાર્ડ એસ્ટ્રોનોટિક્સ એવોર્ડ એનાયત કરાયો

**નવી દિલ્હી, તા. ૨૨**

ભારતના ઐતિહાસિક ચંદ્રયાન-૩ મીશનને વધુ એક આંતરરાષ્ટ્રીય ઉપલબ્ધિ હાંસલ થઈ છે. અમેરિકાના અંતરિક્ષ વિજ્ઞાનનું સર્વોચ્ચ સન્માન ભારતીય ઈસરોના આ મીશનને આપવામાં આવ્યું છે.

અમેરિકન ઈન્સ્ટીટયુટ ઓફ એરોનોટીક્સ એન્ડ એસ્ટ્રોનિક્સ દ્વારા ચંદ્રયાન-૩ મીશનને વર્ષ ૨૦૨૬નો સૌથી પ્રતિષ્ઠિત 'ગોડાર્ડ એસ્ટ્રોનિક્સ એવોર્ડ' આપવામાં આવ્યો હતો. વોશિંગ્ટનમાં યોજાયેલા જાજરમાન કાર્યક્રમમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.ભારતીય ઈસરો દ્વારા ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ચંદ્રયાન-૩ દ્વારા ઈતિહાસ રચવામાં આવ્યો હતો. ચંદ્રયાન-૩ને ચંદ્રમાના દક્ષિણી ધ્રુવ પાસે સફળતાપૂર્વક લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ સિદ્ધિ મેળવનાર ભારત દુનિયાનો પ્રથમ દેશ બન્યો હતો.આ ક્ષેત્રમાં અગાઉ કોઈપણ અંતરિક્ષ મીશન પહોંચી શક્યું નહતું.ભવિષ્યમાં ચંદ્ર પર માનવ વસવાટ સહિતના મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક મુદ્દા તેના દ્વારા પહોંચાડાયા હતા. ઉપરાંત આ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ રસાયણિક તત્વો મોજુદ હોવાની પણ પુષ્ટિ કરી હતી. ચંદ્રમાની સપાટી પર બાંધકામ તથા અન્ય ગતિવિધિ માટે મીશન મહત્વપૂર્ણ છે.

અનુસંધાન પાના ૭ પર

# આરોગ્ય મંત્રાલયનો મોટો નિર્ણય પ્રોગાબાલિનનો શેડયુલ એચ૧માં સમાવેશ

### કેમિકલ્સના દુરુપયોગ પર કડક કાર્યવાહી કરાશે

**નવી દિલ્હી, તા. ૨૨૨**

આરોગ્ય મંત્રાલયે શુક્રવારે જાહેરાત કરી હતી કે તેણે ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ના શેડ્યૂલ ૐ૧ હેઠળ પ્રેગાબાલિનનો સમાવેશ કરતી એક સૂચના જારી કરી છે. કેટલાક રાજ્યોમાંથી પ્રેગાબાલિનના દુરુપયોગ અને દુરુપયોગ અંગે મળેલા અહેવાલોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિયમોનું ઉલ્લંઘન અને પાલન ન કરવાથી ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ અને તેના હેઠળ બનાવેલા નિયમો હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ દવા ક્રોનિક પેઇન, ન્યુરોપથી, ફાઇબ્રોમીઆલ્ગીઆ અને ચોક્કસ ન્યુરોલોજીકલ પરિસ્થિતિઓની સારવાર માટે સૂચવવામાં આવે છે, પરંતુ તેની શામક, ઉત્સાહપૂર્ણ અને મનોવૈજ્ઞાનિક અસરોને કારણે તેનો દુરુપયોગ થઈ રહ્યો હોવાના અહેવાલ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ઉત્પાદકો, વિતરકો, જથ્થાબંધ વેપારીઓ, છૂટક વિક્રેતાઓ અને ફાર્માસિસ્ટ સહિત તમામ હિસ્સેદારોને આ સૂચનાની જોગવાઈઓનું કડક પાલન સુનિશ્ચિત કરવાની સલાહ આપવામાં આવે છે.દેશના કેટલાક ભાગોમાં ગેરકાયદેસર રીતે સંગ્રહિત અને અનધિકૃત પ્રેગાબાલિન વેચાઈ રહ્યા હોવાના તાજેતરના અહેવાલો પણ આવ્યા છે.ગેઝેટ ઓફ ઈન્ડિયા એક્સ્ટ્રાઓર્ડિનરીમાં પ્રકાશિત આ સૂચના બાદ, પ્રેગાબાલિન હવે હાલના શેડ્યૂલ ૐ ને બદલે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫ ની વધુ કડક શેડ્યૂલ H1 જોગવાઈઓ હેઠળ નિયંત્રિત કરવામાં આવશે.શેડ્યૂલ H1 હેઠળ પ્રિસ્ક્રિપ્શન લેબલ પર "ડ્રગ - સાવધાની" ચેતવણી જણાવે છે કે આ દવા ડૉક્ટરની સલાહ વિના લેવી જોખમી છે અને રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર (RMP) ના પ્રિસ્ક્રિપ્શન વિના છૂટક વેચાણમાં વેચી શકાતી નથી.

સુધારેલા વર્ગીકરણ મુજબ, પ્રેગાબાલિન ફક્ત રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર (RMP) દ્વારા જારી કરાયેલ માન્ય પ્રિસ્ક્રિપ્શનના આધારે જ વેચી શકાય છે.

# બ્રિટિશ રેડીયોએ ભૂલથી કિંગ ચાર્લ્સના મૃત્યુની ઘોષણા કરી

### ગંભીર ભૂલ અંગે રેડીયો કેરોલાઈને તુરંત માફી માંગી લીધી

**નવી દિલ્હી, તા. ૨૨**

બ્રિટનના રેડિયો સ્ટેશન 'રેડિયો કેરોલાઇન' એ ટેકનિકલ ખામીના કારણે ભૂલથી કિંગ ચાર્લ્સ III ના અવસાનની જાહેરાત કરી દીધી. બાદમાં સ્ટેશને પ્રસારણ ફરી શરૂ કરીને કિંગ અને શ્રોતાઓની માફી માંગી હતી.રેડિયો કેરોલાઇનના સ્ટેશન મેનેજર પીટર મૂરે સોશિયલ મીડિયા પર જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું કે, મુખ્ય સ્ટુડિયોમાં કોમ્પ્યુટર એરરના કારણે "ડેથ ઓફ અ મોનાર્ક" (રાજાના અવસાનની) પ્રક્રિયા ભૂલથી એક્ટિવેટ થઈ ગઈ હતી. તેમણે ઉમેર્યું કે, આ પ્રક્રિયા બ્રિટનના તમામ રેડિયો સ્ટેશનોમાં કટોકટીની સ્થિતિ (ઇમરજન્સી) માટે તૈયાર રાખવામાં આવે છે.આ ખોટી જાહેરાત બાદ રેડિયો સ્ટેશન થોડા સમય માટે બંધ થઈ ગયું હતું. આનાથી જ ટીમને ટેકનિકલ ખામીની ખબર પડી, જેના પછી સામાન્ય પ્રસારણ ફરી શરૂ કરવામાં આવ્યું અને ઓન-એર માફી માંગવામાં આવી.પીટર મૂરે કહ્યું, "અમે કિંગ અને અમારા શ્રોતાઓની થયેલી અગવડતા બદલ માફી માંગીએ છીએ."

અનુસંધાન પાના ૭ પર

# હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પાસે ઈરાન ટોલ વસુલ કરશે

### ઈરાની ઓમાન સાથે પેમેન્ટ સિસ્ટમ પર વાતચીત

**નવી દિલ્હી, તા. ૨૨**

ઈરાન અને ઓમાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ફી વસૂલવાની સિસ્ટમ અંગે વાતચીત કરી રહ્યા છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, ઈરાનની નવી રચાયેલી પર્શિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી (PGSA) એ જણાવ્યું કે તેણે હોર્મુઝ સ્ટ્રેટના 'મેનેજમેન્ટ સુપરવિઝન એરિયા'ની સીમા નક્કી કરી દીધી છે. ઓથોરિટી અનુસાર, અહીંથી પસાર થવા માટે પરમિટ જરૂરી રહેશે.ફેબ્રુઆરીમાં અમેરિકી અને ઈઝરાયલી હુમલાઓ પછી ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં કોમર્શિયલ ટ્રાફિક લગભગ રોકી દીધો હતો. તેનાથી આંતરરાષ્ટ્રીય શિપિંગ પ્રભાવિત થયું અને ઊર્જા કિંમતોમાં તેજી આવી. આ પછી ઈરાની અધિકારીઓએ આ જળમાર્ગથી આવક એકત્ર કરવાના વિકલ્પો પર ચર્ચા શરૂ કરી.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્ર[illegible] કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને અહીં કોઈ પણ પ્રકારનો ટોલ ન હોવો જોઈએ. વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ તેનો વિરોધ કર્યો.દુનિયાના લગભગ ૨૦% દરિયાઈ ઓઈલ અને કુદરતી ગેસનો પુરવઠો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. આવા સંજોગોમાં, અહીં કોઈપણ પ્રકારના શુલ્ક કે પ્રતિબંધની અસર વૈશ્વિક ઊર્જા બજાર અને શિપિંગ પર પડી શકે છે.રિપોર્ટ અનુસાર, ઈરાન સીધો ટોલ લગાવવાને બદલે સર્વિસ ફી મોડેલ પર કામ કરી રહ્યું છે. તેમાં જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ફી, પર્યાવરણ શુલ્ક અને અન્ય સેવાઓના નામે રકમ લઈ શકાય છે.

બે ઈરાની અધિકારીઓ અનુસાર, ઓમાન હવે આ પ્રસ્તાવમાં સંભવિત આર્થિક ફાયદાઓ જોતા ભાગીદારી પર ચર્ચા કરી રહ્યું છે. ઓમાન ખાડી દેશો અને અમેરિકા સાથે આ યોજનાને આગળ વધારવાનો પ્રયાસ કરી શકે છે.

ઈરાને લેબનોન માટે નિયુક્ત પોતાના રાજદૂત મોહમ્મદ રઝા શૈબાની પર અમેરિકી પ્રતિબંધોની સખત નિંદા કરી છે. અમેરિકાએ શૈબાની સહિત ૯

અનુસંધાન પાના ૭ પર



# લોકશાહીનો રાજા બનવું એ મોટી જવાબદારીનું કામ છે :મૂળદાસ બાપુ

## કુરુક્ષેત્ર ભૂમિ પર પંચનિષ્ઠાના રાજાની કથા અનોખી રહી

સુરત, તા.૨૨

શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટ દ્વારા પવિત્ર અધિક માસના પાંચમા દિવસે રામમઢી આશ્રમના સંત શ્રી મૂળદાસ બાપુ ના સાનિધ્યમાં સંત શ્રી હંસ મુનિબાપુ દ્વારા પંચ નિષ્ઠાના રાજાઓની કથાઓ પૈકી લોકશાહી ના રાજા ઉપર કથા કરી હતી, જેમાં તેઓએ આઝાદીકાળથી લોકશાહી માટે પોતાના જીવનનું બલિદાન આપનાર વીર ભગતસિંહ ચંદ્રશેખર આઝાદ,સુખદેવરાજ, સુભાષચંદ્ર બોઝ વિગેરે શહીદોને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી સાચા લોકશાહીના રાજા તરીકે તેમની ઓળખ આપી હતી .

લોકશાહી એટલે લોકોના દિલમાં રાજ કરી લોકો માટે ,લોકોના કામો કરી મત મેળવી સત્તા પ્રાપ્ત કરવી એટલે લોકશાહી પરંતુ જો લોકોના દિલમાં પોતાનું સ્થાન ન હોય તો તેવા કોઈ રાજા લોકશાહીના રાજા રહી શકતા નથી વિશ્વની સૌથી મોટી લોકશાહી એટલે ભારત જ્યારે લોકશાહીનો રાજા લોકોનાથી વિમુખ થાય ત્યારે મોટા આંદોલનો થકી આ લોક શાહીના રાજાને તેની સત્તાથી વિમુખ થવું પડે છે. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનના ઝોનલ ચીફ અને ડેપ્યુટી કમિશ્નર શ્રી મહેશભાઈ ચાવડા તથા પૂર્વ ડેપ્યુટી કમિશનર શ્રી સી.વાય .ભટ્ટ, સાહિત્યકાર શ્રી પ્રસન્નભાઈ ઉપસ્થિત રહ્યા હતા તેમણે તેમના વ્યક્તવ્યમાં સ્મશાન ભૂમિ પર અધિક માસમાં ત્રિવેણી સંગમ સમાન આ કથાઓના આયોજન બદલ કમલેશભાઈ ને અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. પંચ નિષ્ઠાની કથાના આજના સમાપન પ્રસંગે મોટી સંખ્યામાં બહેનોએ સમાપન આરતી કરી નારી શક્તિનું દિવ્ય દર્શન કરાવ્યું હતું.

# યુપીએલ યુનિવર્સિટી દ્વારા ગુગલ ક્લાઉડ સાથે ભાગીદારી

## વિદ્યાર્થીઓ-શિક્ષકોને મળશે અદ્યતન GenAI અને ક્લાઉડ ટ્રેનિંગ

સુરત, તા.૨૨

ગુજરાતની અગ્રણી અને ઉદ્યોગ-લક્ષી શિક્ષણ આપતી સંસ્થા યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી (UPL University) દ્વારા શિક્ષણ પદ્ધતિને વધુ આધુનિક અને AI-સક્ષમ બનાવવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. યુનિવર્સિટીએ વૈશ્વિક ટેક કંપની ગૂગલ ક્લાઉડ (Google Cloud) ના સહયોગથી તેના કેમ્પસ પર 'ડિજિટલ કેમ્પસ ઓન ગૂગલ ક્લાઉડ ૩.૦' (Digital Campus on Google Cloud ૩.૦) પ્રોગ્રામ સત્તાવાર રીતે લાગુ કર્યો છે. આ ડિજિટલ ક્રાંતિ હેઠળ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને અદ્યતન જનરેટિવ એઆઈ (Generative AI) ટૂલ્સ, ગૂગલ વર્કસ્પેસ પ્લસ અને ક્લાઉડ કોમ્પ્યુટિંગ ટેક્નોલોજીનું સીધું એક્સપોઝર મળશે.આ ભાગીદારીનો મુખ્ય

અનુસંધાન પાના ૭ પર

# માનવતાનો જીવંત દીવો એટલે સેવા સંગઠન, ભેસાણિયા પરિવાર માટે બન્યો સંવેદનાનો સ્પર્શ

## પી.પી. સવાણી ટ્રસ્ટ પ્રેરિત સંગઠને પારિવારિક ફરજ નિભાવી : મહેશભાઇ સવાણીના માર્ગદર્શન હેઠળ માસિક સહાય અને શિક્ષણની સંપૂર્ણ જવાબદારી સ્વીકારાઇ




સુરત, તા.૨૨

સુરત, તા. ૧૮ જીવનની કપરી અને આઘાત જનક ક્ષણોમાં જ્યારે શબ્દો ખૂટી પડે છે, ત્યારે સંવેદનાનો એક નાનકડો હાથ પણ ડૂબતા પરિવાર માટે મોટો આશરો બની જતો હોય છે. પી.પી. સવાણી પશ્રિમક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત 'સેવા સંગઠન' પરિવારના સક્રિય સભ્ય સ્વ. રાજેશભાઇ ભેસાણીયાના અચાનક વિદાયથી સમગ્ર સંગઠન ઘેરા શોકની લાગણીમાં ડૂબી ગયું હતું. જો કે, આ કટોકટીના સમયે સંગઠન માત્ર શોક વ્યક્ત કરીને બેસી રહ્યું નથી, પરંતુ સાચા અર્થમાં એક વડીલની ભૂમિકા ભજવતા આગળ આવ્યું છે. સ્વ. રાજેશભાઈના પરિવારને આર્થિક મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે અને તેમનું જીવન આત્મગૌરવ સાથે વીતે તે માટે સંગઠન દ્વારા દર મહિને રૂપિયા ૧૦ હજારની આર્થિક સહાય શરૂ કરવામાં આવી છે. આ સહાય પાછળ કેવળ આર્થિક મદદ નહીં પણ આત્મીયતાનો સ્નેહભર્યો સ્પર્શ પણ છે.પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા બાળકોનું ભવિષ્ય ધૂંધળું ન બને અને શિક્ષણ અધૂરું ન રહે તે માટે સેવા સંગઠન પરિવારે તેમના ભણતરની સંપૂર્ણ જવાબદારી પોતાના ખભે ઉપાડી લીધી છે. બાળકોની સ્કૂલ ફી સહિતની તમામ શૈક્ષણિક સહાય પૂરી પાડીને સંસ્થાએ તેમના ઉજ્જવળ ભવિષ્ય તરફ મજબૂત કદમ માંડ્યું છે. આ સમગ્ર ભગીરથ અને માનવતાવાદી સેવા કાર્ય મહેશભાઈ સવાણીના સીધા માર્ગદર્શન હેઠળ આગળ વધી રહ્યું છે, જે સમાજ માટે પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ છે. 'આવો બનાવીએ એક પરીવાર સેવા સંગઠન'ના સૂત્ર સાથે કામ કરતી સંસ્થાનો સંપર્ક ૯૯૨૪૪ ૨૭૨૪૪ પર કરી શકાય છે. સંસ્થાની આ સંવેદનશીલતાને સમાજના દરેક વર્ગ તરફથી ભારે બિરદાવવામાં આવી રહી છે.

# સ્કાઉટ ગાઈડ સર્ટીફીકેટમા વડોદરાની પ્રિયંકા પુરાહિતને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો



સુરત, તા.૨૨

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા) ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ અંતર્ગત સર્વોચ્ચ એવો રાષ્ટ્રપતિ ગાઈડ્સ પુરસ્કાર વડોદરા શહેરની વિદ્યાર્થીની કુ. પ્રિયંકા મહેન્દ્રકુમાર પુરોહિતને પ્રાપ્ત થયો. આ પુરસ્કાર પ્રિયંકાને રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુ દ્વારા એનાયત થયો. પ્રિયંકા પુરોહિતે સાત વર્ષની ઉંમરેથી સ્કાઉટ પ્રવૃત્તિ શરું કરી હતી.તેઓ દર વર્ષે એક-એક પરીક્ષાઓ અને કેમ્પમાં ઉત્તીર્ણ થતાં તેને ધોરણ ૯માં રાજ્યપાલ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. કુ.પ્રિયંકાને તાજેતરનો આ પુરસ્કાર સને ૨૦૨૦ માં જાહેર થયેલો પણ અર્પણ ૨૦૨૬ માં થયો.હાલ તેઓ રાજકિય વિજ્ઞાનમાં અનુસ્નાતક થઈ વિવિધ કારકિર્દી વિષયક પરિક્ષાની તૈયારી કરી રહ્યા છે.તેમના માતા -પિતા સુશ્રી અલ્પાબેન મહેન્દ્રકુમારનો ઉત્સાહ વર્ધક સહયોગ આ સિદ્ધિ માટે મહત્વનો રહ્યો છે.



# સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારમાં અધિકમાસ નિમિત્તે ભક્તિ ભજન

સુરત, તા.૨૨

સ વ ના પરિવારમાં પુરુષોત્તમ માસના ધાર્મિક પર્વ નિમિત્તે ગાયકી માં અનુભવી સભ્યો દ્વારા ભક્તિમય ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ શ્રી નિરંજનભાઈ પારેખે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા. ગાયકી માં અનુભવી એવા પંદરથી વધુ સભ્યોએ ખંજરી, મંજીરા, ઢોલક અને તાળીઓના તાલે સામુહિક ભક્તિ ભજન ગીતો રજૂ કરી ઉપસ્થિત સભ્યોને મંત્રમુગ્ધ કર્યા હતા. ભજનના તાલે સભ્યો જુમ્યા પણ હતા. મંચ પરથી ભક્તિ ગીતો રજૂ કરનાર સભ્યોને દાતા શ્રી તરફથી કીમતી ભેટ દરેકને અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ની શરૂઆતમાં શંખ ધ્વનિ અને સંપૂર્ણ કાર્યક્રમ ની ફોટોગ્રાફી ભરતભાઈ શાહ એ કરી સંચાલન મંત્રી વર્ષાબેન ચોખાવાલાએ, પ્રાર્થના નીરૂબેન શાહ એ કરી,હવા પાણી અને ખોરાકના બગાડ ન કરવા માટે પંકજભાઈ માંજરાવાળા એ પ્રતિજ્ઞા લેવડાવી અને અંતે આભાર વિધિ શીલાબેન ભૂતવાળા એ કરી સભાનું સમાપન જાહેર કર્યું.

# પશ્ચિમ રેલ્વે મુસાફરો માટે મહત્વપૂર્ણ ટ્રેન સેવા અંગે અપડેટસ જાહેર કરાયા

## બાંદ્રા ટર્મિનસ-અજમેર અને જબલપુર સ્પેશિયલ ટ્રેનોને નિયમિત કરવામાં આવશે

સુરત, તા.૨૨

મુસાફરોની સુવિધા અને તેમની મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વે હાલમાં બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે તેમજ બાંદ્રા ટર્મિનસ અને જબલપુર વચ્ચે દોડતી સ્પેશિયલ ટ્રેનોને નિયમિત કરી રહી છે. વધુમાં, દાદર અને પ્રયાગરાજ વચ્ચે સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન શરૂ કરવામાં આવશે. વધુમાં, મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર અને મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ વચ્ચે હાલમાં ચાલતી સ્પેશિયલ ટ્રેનોના દોડને પણ લંબાવવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર ટ્રેન નં. ૧૯૬૨૬ બાંદ્રા ટર્મિનસ - અજમેર સાપ્તાહિક એક્સપ્રેસ દર સોમવારે બાંદ્રા ટર્મિનસથી ૦૮:૩૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૯:૧૦ વાગ્યે અજમેર પહોંચશે. આ ટ્રેન ૨૫ મે, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૯૬૨૫ અજમેર - બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ દર રવિવારે અજમેરથી ૦૬:૩૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૪:૨૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૪ મે, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે દોડશે. આ ટ્રેન બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, વિક્રમગઢ આલોટ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, જયપુર અને કિશનગઢ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, એસી ૩-ટાયર (ઈકોનોમી), સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે. ટ્રેન નંબર ૨૦૯૯૬ બાંદ્રા ટર્મિનસ - અજમેર વીકલી એક્સપ્રેસ દર રવિવારે બાંદ્રા ટર્મિનસથી ૨:૪૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૮:૧૫ વાગ્યે અજમેર પહોંચશે. આ ટ્રેન ૨૪ મે, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે કાર્યરત થશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૨૦૯૯૫ અજમેર - બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ દર શનિવારે અજમેરથી ૫:૫૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૨:૧૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૩ મે, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે કાર્યરત થશે. આ ટ્રેન બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, જાઓરા, મંદસૌર, નીમુચ, ચિત્તોડગઢ, ભીલવાડા, વિજયનગર અને

અનુસંધાન પાના ૭ પર

# પીપલોદ શીટ નં.૦૮ના રેકર્ડનું જમીન મહેસુલ પ્રમોલગેશન

સુરત, તા.૨૨

સુરત શહેરના પીપલોદ(તા.ઉમરા)માં સિટી સર્વે દાખલ કરવા માટે મળેલી મંજૂરી અનુસાર સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ-૪ની કચેરીના શીટ નં.૦૮ના ચા.નં. ૦૧નું રેકર્ડ તૈયાર કરીને તા.૦૯/૦૬/૨૦૨૬ના રોજ ગુજરાત જમીન મહેસુલ નિયમો મુજબ પ્રમાણિત કરવામાં આવનાર છે. તૈયાર થયેલા મજુરાના રેકર્ડને સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ-૪ની કચેરીમાં ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેથી આ પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ, નકશા સામે જો કોઈને વાંધો હોય તો તા.૦૯/૦૬/૨૦૨૬ સુધીમાં સુપ્રિટેન્ડન્ટ-૪ની કચેરી, એ-બ્લોક, આઠમો માળ,બહુમાળી મકાન,નાનપુરા ખાતે લેખિતમાં રજૂ કરવા નાયબ નિયામક, જમીન દફતર-સુરતની યાદીમાં જણાવાયું છે.

# વસ્તી ગણતરીના નામે થતી છેતરપીંડીથી સાવધાન

## ગુજરાત પોલીસની જાહેર જનતાને અપીલ

સુરત, તા.૨૨

આજના ડિજિટલ યુગમાં સાયબર ગુનેગારો અવનવી ટેકનીક દ્વારા લોકોને છેતરી રહ્યા છે. ત્યારે તાજેતરમાં ગુજરાત સહિત દેશના મોટાં ભાગના રાજ્યોમાં ડિજીટલ વસ્તી ગણતરીની શરૂઆત થતાં હવે ડિજિટલ ફ્રોડનું એક નવું રૂપ જોવા મળ્યું છે. વસ્તી ગણતરી(સેન્સસ)ના બહાને નાગરિકોને શિકાર બનાવવાનું એક મોટું સાયબર કૌભાંડ સામે આવ્યું છે. સાયબર માફિયાઓ દ્વારા આચરવામાં આવતી આ છેતરપિંડીથી રાજ્યના નાગરિકો સુરક્ષિત રહે તે હેતુથી ગુજરાત પોલીસ દ્વારા એક મહત્વની એડવાઈઝરી જાહેર કરીને લોકોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે. કપટી તત્વોથી સાવધાન રહેવા અને સહેજ પણ બેદરકારી ન દાખવવા પોલીસ તંત્ર દ્વારા ખાસ અનુરોધ કરાયો છે.

### વસ્તી ગણતરીનાં નામે છેતરપિંડીની નવી તરકીબો

● વસ્તી ગણતરીની પ્રક્રિયાનાં ભાગરૂપે અજાણ્યા નંબરો પરથી નાગરિકોને અંગત વિગતો અપડેટ કરવા આવતા ફોન, મેસેજ કે વોટ્સએપ

● નકલી લિંક કે અજાણી એપ્લિકેશન (APK ફાઈલ) ડાઉનલોડ કરવા માટે થતો આગ્રહ

આ બાબતે ગુજરાત પોલીસે પોલીસે ચેતવણી આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ નાગરિક આવી નકલી લિંક ઓપન કરે છે કે અજાણી એપીકે(APK) ફાઈલ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરે છે, તો તેનાથી તેમનો આખો ફોન હેક થઈ શકે છે. ફોન હેક થતાં જ સાયબર ગુનેગારો બેંકિંગ વિગતો ચોરીને ગણતરીની મિનિટોમાં જ નાગરિકોનું આખું બેંક ખાતું સાફ કરી શકે છે અને મોટું આર્થિક નુકસાન પહોંચાડી શકે છે.

કેન્દ્ર કે રાજ્ય સરકાર ક્યારેય પણ વસ્તી ગણતરીના કામકાજ માટે ફોન પર કોઈ ઓટીપી(OTP), બેંક ખાતાની વિગતો કે આધાર કાર્ડની ગુપ્ત માહિતી માંગતી નથી તેની નાગરિકોને ખાસ નોંધ લેવા અને સજાગ રહેવા ગુજરાત પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે. 'જાગૃત બનો, સુરક્ષિત રહો'ના સૂત્ર સાથે પોલીસે તમામ નાગરિકોને આ સાયબર ફ્રોડથી બચવા અને અન્યોને પણ જાગૃત કરવા આહવાન કર્યું છે.

# આઈટીઆઈ-કામરેજના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ ઉપલબ્ધ

## તા.૨૩ જુન સુધી ઓનલાઈન અરજી કરવી

સુરત, તા.૨૨

ઔદ્યોગિક તાલીમ સંસ્થા(ITI)-કામરેજ ખાતે ઓગષ્ટ-૨૦૨૬ના પ્રવેશસત્રમાં (૧)વેલ્ડર (૨)વાયરમેન (૩)મિકેનીક ડીઝલ (૪)કોપા (૫) ફીટર (૬)હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર સહિતના વિવિધ ટ્રેડમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ધો. ૦૮ કે તેથી વધુ પાસ ઉમેદવારોએ ITI કામરેજ ખાતે તા.૨૩-૦૬-૨૦૨૬ સુધીમાં સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક દરમ્યાન ઓન લાઈન ફોર્મ ભરવા સંપર્ક કરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા(ITI) કામરેજના આચાર્યશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ૧૮૧ મહિલા હેલ્પલાઇને મહિલા, બાળકને સુરક્ષિત આશ્રય અપાવ્યો

## પારિવારિક વિવાદથી પ્રભાવિત મહિલાને કાઉન્સેલિંગ, માર્ગદર્શન અને સુરક્ષા સહાય પૂરી પાડવામાં આવી

સુરત, તા.૨૨

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર એક જાગૃત નાગરિકે સહાયની ભાવનાથી સંપર્ક કર્યો હતો. કોલ દરમિયાન જણાવ્યું હતું કે, એક મહિલા પોતાના બાળક સાથે મુશ્કેલ પરિસ્થિતિમાં છે અને તેમને મદદની જરૂર છે.

માહિતી મળતા જ કતારગામ ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સ્થળ પર પહોંચી ટીમ દ્વારા મહિલાની સાથે વાતચીત દરમિયાન મહિલાએ પારિવારિક મતભેદને કારણે ઘર છોડીને નીકળ્યાનું હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, પતિના વ્યસન અને ઘરેલુ પરિસ્થિતિને કારણે તેઓ માનસિક રીતે પરેશાન હતા તેમજ હાલ ઘરે પરત જવાની ઈચ્છા વ્યક્ત કરી નહોતી. તેમણે સુરક્ષિત જગ્યાએ રહેવાની જરૂરિયાત જણાવી હતી.

૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા મહિલાને જરૂરી કાઉન્સેલિંગ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ સહાય સેવાઓ અને આશ્રય ગૃહ અંગે માહિતી આપી હતી. મહિલાની અને તેમના બાળકની સુરક્ષા તથા હિતને ધ્યાનમાં રાખીને બંનેને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો હતો.

સાથે સાથે મહિલાને ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા આપવામાં આવતી વિવિધ સહાય સેવાઓ અંગે પણ માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલાઓને તાત્કાલિક સહાય, માર્ગદર્શન અને સુરક્ષા પૂરી પાડવા માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે



**દર વર્ષે ૨૧મી મેનાં રોજ 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' ઉજવવામાં આવે છે. જેનો મૂળભૂત હેતુ ચાનાં ઉત્પાદન, વપરાશ અને વેપારનું આર્થિક-સામાજિક મહત્વ લોકો સુધી પહોંચાડવાનો છે. વિકાસશીલ દેશોમાં ચા ઉદ્યોગ લાખો પરિવારોની આજીવિકાનું પણ સાધન છે. બીજીતરફ ચા એટલે માત્ર પીણું નહીં, તે એક લાગણી છે, સંબંધ છે, સંસ્કૃતિ છે. નગર કે શહેરમાંની ચાની લારી કે દુકાન દુનિયાભરની નવાજૂની પર બેફિકર સમીક્ષા કરવાનું અનોખુ કેન્દ્ર છે. એક કપ ચાની ચૂસ્કીમાં હજાર વાતોની ચર્ચામાં વ્યસ્ત કેટલાંક વ્યક્તિઓ ઓલપાડ સુરત રોડ ખાતે કેમેરાની નજરે ચડ્યાં જે તસવીરમાં માલૂમ પડે છે.**

# દલીલોથી દાવો જીતી શકાય, દિલ નહીં : યશોવર્મસુરીજી

## માંગલિક નવકાસ જાપમાં સેંકડો સાધકો જોડાયા

અંકલેશ્વર, તા.૨૨

પૈસાથી ખરીદી શકાતી ચીજ મૂલ્યવાન હોઈ શકે, અમૂલ્ય નહી. અમૂલ્ય ક્યારેય વેચાણીયું નથી હોતું. ઘણાના મનમાં એવો ફાંકો હોય છે, 'પૈસો છે તો બધું છે, ને બધા છે'. પણ એ લોકોએ એકવાર સિકંદરની ને શાહજહાની સ્ટોરી વાંચી લેવી. વધુમાં પૈસાથી ભૌતિક વસ્તુઓને ભાડૂતી માણસો મળી જશે પણ... પોતાનું કહી શકાય એવું કોઈ નહી. એટલે જ પૈસો ઓછો વધતો થતા એ જમાત આખી આઘી પાછી થઈ જતી હોય છે. આત્મીયતા - લાગણી - સ્નેહ - પ્રેમ આ બધું પૈસાથી કોઈને મળ્યું નથી. ને કોઈને મળશેય નહિ. એ બધું અમૂલ્ય છે. એ તોજ મળે તમે અમૂલ્ય આપો. અને તે છે, તમારું દિલ... દિલ માત્ર દિલથી જ મળે છે... દોલતથી ખરીદી શકાય



નહી, ને દલીલથી દાવો કરીને દિલ જીતાય નહી. અંકલેશ્વર પધારેલા લાખો જૈનોના શ્રદ્ધા કેન્દ્ર ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ગુરુદેવ શ્રીમદ વિજય યશોવર્મસુરીશ્વરજી મહારાજા વિદ્વદ્વર્ય આચાર્ય ભાગ્યયશસૂરીજી મહારાજ સાહેબ આચાર્ય હીંકારયશસુરીજી મહારાજ ની નિશ્રામાં આજે યોજાયેલ કાર્યક્રમમાં અંકલેશ્વર ને આજુબાજુથી જંગી જનમેદની ઉમટી હતી. વિરાટ મંડપ ઉભરાઈ ગયો ને રોડ જામ થઈ ગયા હતા. ગાડી બસોની લાઈન લાગી હતી. આજે માત્ર પુષ્યનક્ષત્ર જ નહી પણ, ગુરુપુષ્યામૃત સિદ્ધિયોગ અધિક માસનો શ્રેષ્ઠ શુભગ સંગમ થતા, ભાવિકો ગુરુદેવશ્રી ના આશીર્વાદ લેવા ને દર મહિને થતા પુષ્ય માંગલિક નવકાર જાપમાં જોડાવા, રાધેપાર્ક સોસાયટીમાં સંભવલબ્ધિમાં રીન્કુપરેશ ના નૂતન બંગલે - ગૃહાંગણે પગલાં સાથે થયેલા જાપમાં ચારે તરફથી સાધકો પણ પધાર્યા હતા.

# ગરમીમાં પણ સ્ટાઇલ ને કમ્ફર્ટનું સંતુલન



મુંબઈના ગરમ અને ભેજવાળા વાતાવરણમાં ઑફિસ જવું એટલે માત્ર કામની જવાબદારી નહીં, પણ કપડાંની પસંદગીમાં પણ ચાલાકીની જરૂર પડે છે. મે-જૂનની ગરમીમાં સ્ટાઈલિશ દેખાવા સાથે સાથે આરામ અને વ્યવસાયિકતા જાળવવી એ પડકાર છે. આજે અમે તમારા માટે લાવ્યા છીએ સમર સિઝનમાં કઈ ટાઈપનાં ઑફિસ વેર પહેરી શકો જે તમને ગરમીમાં પણ કૂલ, કૉન્ફિડન્ટ અને કમ્ફર્ટેબલ લુક આપશે. ઉનાળામાં પહેરવાં માટે કૉટન ટ્રાઉઝર, કોર્ડ સેટ, કફ્તાન અને ડ્રેસ એ એક બેસ્ટ ઑપ્શન છે.

ફેબ્રિક પસંદગી સૌથી મહત્ત્વનું પાસું

ઉનાળામાં ઑફિસમાં શું પહેરવું એ એક મોટી ચૅલેન્જ હોય છે. ઑફિસ વેર સૉફિસ્ટિકેટેડ, ડિસન્ટ અને કમ્ફર્ટેબલ પણ હોવાં જોઈએ. ખાસ કરીને કૉટન અને લિનનનાં કપડાં પહેરી શકાય. સિન્થેટિક અને પોલિએસ્ટરવાળા કપડાં ટાળવા જોઈએ, કારણ કે તેમાં ગરમી અને પરસેવો વધારે થાય છે. ઉનાળામાં ખાસ કરીને કૉટન , લિનન, ક્રેપ કે મોડલ સિલ્કના ડ્રેસ પહેરી શકાય. આ ફેબ્રિકમાં ઉનાળામાં ગરમી થતી નથી અને શાઈન પણ આપે છે.

ટ્રાઉઝર- ઑફિસમાં ખાસ કરીને યુવતીઓ ટ્રાઉઝર પહેરે છે. સિન્થેટિક ટ્રાઉઝર પહેરવાને બદલે તમે કૉટનના ટ્રાઉઝર પહેરી શકો. કૉટન ટ્રાઉઝર ઘણા અલગ અલગ ફીટના આવે છે. તમે તમારી બૉડી ટાઈપ અને હાઈટને આધારે ટ્રાઉઝરના ફીટની પસંદગી કરી શકો. જેમ કે જો તમારી હાઈટ સારી હોય તો તમે બૂટ કટ ટ્રાઉઝર પહેરી શકો તેમ જ એન્કલ લેન્થનું ટ્રાઉઝર પણ પહેરી શકાય. જો તમારું શરીર ભરેલું હોય તો, ફિટિંગવાળા ટ્રાઉઝર પહેરી શકાય. અને જો તમારું શરીર સુડોળ હોય તો તમે બ્રૉડ બૉટમવાળા ટ્રાઉઝર પણ પહેરી શકો.

આ ટ્રાઉઝર સાથે કૉટનના કે લિનનના શર્ટ સારા લાગશે. જે શર્ટને તમે ઈન્ટક કરી શકો. આ શર્ટની પૅટર્ન એવી હોય છે કે તમે તેને ઈન્ટક નહિ કરો તો પણ સારા લાગશે. આ શર્ટની નેક લાઈનમાં વેરિએશન જોવા મળે છે જેમ કે, ચાઈનીસ કૉલર અને ઓપન નેક લાઈન. જેમનું શરીર ભરેલું હોય તેઓએ ખાસ કરીને ચાઈનીઝ કૉલર પહેરવા ટાળવા, તેની બદલે તમે ઓપન નેકલાઈનવાળા ટૉપ્સ કે શર્ટ પહેરી શકો.

કોર્ડ સેટ

ઉનાળામાં કોર્ડ સેટ એ એક આશીર્વાદ છે. કોર્ડ સેટ પહેર્યા પછી સિમ્પલ છતાં સ્ટાઈલાઈઝ્ડ લાગે છે. તમે તમારી પર્સનલ ચૉઈસ પ્રમાણે પ્લેન અથવા પ્રિન્ટેડ કોર્ડસેટની પસંદગી કરી શકો. પ્લેન કોર્ડ પહેર્યા પછી એક સૉલિડ લુક આપે છે. આ લુકને તમે સ્કાર્ફ અથવા એક્સેસરીઝથી હાઈલાઈટ કરી શકો. લિનનના પ્લેન કોર્ડ સેટ એક આગવી છાપ ઊભી કરશે.


કૉટનના પ્રિન્ટેડ કોર્ડ સેટની પ્રિન્ટ જોઈને લેવી કે જે ઑફિસમાં સારી લાગી શકે. ઑફિસ માટે ફ્લોરલ પ્રિન્ટ કરતાં જોમેટ્રિક પ્રિન્ટ પહેરી શકાય. જો તમારે ફ્લોરલ પ્રિન્ટ જ પહેરવી હોય તો ઝીણી પ્રિન્ટ પહેરી શકાય. વધારે પડતી બોલ્ડ ફ્લોરલ પ્રિન્ટ ઑફિસમાં સારી નહીં લાગે. પેસ્ટલ શેડના લિનનના કોર્ડ સેટ એક સ્માર્ટ લુક આપશે. પ્લેન કોર્ડ સેટને તમે એક્સેસરીઝથી હાઈલાઈટ કરી શકો જેમકે, સ્ટેટમેન્ટ ઈયરિંગ કે નેક

પીસ.કફતાન

ઑફિસમાં રેગ્યુલર કૉટનની કુર્તી પહેરવા કરતાં કફ્તાન પહેરી શકાય. કફ્તાન ફિટિંગમાં હોવા છતાં તેની સ્ટાઈલને કારણે કમ્ફર્ટેબલ લાગે છે. કફ્તાનની લેન્થ કઈ ટાઈપની બૉટમ પહેરવાનો છો તેમ જ તમારી બૉડી ટાઈપ અને હાઈટ અનુસાર સિલેક્ટ કરી શકો. કફ્તાન પણ અલગ અલગ ફેબ્રિકમાં આવે છે.

ઉનાળામાં કૉટનના કફ્તાન કરતાં ક્રેપ કે મોડલ સિલ્કના કફ્તાન પહેરી શકાય. આ ફેબ્રિકથી થોડી શાઈન પણ આવશે અને ચોળાતું પણ નથી. કફ્તાન સાથે તમે નેરો પૅન્ટ કે પછી બ્રૉડ પૅન્ટ પણ પહેરી શકો. તે તમારી પર્સનલ ચૉઈસ પર આધાર રાખે છે. કફ્તાનની સ્ટાઈલ અને ફેબ્રિકના હિસાબે તેમાં ગરમી થતી નથી. કફ્તાન બધી જ વયની યુવતીઓ અને મહિલાઓ પર સારા લાગે છે.

ડ્રેસ- ઉનાળામાં ડ્રેસ પહેરવાની મજા જ અલગ હોય છે. તમારી ઑફિસ મુજબ તમે ડ્રેસની પસંદગી કરી શકો. જેમ કે જો તમે કૉર્પોરેટ કંપનીમાં કામ કરતા હોવ તો લિનનના ડ્રેસ પહેરવા. લિનન એ એક એવું ફેબ્રિક છે જે ચોળાય જાય તો પણ ખરાબ નથી લાગતું. ડ્રેસની લેન્થ તમારી ઑફિસના માહોલ અનુરૂપ તેમ જ તમારી બૉડી ટાઈપ અનુસાર કરવી. વધારે પડતા પૅટર્નવાળા ડ્રેસ પહેરવા ટાળવા, તેની બદલે સિમ્પલ અને સ્ટાઈલાઈઝ્ડ ડ્રેસ પહેરવા. એ લાઈન અને સ્ટ્રેટ ડ્રેસ ઑફિસમાં ખૂબ જ સૉફિસ્ટિકેટેડ લુક આપે છે. આ ડ્રેસને થોડો વધારે સ્ટાઈલાઈઝ્ડ લુક આપવા માટે તમે ડ્રેસ પર ઓપન જૅકેટ પણ પહેરી શકો.



**ઉનાળામાં કોટનના કફ્તાન કરતાં ક્રેપ કે મોડલ સિલ્કના કફ્તાન પહેરી શકાય. આ ફેબ્રિકથી થોડી શાઇન પણ આવશે અને ચોળાતું પણ નથી. કફ્તાન સાથે તમે નેરો પેન્ટ કે પછી બ્રોડ પેન્ટ પણ પહેરી શકો. તે તમારી પર્સનલ ચોઇસ પર આધાર રાખે છે. કફ્તાનની સ્ટાઇલ અને ફેબ્રિકના હિસાબે તેમાં ગરમી થતી નથી.**









# માય સમર ફ્રેન્ડ્સ

ગરમીની મોસમ આવે એટલે સ્ટાઈલ અને કમ્ફર્ટ બંને વચ્ચે સંતુલન રાખવું ખૂબ જ જરૂરી બની જાય છે. તાપમાન વધી જાય ત્યારે ફક્ત કપડાં નહીં, પણ યોગ્ય એક્સેસરીઝ પણ આપણને સૂર્યની તીવ્ર ગરમીથી બચાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને સનગ્લાસિસ, સ્કાર્ફ અને હેન્ડ-લેગ ગ્લોવ્સ આજકાલ ફેશન સાથે સાથે પ્રોટેક્શન માટે પણ ખૂબ ઉપયોગી બની ગયા છે.

સૌથી પહેલા વાત કરીએ સનગ્લાસિસની. ગરમીમાં સૂર્યના કિરણો આંખોને નુકસાન પહોંચાડી શકે છે, તેથી સનગ્લાસિસ પહેરવું જરૂરી બની જાય છે. સનગ્લાસિસમાં અનેક પ્રકાર જોવા મળે છે. જેમ કે એવિએટર સ્ટાઈલ, જે ક્લાસિક અને એવરગ્રીન માનવામાં આવે છે. આ સ્ટાઈલ લગભગ દરેક ફેસ શેપ પર સુટ થાય છે. કેટ-આઈ સનગ્લાસિસ ખાસ કરીને યુવતીઓમાં ખૂબ લોકપ્રિય છે, જે લુકને સ્ટાઈલિશ અને ગ્લેમરસ બનાવે છે. ઓવરસાઈઝ સનગ્લાસિસ પણ આજકાલ ટ્રેન્ડમાં છે, જે ચહેરાને સંપૂર્ણ કવરેજ આપે છે અને સન પ્રોટેક્શન વધારે આપે છે. સ્ક્વેર અને રાઉન્ડ ફ્રેમ્સ પણ ફેશનમાં છે, જે તમારું લુક અલગ અને આકર્ષક બનાવે છે. સનગ્લાસિસ ખરીદતી વખતે ઞટ પ્રોટેક્શન હોવું જરૂરી છે, જેથી આંખોને હાનિકારક કિરણોથી સુરક્ષા મળે.

સ્કાર્ફ માત્ર ફેશન એક્સેસરી નહીં, પણ ગરમીમાં ખૂબ ઉપયોગી છે. ખાસ કરીને કોટન અને લિનન ફેબ્રિકના સ્કાર્ફ ગરમીમાં ઠંડક આપે છે. સ્કાર્ફના વિવિધ પ્રકારોમાં લોંગ સ્કાર્ફ, સ્ક્વેર સ્કાર્ફ અને ઈન્ફિનિટી સ્કાર્ફનો સમાવેશ થાય છે. લોંગ સ્કાર્ફને તમે ગળા આસપાસ લૂઝલી રેપ કરી શકો છો અથવા ફેસ કવર કરવા માટે ઉપયોગ કરી શકો છો. સ્ક્વેર સ્કાર્ફને સ્ટાઈલિશ રીતે બાંધીને હેડ કવર અથવા નેક એક્સેસરી તરીકે પણ પહેરી શકાય છે. ઈન્ફિનિટી સ્કાર્ફ એક લૂપમાં હોય છે, જે પહેરવામાં સરળ અને કેઝ્યુઅલ લુક માટે ઉત્તમ છે. સ્કાર્ફ સૂર્યના કિરણોથી ત્વચાને બચાવે છે અને સાથે સાથે તમારું આઉટફિટ પણ વધુ આકર્ષક બનાવે છે. ઓફિસ જતી યુવતીઓમાં લોન્ગ સ્કાર્ફનો ઉપયોગ વધારે જોવા મળે છે. લોન્ગ સ્કાર્ફમાં આખું મોઢું, વાળ, ગળું, અને શોલ્ડર પણ કવર થઈ જાય છે. આ સ્કાર્ફ જો લાઈટ કલરમાં હશે તો વધારે આરામદાયક લાગશે. ઉનાળામાં એક નિયમ જ બનાવી લેવાય, કે જેવા ઘરની બહાર નીકળવાનું આવે ત્યારે સ્કાર્ફ વગર બહાર ન જવું. જો તમે ટુ વ્હીલર ચલાવતા હોવ તો ખાસ કરીને સ્કાર્ફનો ઉપયોગ કરવો.

ગરમીમાં હેન્ડ અને લેગ ગ્લોવ્સ પણ ખૂબ મહત્ત્વના બની ગયા છે. ખાસ કરીને જ્યારે તમે લાંબા સમય સુધી બહાર રહેતા હોવ, ત્યારે હાથ અને પગ પર સીધી સૂર્યપ્રકાશની અસર થતી હોય છે. હેન્ડ ગ્લોવ્સ કોટન અથવા લાઈટવેઈટ ફેબ્રિકમાં ઉપલબ્ધ હોય છે, જે હાથને ટેનિંગ અને સનબર્નથી બચાવે છે. આજકાલ ડ્રાઈવિંગ ગ્લોવ્સ પણ ટ્રેન્ડમાં છે, જે સ્ટાઈલ સાથે સાથે પ્રોટેક્શન આપે છે. લેગ ગ્લોવ્સ અથવા લેગ સ્લીવ્સ પણ ખાસ કરીને બાઈક રાઈડર્સ માટે ખૂબ ઉપયોગી છે. આ સ્લીવ્સ પગને ધૂળ અને ગરમીથી બચાવે છે અને સ્કિનને સેફ રાખે છે.

ઉનાળામાં હેટ અને ટોપીનો ઉપયોગ ખાસ કરવો જોઈએ. ગરમીમાં સીધી સૂર્યકિરણોથી માથું અને ચહેરો બચાવવા હેટ અને કેપ ખૂબ ઉપયોગી છે. તે માત્ર તડકાથી જ નહીં પરંતુ સ્કિન ટેનિંગ, સનબર્ન અને હીટસ્ટ્રોકથી પણ બચાવે છે. સાથે સાથે, તે તમારા લુકને વધુ સ્ટાઈલિશ અને ક્લાસી બનાવે છે. ઉનાળામાં હેટ અને કેપ માત્ર ફેશન સ્ટેટમેન્ટ નહીં પરંતુ જરૂરી એક્સેસરી છે. યોગ્ય પસંદગી અને સ્ટાઈલિંગથી તમે ગરમીથી બચી શકો છો અને સાથે સાથે ટ્રેન્ડી પણ દેખાઈ શકો છો. એટલે આ સમર સીઝનમાં તમારા વોર્ડરોબમાં એક સ્ટાઈલિશ હેટ અથવા કેપ જરૂર ઉમેરો અને સ્ટાઈલિશ દેખાવ માટે રેડી થઇ જાવ.

આ તમામ એક્સેસરીઝને યોગ્ય રીતે સ્ટાઈલ કરવી પણ એટલી જ જરૂરી છે. જો તમે લાઈટ કલરનાં કપડાં પહેરો છો, તો બ્રાઈટ અથવા પ્રિન્ટેડ સ્કાર્ફ તમારા લુકને આકર્ષિત બનાવી શકે છે. સનગ્લાસિસને ફેસ શેપ અનુસાર પસંદ કરવાથી લુક વધુ આકર્ષક લાગે છે. હેન્ડ અને લેગ ગ્લોવ્સને તમારા આઉટફિટ સાથે મેચ કરીને પહેરશો તો ફેશન અને કમ્ફર્ટ બન્ને મેળવી શકશો.

ગરમીમાં સ્ટાઈલિશ રહેવું મુશ્કેલ નથી, જો તમે યોગ્ય એક્સેસરીઝ પસંદ કરો. સનગ્લાસિસ, સ્કાર્ફ અને ગ્લોવ્સ માત્ર તમને ગરમીથી બચાવતા નથી, પરંતુ તમારા લુકમાં એક નવો સ્ટાઈલ ક્વોશન્ટ ઉમેરે છે. આ ઉનાળામાં તમે પણ આ એક્સેસરીઝનો ઉપયોગ કરીને કૂલ, કમ્ફર્ટેબલ અને ફેશનેબલ રહી શકો છો.

# યુવાઓમાં એક્સેસરીઝનો નવો ક્રેઝ હાથમાં અનેક પ્રકારના બ્રેસલેટ

આજકાલ યુવાનોમાં એક જ હાથમાં વિવિધ પ્રકારના બ્રેસલેટ પહેરવાનો ફેશન ક્રેઝ બની ગયો છે. આ માત્ર એક ટ્રેન્ડ નથી, પરંતુ પોતાની જાતને વ્યક્ત કરવાની એક નવી રીત પણ છે. એક જ હાથમાં બે થી છ કે તેથી વધુ બ્રેસલેટ પહેરવા, જે અલગ-અલગ શૈલી, મટિરિયલ અથવા રંગોના હોઈ શકે છે.

મોટી ઉંમરના લોકોને આ જોવામાં કદાચ એક પ્રકારનું ગાંડપણ લાગે, પરંતુ યુવાનો માટે આ એક નવી 'વાઈબ' છે, જે આજકાલ ફેશન જગતમાં પોતાની આગવી રીતે લોકોનું ધ્યાન ખેંચી રહી છે.

આ ટ્રેન્ડ આટલો લોકપ્રિય કેમ છે?

આની પાછળનું સૌથી મોટું કારણ યુવાનોનો પોતાની પર્સનલ આઈડેન્ટિટી પ્રત્યેનો ક્રેઝ અથવા પોતાને અલગ દેખાડવાની રીત છે. કોઈ બિડ્સ તો કોઈ મેટલની ચેઈન પહેરે છે, કોઈ આધ્યાત્મિક દોરો બાંધે છે, તો કોઈ લક્ઝરી બ્રેસલેટ પહેરે છે. અને આમાંનું દરેક કોમ્બિનેશન પોતાની રીતે યુનિક હોય છે.

જો આ ટ્રેન્ડ પર ધ્યાન આપીએ તો, તે એટલા માટે પણ સારી રીતે ચાલી રહ્યો છે કારણ કે તે અફોર્ડેબલ પણ છે અને સ્ટાઈલિશ પણ છે. કહેવાનો અર્થ એ છે કે યુવાનોમાં ભલે આજે અનેક પ્રકારના બ્રેસલેટ પહેરવાનો ક્રેઝ વધ્યો હોય, પરંતુ તે મોંઘી જ્વેલરીનો હિસ્સો નથી. સામાન્ય રીતે આ બ્રેસલેટ ૧૦૦ થી ૫૦૦ રૂપિયાની વચ્ચે હોય છે. હા, પણ તેનો લૂક ચોક્કસપણે ખૂબ જ ટ્રેન્ડી હોય છે.

સૌથી મોટી વાત એ છે કે, આ દરેક પ્રકારના ડ્રેસ અથવા એમ કહીએ કે તમામ પ્રકારની ફેશનમાં હિટ અને ફિટ છે. પછી ભલે તે કુર્તા-પાયજામા હોય, ટી-શર્ટ અને ડેનિમ જીન્સ હોય કે પછી ફિટ લેધર જેકેટ કેમ ન હોય; દરેક આઉટફિટ સાથે આ બ્રેસલેટ મેચ થઈ જાય છે. એક નોંધવા જેવી વાત એ પણ છે કે, આજકાલ સાશ્યલ મીડિયામાં પણ એકસાથે અનેક બ્રેસલેટ પહેરવાનો ક્રેઝ છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સ અને ઈન્ફ્લુએન્સર્સે આ ટ્રેન્ડને ખૂબ જ ઝડપથી લોકપ્રિય બનાવ્યો છે.

કયા બ્રેસલેટ ટ્રેન્ડમાં છે

આજકાલ યુવાનોમાં જે બ્રેસલેટ સૌથી વધુ ટ્રેન્ડમાં છે, તેમાં પહેલા નંબરે 'બીડેડ બ્રેસલેટ' છે, એટલે કે રુદ્રાક્ષ, સ્ટોન બીડ્સ અને કલરફુલ બીડ્સ; ખાસ કરીને છોકરાઓમાં આનું પ્રમાણ વધુ છે. છોકરાઓમાં જ અન્ય એક બ્રેસલેટ પણ ખૂબ લોકપ્રિય છે, તે છે 'લેધર બ્રેસલેટ'. ત્રીજા નંબરે જે બ્રેસલેટ અત્યારે સૌથી વધુ લોકપ્રિય છે, તે મેટલ ચેઈન અથવા સિલ્વર ચેઈન અને ગોલ્ડ ફિનિશ ધરાવતા બ્રેસલેટ છે. સાથે જ દોરાવાળા બ્રેસલેટ, જેમ કે પરંપરાગત કલાવો-એટલે કે વિશિષ્ટ ધાર્મિક પ્રસંગોએ હાથમાં બાંધવામાં આવતો કેસરી કે ભગવો દોરો, આજકાલ યુવાનોમાં બ્રેસલેટ તરીકે ખૂબ લોકપ્રિય થઈ રહ્યો છે.

આમાં એક તરફ જ્યાં પરંપરાગત લૂક મળે છે, તો બીજી તરફ કેઝ્યુઅલ લૂક પણ ઊભરીને સામે આવે છે. નાનાં-નાનાં ચિહ્નો અથવા પેન્ડન્ટ્સ સાથેના 'ચાર્મ બ્રેસલેટ' પણ આજકાલ માર્કેટમાં આવી રહ્યા છે, જેના કારણે તે યુવાનોમાં ખૂબ જ હિટ છે.

આખરે, તેને કેવી રીતે સ્ટાઈલ કરવા?

બ્રેસલેટનું સ્ટાઈલિંગ કરવું ખૂબ જ જરૂરી છે, તો જ આ એક્સેસરીઝ સસ્તી હોવા છતાં ખાસ બની જાય છે. સ્ટાઈલિંગ કરવાની સૌથી સરળ રીત એ છે કે બે કે ત્રણ સિમ્પલ બ્રેસલેટ અને તેની વચ્ચે એક ભભકદાર એટલે કે 'બોલ્ડ' બ્રેસલેટને મિક્સ કરીને પહેરવા.

આ બ્રેસલેટનો કલર કોન્ટ્રાસ્ટ હોય અથવા તો બધા જ રંગો એકબીજાને કોમ્પ્લીમેન્ટ કરતા હોય, બંને સ્થિતિમાં આ કોમ્બિનેશન આકર્ષક લાગે છે. જો ઘડિયાળ સાથે બ્રેસલેટ પહેરવા હોય, તો મેચિંગ અને બેલેન્સિંગ બ્રેસલેટ જ પહેરવા જોઈએ. એવી રીતે ન પહેરો કે બંને વસ્તુઓ એકબીજાને 'ઓવરક્રાઉડ' કરે.

કહેવાનો અર્થ એ છે કે, ઘડિયાળ સાથે એવું બ્રેસલેટ ન પહેરો જે વારંવાર ઘડિયાળને છુપાવી દે, અથવા ઘડિયાળ એટલી હેવી ન હોવી જોઈએ કે બ્રેસલેટ પર કોઈનું ધ્યાન જ ન જાય. અને હા, જેમ આજકાલ અલગ-અલગ પ્રસંગો મુજબ અલગ-અલગ ફેશન અને ડિઝાઈનના આઉટફિટ ચલણમાં છે, તેવી જ રીતે જો અલગ-અલગ પ્રસંગો પર અલગ-અલગ બ્રેસલેટ પહેરવામાં આવે, તો તે 'સોનામાં સુગંધ ભળે' તેવી સ્થિતિ હશે.

આ ભૂલોથી બચો

જ્યાં ઓછા ખર્ચમાં સ્ટાઈલિશ અને નવા કોમ્બિનેશન સાથે બ્રેસલેટ યુવાનોની ખાસ એક્સેસરીઝ બનીને ઊભરી રહ્યા છે, ત્યાં જો થોડું ધ્યાન રાખવામાં ન આવે અને તેનું કોમ્બિનેશન બગડી જાય, તો તે માત્ર સામાન્ય જ નહીં પણ કંટાળાજનક પણ લાગે છે.



# ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધીઃ વિરોધાભાસી લાગણીનો ટકરાવ થાય ત્યારે

ધૈર્ય મહેતા જેના જીવનમાં ધૈર્ય નામની કોઈ જગ્યા બચી નહોતી. હંમેશાં ઘડિયાળના કાંટે દોડતો રહેતો એ છોકરો સોળ વર્ષની ઉંમરમાં રાષ્ટ્રીય કક્ષાએ બેડમિન્ટન ચેમ્પિયન બની ગયેલો. શહેરની પ્રતિષ્ઠિત શાળાનો એ હેડ બોય હતો. પબ્લિક સ્પીકિંગથી માંડીને ડિબેટ જેવી અનેક પ્રવૃત્તિઓમાં એ અવ્વલ રહેતો. ધૈર્ય એટલે એક એવો વિદ્યાર્થી જેની સામે શિક્ષકો આંગળી ચીંધી અન્યોને કહેતા કે, 'આને જુઓ. કેવી રીતે સ્પોર્ટ્સ સાથે સ્ટડીનું બેલેન્સ કરે છે. રોજ સવારે સાડા ચાર વાગ્યે ઊઠવું. દોડવા જવું, કસરતો કરવી, ક્લાસમાં જવું, સાંજે ફરીથી પ્રેક્ટિસ કરવી વચ્ચે ટ્યુશન જવું, મોક ટેસ્ટ આપવી.....ઈત્યાદિ.

લોકો એને સખ્ત

મહેનતુ અને લક્ષ્ય કેન્દ્રિત છોકરો ગણતાં. મમ્મી એની સાથે સતત દોડતી. પપ્પા એની મહેનતમાં મદદરૂપ થવાં પ્રયત્નો કરતાં. ટીચર્સ એને સતત પ્રેરણા આપતાં રહેતાં. બસ, ત્યાં જ તો કંઈક લોચો હતો. બધા એને માત્ર 'ગોલ ઓરિએન્ટેડ ટીનેજર' તરીકે ઓળખતાં, પણ કુદરતી રીતે એડલ્ટ થઈ રહેલા 'ટીનએજ બોય' તરીકે એને કોઈ નહોતું જોઈ રહ્યું.

ધૈર્યની જિંદગીમાં મહત્ત્વનું વર્ષ આવ્યું બારમા ધોરણનું અને સાથોસાથ નેશનલ ચેમ્પિયનમાંથી હવે આગળ રમવા જવાની તૈયારી કરવાનો સમય. ત્યારે જ એની જિંદગીમાં પ્રવેશી કાવ્યા. પહેલા જ દિવસે ક્લાસમાં થોડી મોડી આવેલી કાવ્યાને ટીચરે ખખડાવી નાખી તો પણ એ હસવાનું છુપાવતી, મોઢું મલકાવતી એક્ટ્રેસની જેમ માફી માગતી જાણે પોતે કોઈ એવોર્ડ શોમાં આવી હોય એ રીતે બેંચ તરફ આગળ વધી. આખો ક્લાસ હસી પડ્યો, પણ ધૈર્યને હસવું ના આવ્યું. એ વિચારી રહ્યો કે આટલું નિષ્ફિકર કોઈ કેવી રીતે રહી શકતું હશે?

ધૈર્યની સરખામણીએ કાવ્યા બિલકુલ અલગ હતી. એને શેડ્યુલ કે ટાઈમ ટેબલ ગમતા નહીં. હોમવર્ક ના કરવું, ક્લાસ બંક કરી ચા પીવા જવું એ એનું ગમતું કામ. ચોકલેટ-આઈસક્રીમ, પાણીપૂરી, પીત્ઝા જેવા જંકફૂડ એને પ્રાણપ્યારા. રોજ સાંજ પડે ને એને રખડવાના વિચાર આવે. પાસ થવા પૂરતું જ વાંચવુ એ એનો સિદ્ધાંત અને મનમોજીલી તો એવી કે પરીક્ષા ક્યારેક ના પણ આપે, પરંતુ કાવ્યાના આવા બેફિકર અંદાઝ પાછળ છુપી રીતે સંતાયેલી હતી ઈમોશનલ ઈન્સિક્યોરિટી.

માતા-પિતાનું એકમાત્ર સંતાન હોવાના કારણે એ ઘરમાં એકલી પડી જતી. પેરેન્ટ્સનો પ્રેમ ઓછો નહોતો, પરંતુ સખ્ત ઈમોશનલ ડિપેન્ડન્સી ધરાવતી કાવ્યા માટે એ પૂરતો પણ નહોતો. સતત વ્યસ્તતાને કારણે થાકેલા રહેતા પેરેન્ટ્સ માટે કાવ્યાના નાના-મોટા ઈમોશનલ આઉટબ્રેક સંભાળવા કઠિન હતાં. ટૂંકમાં કાવ્યાને ઘરમાં કંપનીનો સદંતર અભાવ હતો. માટે જ એ જે કોઈ નવું વ્યક્તિ મળે, એનામાં ઈમોશનલ સહારો શોધતી.

## તંત્રી લેખ...

**શુક્રવાર, તા. ૨૨ મે ૨૦૨૬**

# તૃણમૂલની પીછેહઠનું ગણિત

પશ્ચિમ બંગાળની ફાલટા બેઠક પર ફેરમતદાનના બે દિવસ પહેલાં તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક ઉમેદવાર જહાંગીર ખાનની પીછેહઠ ઘણું બધું કહી જાય છે. ચૂંટણી પૂર્વે ચૂંટણી નિરીક્ષકની સિંઘમ તરીકેની ઈમેજ સામે દક્ષિણ ભારતીય ફિલ્મ પુષ્પાનો સંવાદ પુષ્પા ઝુકેગા નહીં... કહેનાર સ્થાનિક બાહુબલી જહાંગીર ખાન ફેરમતદાનના ગણતરીના કલાકો પહેલાં મેદાન છોડી ગયા છે. ખાસ તો તૃણમૂલના મુખ્ય સચિવ અને મમતા બેનર્જીના ભત્રીજા અભિષેકના ગઢ ગણાતા દક્ષિણ ૨૪ પરગણામાં આવું થવાને લીધે પક્ષને વિધાનસભા ચૂંટણીમાં પરાજય પછી વધુ એક ઝટકો છે. જો કે, એકાએક નરમ પડેલા તૃણમૂલના રૂખનાં કારણે અને આ પગલું ગણતરીપૂર્વકની રમત હોવાની ચર્ચા પણ ચાલી છે. દરમ્યાન, ગુરુવારે મતદાન થતાં ૮૮ ટકા જેટલા ભારે મતો ઈવીએમમાં પડયા છે. ફાલટા ૨૦૧૧થી ટીએમસીનો ગઢ છે અને ૨૯મી એપ્રિલે મતદાનના દિવસે ભાજપે દાવો કર્યો હતો કે, અહીંનાં અનેક બૂથમાં ઈવીએમ મશીન પર ભાજપનાં ચિહ્નને ટેપથી ઢાંકી દેવાયું છે અથવા શાહીથી વિદ્રુપ કરી દેવાયું છે. આ આક્ષેપોને પગલે ચૂંટણીપંચે ફેરમતદાનનો આદેશ આપ્યો હતો. આથી, આ બેઠક પર ૨૧મી મેએ યોજાનારાં મતદાન પૂર્વે ટીએમસી પૂરેપૂરું જોર લગાવે એ અપેક્ષિત હતું. જો કે, ટીએમસીએ આ બેઠકને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવવાને બદલે જહાંગીરને ઉમેદવારી પાછી ખેંચી લેવાની સલાહ આપી હોવી જોઈએ, કેમ કે, ચૂંટણી પ્રચાર માટે ન તો મમતાદીદી અહીં આવ્યાં કે ન અભિષેક બેનર્જી, જે આ ક્ષેત્રના સાંસદ છે. વળી, જહાંગીર અભિષેકની નિકટ ગણાય છે.

એવી ચર્ચા છે કે, હાલની પરિસ્થિતિમાં જહાંગીરનું અહીં જીતવું શક્ય નથી, આથી તેને મેદાન છોડવા કહેવાયું. આથી જહાંગીર ખાને જાહેરાત કરી છે કે, મુખ્યપ્રધાન શુભેન્દુ અધિકારીએ ફાલટા માટે વિશેષ પેકેજની જાહેરાત કરી છે, આથી હું ફાલટાના હિતમાં ઉમેદવારી પાછી ખેંચું છું. ચૂંટણી પૂર્વે જહાંગીર અને ૨૪ પરગણાના ચૂંટણી નિરીક્ષક એવા ઉત્તરપ્રદેશના આઈપીએસ અધિકારી અજય પાલ શર્મા વચ્ચે સંઘર્ષ થયો હતો. ૨૦૧૧ બેચના તથા પ્રયાગરાજના વધારાના પોલીસ કમિશનર અજય પાલ શર્મા એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ તરીકે વિખ્યાત છે. જહાંગીર ખાન બાહુબલીની ઈમેજ ધરાવે છે અને ચૂંટણી પહેલાં અજય શર્માએ ચેતવણી આપી હતી કે, ચૂંટણીમાં કોઈ ઘાલમેલ કરવાનો વિચાર પણ ન કરતા, જેના પગલે જહાંગીરે ઝુકેગા નહીં... એવી ટિપ્પણી કરી હતી. ચૂંટણી પછી જહાંગીર ખાનના નિકટના માણસોની ધરપકડ તથા એકંદરે પરિણામ પછી ટીએમસીના કાર્યકર્તાઓ તથા તેમની દાદાગીરી પર આવેલા અંકુશનાં કારણે પણ કદાચ જહાંગીરે ઉમેદવારી પાછી ખેંચી હોય. રાજકીય વ્યૂહરચના હોય તો પણ ટીએમસીએ ભરેલા પારોઠનાં પગલાં બંગાળના રાજકારણ માટે સારી નિશાની ગણી શકાય. ભાજપની શુભેન્દુ સરકારનો પ્રભાવ આ રીતે વર્તાવો શરૂ થયો છે.

## નોર્ડિક દેશો, ઇટાલીમાં સફળ મોદી ડિપ્લોમસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નોર્ડિક દેશોની મુલાકાતના અંતિમ ચરણમાં ઈટાલી પહોંચતાં તેમનો ઉમળકાભર્યો સત્કાર થયો છે. ઈટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોની સાથેના મૈત્રીપૂર્ણ વ્યવહારે સોશિયલ મીડિયાનું ધ્યાન ખેંચ્યું છે. ભારત અને ઈટાલીના સંબંધો નિર્ણાયક દોરમાં પહોંચ્યા છે. બંને દેશ વચ્ચે ૧૫ યોજના-સમજૂતી કરાર થયા છે. ઈટાલી પૂર્વ વડાપ્રધાને નોર્વે, સ્વિડન અને નેધરલેન્ડની મુલાકાત દરમ્યાન દ્વિપક્ષીય બેઠકોમાં જે કરાર કર્યા અને જે કહ્યું એ ભારત માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. નેધરલેન્ડ સાથેની સમજૂતીમાં બદલાતી વૈશ્વિક અર્થ-રાજનીતિ વચ્ચે ભારતની લાંબાગાળા માટેની રણનૈતિક પુનઃસ્થાપનાનો સંકેત છે. દુનિયાના એક ભાગમાં ભલે યુદ્ધની હિંસાનો અને અવિશ્વાસનો માહોલ હોય, પણ સમજદાર અને પ્રગતિશીલ રાષ્ટ્રો પરસ્પર સહયોગનાં માધ્યમથી આગળ વધવા પ્રતિબદ્ધ છે. નોર્ડિક દેશો અને ભારત વચ્ચેની નિકટતાનું એક લક્ષ્ય ચીની માલસામાન પરનું અવલંબન ઘટાડવાનુંય છે. નેધરલેન્ડ યુરોપનું મહત્ત્વપૂર્ણ ટેકનિકલ-લોજિસ્ટિક કેન્દ્ર છે, તો ભારત એક ઊભરતી ઉત્પાદન વ્યવસ્થા છે. ટેકનિકલ સહયોગ, સાધન-સરંજામની આપૂર્તિ અને ટેક્નોલોજી હસ્તાંતરણ સુનિયોજિત રીતે ગોઠવાશે તો ભારત ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ભૂમિકા ભજવવા સક્ષમ છે. આવા પ્રયાસોથી મૂડીરોકાણ, ઉત્પાદન અને રોજગારી ક્ષેત્રે હકારાત્મક પરિણામ જોવા મળશે. ભારત અને નેધરલેન્ડે ગ્રીન હાઈડ્રોજન અને હરિત ઊર્જા ક્ષેત્રે મહત્ત્વના કરાર કર્યા છે. આ બે ક્ષેત્ર એવાં છે જેમાં ભારતે નોંધપાત્ર પ્રગતિ કરી છે અને ઊંચા લક્ષ્યાંક રાખ્યા છે. એકતરફ ગ્લોબલ વૉર્મિંગની ચિંતા, બીજીતરફ ખાડી યુદ્ધ-હોર્મુઝ કટોકટીએ દુનિયાભરમાં સર્જેલી ઈંધણની અછત-ભાવમાં રોકેટ ગતિના વધારાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ઊર્જાના બિનપરંપરાગત સ્રોત વિકસાવ્યા વિના ચાલે તેમ નથી. યુરોપમાં ઊર્જાની ખપત ઘણી છે. મોદી સરકાર ભવિષ્યના દૃષ્ટિકોણ સાથે જુદા-જુદા રાષ્ટ્રો સાથે સમજૂતી કરીને ટેકનોલોજી અને જાણકારીની સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી રહી છે. ઈટાલીમાં બંને વડાપ્રધાન વચ્ચેની મુલાકાત પછી દ્વિપક્ષીય રણનૈતિક સંબંધોનો નવો અધ્યાય શરૂ થયો છે. મોદી અને મેલોની ભારત અને યુરોપીય સંઘ વચ્ચેની મુક્ત વેપાર સમજૂતી જલ્દી લાગુ થાય એ દિશામાં સક્રિય છે. એ સાથે બંને દેશે પાંચ વર્ષ માટે તૈયાર કરેલા રોડમેપ હેઠળ વેપાર, ટેકનોલોજી અને સુરક્ષા જેવાં ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યું છે. હવેનો યુગ ઝડપી ટેકનોલોજી પરિવર્તનનો છે. અદ્યતન ટેક્નોલોજી થકી પ્રગતિનો ગ્રાફ બદલાઇ જાય છે. ભારત-ઈટાલી ઈનોવેશન સેન્ટર આ દિશામાં ચાવીરૂપ પહેલ પુરવાર થશે. વિશ્વ વ્યવસ્થા આજે પરિવર્તનના દોરમાંથી પસાર થઇ રહી છે. દુનિયામાં ભૌગોલિક કે પારસ્પરિક હિતોને લઇને રચાયેલા જુદા-જુદા સંગઠનોની મજબૂતાઇ નબળી પડી છે અથવા તો યુદ્ધખોર કે સ્વાર્થી વિચારસરણીએ ઐક્ય સામે પડકાર ઊભો કર્યો છે, એવામાં ભારત અને ઇટાલીની ભાગીદારી ઉચ્ચ રાજનૈતિક અને સંસ્થાગત સ્તર પર નિરંતર સંવાદ સાથે આગળ વધી રહી છે. બંને દેશ હજારો વર્ષ જૂની સંસ્કૃતિ ધરાવે છે અને વસુધૈવ કુટુમ્બકમ્ની ભાવનામાં માનનારાં રાષ્ટ્રો છે. વડાપ્રધાન મોદીની મુલાકાત અને ઈટાલિયન પીએમ મેલોનીના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળ સાથેની ચર્ચા-નિર્ણયો દ્વિપક્ષીય સંબંધો સુદૃઢ બનાવશે.

**દેશના દરેક રાજ્યમાં તેનું અનુસરણ થવું જોઈએ. ભારતમાં અનામત પેચીદો પ્રશ્ન છે**

# બંગાળમાં થઈ શકે એ બીજે કેમ નહીં?

**મમતા બેનરજીની સરકારે ઓબીસી અનામતને ઓબીસી-એ અને ઓબીસી-બી એમ બે ભાગમાં વહેંચી હતી.**

પશ્ચિમ બંગાળમાં નવી નવી બનેલી ભાજપની શુભેન્દુ અધિકારી સરકાર કાર્યભાર સંભાળતાં જ ધડાધડ નિર્ણયો લઈ રહી છે. શુભેન્દુની સરકારના મોટા ભાગના નિર્ણય ભાજપે ચૂંટણી ઢંઢેરામાં આપેલાં વચનોના અમલના છે પણ શુભેન્દુની સરકારે એક અત્યંત રસપ્રદ અને ચર્ચાસ્પદ નિર્ણય અન્ય પછાત વર્ગ (ઓબીસી) અનામતમાં ઘટાડાનો લીધો છે.

બંગાળમાં અત્યાર સુધી સરકારી નોકરીઓ અને શિક્ષણમાં ઓબીસી અનામત ૧૭ ટકા હતી એ ઘટાડીને સાત ટકા કરી દેવાઈ છે. પહેલાં કુલ ૧૪૭ જ્ઞાતિઓને ઓબીસી અનામતનો લાભ મળતો હતો. તેના બદલે હવે ૬૬ જ્ઞાતિઓને જ અનામતનો લાભ મળશે.શુભેન્દુની સરકારે હાઈ કોર્ટના ચુકાદાને કારણે આ નિર્ણય લીધો છે તેથી તેને ભાજપની પહેલ ના ગણી શકાય પણ આપણે ત્યાં અનામતની વાત આવે ત્યારે રાજકારણીઓ સુપ્રીમ કોર્ટ સુધ્ધાંને ઘોળીને પી જતા હોય છે. અનામતના પ્રમાણમાં ઘટાડા માટે તો તૈયાર જ નથી થતા ત્યારે શુભેન્દુ સરકારે અનામતમાં ઘટાડાનો નિર્ણય લીધો એ મોટી વાત છે.ભાજપ મતબેંક માટે થઈને અત્યારે ઓબીસી મતદારોના પગોમાં આળોટી રહ્યો છે ત્યારે ઓબીસી અનામતનું પ્રમાણ સીધું ૧૦ ટકા ઘટાડી દીધું તેના કારણે ઘણાંને આશ્ર્ચર્ય થયું છે. જો કે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી કેમ કે લાલો લાભ વિના લોટતો નથી. આ નિર્ણય પાછળ ભાજપનો રાજકીય ફાયદો છે જ કેમ કે ઓબીસી અનામતનો લાભ બંધ કરાયો તેમાં બહુમતી મુસ્લિમ જ્ઞાતિઓ છે. તેના કારણે ભાજપની હિંદુવાદી છાપ મજબૂત બનશે તેથી ભાજપે લોકોનું હિત નહીં પણ પોતાનો ફાયદો જ જોયો છે પણ તેના કારણે એક વાત સાબિત થઈ છે કે, સત્તાધીશો ધારે તો અનામતનું પ્રમાણ ચોક્કસ ઘટાડી શકે છે.સવાલ એ છે કે, રાજકીય ફાયદા માટે અનામતનું પ્રમાણ ઘટાડી શકાય તો લોકોના ફાયદા માટે એવો નિર્ણય કેમ ના લઈ શકાય? બંગાળમાં અનામતનું પ્રમાણ ઘટાડી શકાય તો બીજાં રાજ્યોમાં કેમ ના ઘટાડી શકાય?બંગાળ સરકારે જાહેર કર્યું છે કે, સરકાર ઓબીસી માળખાની સમીક્ષા કરવા માટે સમિતિ બનાવશે અને તેના આધારે આખી નવી યાદી બનશે. સમીક્ષા પછી જરૂર પડ્યે કેટલાક સમુદાયોને કાનૂની પ્રક્રિયા હેઠળ ફરીથી ઓબીસી યાદીમાં સામેલ કરી શકાય છે. બીજો સવાલ એ છે કે, બંગાળમાં જે કરી શકાય એ બીજાં રાજ્યોમાં કેમ ના કરી શકાય? ઓબીસીનો લાભ મેળવવા માટે લાયક ના હોય એવી જ્ઞાતિઓને કેમ દૂર ના કરી શકાય? મમતા બેનરજીની સરકારે ઓબીસી અનામતને ઓબીસી-એ અને ઓબીસી-બી એમ બે ભાગમાં વહેંચી હતી. ઓબીસી-એને ૧૦ ટકા જ્યારે ઓબીસી-બીને સાત ટકા અનામત અપાતી હતી. મમતાની સરકારે મુસ્લિમ સમુદાયની કેટલીક જ્ઞાતિઓને પણ અનામતનો લાભ આપ્યો હતો. શુભેન્દુની સરકારે ઓબીસી-એ અને ઓબીસી-બી વર્ગીકરણ કાઢી નાંખીને ઓબીસી અનામતની એક જ સામાન્ય કેટેગરી કરી નાંખી છે.મમતા ૨૦૧૧માં સત્તામાં આવ્યાં એ પહેલાંની ડાબેરી સરકારે રાજકીય ફાયદા માટે ઓબીસી અનામતનો વ્યાપ વધારવાની શરૂઆત કરીને કેટલીક નવી જ્ઞાતિઓનો ઓબીસી અનામતની યાદીમાં સમાવેશ કરી નાંખેલો. મમતા બેનરજીએ આ પ્રક્રિયા ચાલુ રાખીને બીજી કેટલીક જ્ઞાતિઓને અનામતનો લાભ આપી દીધેલો. આ રીતે ૨૦૧૦ થી ૨૦૧૨ ની વચ્ચે ઓબીસી યાદીમાં ૭૭ નવી જ્ઞાતિઓનો સમાવેશ કરાયો હતો.

શુભેન્દુની સરકારે આ તમામ જ્ઞાતિઓને ઓબીસી અનામતની યાદીમાંથી બહાર કાઢીને ૨૦૧૦ પહેલાં જે ૬૬ જ્ઞાતિને અનામતનો લાભ મળતો હતો તેમને જ અમાનતનો લાભ આપવાનો નિર્ણય પણ લીધો છે. નવી જ્ઞાતિનાં જેમને ઓબીસી ક્વોટામાંથી નોકરી અપાઈ હોય તેમની નિમણૂકો પર અસર નહીં પડે ને એ રીતે પાડાને વાંકે પખાલીને ડામ નહીં આપવાનો પ્રશંસનિય નિર્ણય પણ શુભેન્દુ સરકારે લીધો છે પણ હવે પછી ૨૦૧૦ પહેલાંની યાદીની જ્ઞાતિઓને જ અનામતનો લાભ મળશે.

મમતા અને ડાબેરીઓ મુસ્લિમ તુષ્ટિકરણનાં ચેમ્પિયન હતાં તેથી મુસ્લિમોને રાજી રાખવા મમતા અને ડાબેરીઓએ જે જ્ઞાતિઓને ઓબીસી અનામતનો લાભ આપવાનું નક્કી કર્યું તેમાં સંખ્યાબંધ મુસ્લિમ જ્ઞાતિઓ પણ હતી. આ જ્ઞાતિઓને હવે અનામતનો લાભ નહીં મળે પણ ૨૦૧૦ પહેલાં પહાડિયા, હજામ અને ચૌધુલી એ ત્રણ મુસ્લિમ જ્ઞાતિઓને મળતો અનામતનો લાભ પણ ચાલુ રહેશે.

મમતા અને ડાબેરીઓએ ઓબીસી અનામતનો લાભ વધારે જ્ઞાતિઓને આપવા માંડ્યો તેની સામે કલકત્તા હાઈ કોર્ટમાં અરજી થયેલી. હાઈ કોર્ટે ૨૦૨૪માં ચુકાદો આપેલો કે, ૨૦૧૦ થી ૨૦૧૨ ની વચ્ચે ઓબીસી યાદીમાં ૭૭ વધારાની જ્ઞાતિઓને ઉમેરવાની પ્રક્રિયા ગેરકાયદેસ અને ગેરબંધારણીય હતી તેથી તેમને રદ કરવી જોઈએ.

હાઈ કોર્ટના ચુકાદાને કારણે બંગાળ સરકાર દ્વારા ૨૦૧૦ પછી અપાયેલાં લગભગ ૧૨ લાખ ઓબીસી પ્રમાણપત્રો રદ કરાયાં હતાં. નવી ભરતીમાં આ જ્ઞાતિઓને અનામતનો લાભ નહીં અપાય એવું પણ મમતાની સરકારે નક્કી કરવું પડ્યું હતું. હાઈકોર્ટમાં થયેલી અરજીઓ પાછળ ભાજપનો દોરીસંચાર હતો તેથી ભાજપે સત્તામાં આવતાંવેંત આ ચુકાદાને આધારે અનામતની યાદીમા કાપ મૂકીને ટકાવારી પણ ઘટાડી દીધી.

ભાજપે રાજકીય ફાયદાને ખાતર પણ એક સારું કામ કર્યું છે ને દેશના દરેક રાજ્યમાં તેનું અનુસરણ થવું જોઈએ. ભારતમાં અનામત પેચીદો પ્રશ્ન છે ને મતબેંક સાથે સંકળાયેલો છે તેથી રાજકીય પક્ષો તેને અડતા નથી પણ રાજકીય પક્ષોના સ્વાર્થની બહુ ખરાબ અસરો દેશ પર પડી રહી છે. ખાસ કરીને ઓબીસી અનામતના કારણે દેશને મોટો ફટકો પડી રહ્યો છે.

આ અનામતના કારણે જનરલ કેટેગરીના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે દેશમાં તકો ઓછી થઈ ગઈ છે તેથી હતાશ થઈને એ બધા વિદેશ ભણી ભાગી રહ્યા છે. આ દેશમાં પેદા થયેલા, દેશમાં પ્રાથિમક ને મોટા ભાગના કિસ્સામાં તો છેક ગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ તકના અભાવે વિદેશ ભાગી જાય છે ને ત્યાં જ સ્થાયી થઈ જાય છે. તેના કારણે આપણે તેમનામાં કરેલું રોકાણ તો વેડફાઈ જ જાય છે પણ ટેલેન્ટેડ યુવાઓના જોરે મહાન રાષ્ટ્રનું નિર્માણ કરવાનું સપનું પણ ચકનાચૂર થઈ રહ્યું છે. જે ટેલેન્ટ ભારતના નિર્માણમાં યોગદાન આપવી જોઈએ એ ટેલેન્ટ બીજાં દેશોના વિકાસમાં ફાળો આપી રહી છે તેનું કારણ અનામત છે.

ભારતમાં અનામતનો વિચાર સદીઓથી દબાયેલા અને કચડાયેલા દલિતો તથા આદિવાસીઓને યોગ્ય તક આપવા માટે અમલી બનાવાયેલો. આ વિચાર યોગ્ય હતો તેથી અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)ને મળતા કુલ ૨૨.૭ ટકા અનામતમાં કશું ખોટું નથી પણ રાજકીય સ્વાર્થને ખાતર ૨૭ ટકા ઓબીસી અનામત દાખલ કરાઈ તેમાં મેરિટ બાજુ પર રહી ગયું ને અનામત હાવી થઈ ગઈ. આ તમામ ૨૭ ટકા અનામત નાબૂદ ના થઈ શકે પણ ઓબીસીમાં ઘણી જ્ઞાતિ સવર્ણોની સમકક્ષ છે તેમને ચોક્કસ કાઢી શકાય ને અનામતનું પ્રમાણ ઘટાડી શકાય.

**તે 'શાંત આત્મવિશ્વાસ' (જીૈંઙ્મક ઝ્રહકૈઙ્ખીહષ્ઠી) ધરાવે છે.**

# આધુનિક જેન્ટલમેન કેવા હોય?

**આજે જેન્ટલમેન હોવું એ કોઈ પોશાક કે દેખાવનો વિષય નથી, પરંતુ તે એક ગહન આંતરિક ગુણધર્મ, વર્તન અને ખાસ કરીને બદલાતા સમય સાથે પોતાની માનસિકતાને અનુકૂળ કરવાની ક્ષમતાનો વિષય છે.**

સમયના પ્રવાહ સાથે સમાજમાં ઘણી બધી વ્યાખ્યા બદલાતી રહી છે, પરંતુ જે એક સંકલ્પના વિશે હંમેશાં ચર્ચા થતી રહી છે તે છે 'જેન્ટલમેન'. વર્ષો પહેલાં જેન્ટલમેન હોવું એટલે સૂટ-બૂટ પહેરવા, હાથમાં લાકડી રાખવી, ટોપી પહેરવી અને અંગ્રેજી શિષ્ટાચારનું પાલન કરવું એવું મનાતું હતું, પરંતુ ૨૧મી સદીના ત્રીજા દાયકામાં જેન્ટલમેનની આ ભૌતિક વ્યાખ્યા સાવ ભુંસાઈ ગઈ છે. આજે જેન્ટલમેન હોવું એ કોઈ પોશાક કે દેખાવનો વિષય નથી, પરંતુ તે એક ગહન આંતરિક ગુણધર્મ, વર્તન અને ખાસ કરીને બદલાતા સમય સાથે પોતાની માનસિકતાને અનુકૂળ કરવાની ક્ષમતાનો વિષય છે. આધુનિક જેન્ટલમેન એ છે જે પોતાના વારસામાં મળેલા ગૌરવને જાળવી રાખે છે અને સાથે સાથે સ્ત્રી સમાનતા, ભાવનાત્મક સમજણ અને સામાજિક જવાબદારીના નવા માપદંડોને સહર્ષ સ્વીકારે છે.આજના યુગમાં જેન્ટલમેન હોવાની પ્રથમ શરત તેની 'સંવેદનશીલતા' છે. જૂના જમાનામાં પુરુષાર્થ એટલે કઠોરતા, પથ્થર જેવું મન અને લાગણીઓનું પ્રદર્શન ન કરવું એવું ગણાતું. 'પુરુષને ક્યારેય દર્દ ન થાય' એવાં ખોટાં સૂત્રોએ વર્ષો સુધી પુરુષોને કુદરતી લાગણીઓથી વંચિત રાખ્યા, પરંતુ આધુનિક જેન્ટલમેન આ દેખીતી મજબૂતીના ખોટા મુખવટાને ઉતારી ફેંકે છે. તે સમજે છે કે રડવું, ડરવું કે પોતાની નબળાઈ સ્વીકારવી એ કાયરતા નથી, પણ માનવીય સહજતા છે. તે પોતાના પરિવાર સામે, પોતાના જીવનસાથી સામે પોતાની મૂંઝવણો વ્યક્ત કરતા અચકાતો નથી. તેની આ ઈમોશનલ ઈન્ટેલિજન્સ તેને અન્યો કરતાં અલગ પાડે છે. તે માત્ર બોલવામાં જ નહીં, પણ સાંભળવામાં પણ માહેર હોય છે. કોઈની વાતને પૂરી સાંભળવી, તેને સમજવી અને પછી જ પ્રતિભાવ આપવો એ આજના સમયમાં એક દુર્લભ કળા છે, જે એક સાચો જેન્ટલમેન આત્મસાત કરે છે.બીજું મહત્ત્વનું પાસું છે સ્ત્રીઓ પ્રત્યેનો દ્રષ્ટિકોણ. આધુનિક જેન્ટલમેન માટે સ્ત્રી સન્માન એ માત્ર ઘરના ઊંબરા સુધી મર્યાદિત નથી. તે સ્ત્રીને માત્ર એક 'રક્ષણ આપવાની વસ્તુ' તરીકે નથી જોતો, પણ એક સમાન ભાગીદાર તરીકે જુએ છે. તે સ્ત્રીની સફળતાથી અસુરક્ષિત અનુભવવાને બદલે તેનો ગર્વ લે છે. ઓફિસ હોય કે ઘર, તે સ્ત્રીના મંતવ્યોને પૂરતું મહત્ત્વ આપે છે. રસોડાના કામમાં મદદ કરવી કે બાળકના ઉછેરમાં સક્રિય ભાગીદારી નોંધાવવી તેને પોતાની મર્દાનગી પર પ્રહાર નથી લાગતો, પણ તે તેને પોતાની જવાબદારી સમજે છે. તે 'લેડિઝ ફર્સ્ટ' કહીને માત્ર દરવાજો ખોલવા પૂરતી નમ્રતા નથી દાખવતો, પણ સ્ત્રીના વ્યક્તિત્વ અને તેની સ્વતંત્રતાનો આદર કરે છે. તેની નજરમાં આદર એ દેખાડો નથી, પણ તેના સંસ્કારનું પ્રતિબિંબ છે.આધુનિક જેન્ટલમેન પોતાની આર્થિક અને સામાજિક સફળતાનો ક્યારેય અહંકાર નથી કરતો. આજના સોશ્યલ મીડિયાના યુગમાં જ્યાં દરેક વ્યક્તિ પોતાની જાતને શ્રેષ્ઠ સાબિત કરવા મથી રહી છે ત્યાં જેન્ટલમેન શાંત રહીને પોતાનું કામ કરે છે. તે 'શાંત આત્મવિશ્વાસ' (જીૈંઙ્મક ઝ્રહકૈ-ઙ્ખીહષ્ઠી) ધરાવે છે. તેને પોતાની મોંઘી ગાડી કે બ્રાન્ડેડ ઘડિયાળના ફોટા મૂકીને દુનિયાને પ્રભાવિત કરવાની જરૂર નથી લાગતી. તેનું વ્યક્તિત્વ તેના પહેરવેશ કરતાં તેના શબ્દો અને તેના વર્તનથી વધુ પ્રભાવી બને છે. તે હોટેલના વેઈટર સાથે કેવી રીતે વાત કરે છે, રસ્તા પરના ભીખારી પ્રત્યે કેવી દયા રાખે છે અને પોતાનાથી પદમાં નાની વ્યક્તિ સાથે કેવી રીતે વર્તે છે તેના પરથી તેની 'જેન્ટલમેનશિપ' સાબિત થાય છે. તેની નમ્રતા એ કોઈ રણનીતિ નથી, પણ તેનો સ્વભાવ છે.ત્યારે આ આધુનિક જેન્ટલમેન ડિજિટલ એટિકેટ્સને પણ મહત્ત્વ આપે છે. તે સોશિયલ મીડિયા પર કોઈની ટીકા કરતી વખતે કે ચર્ચા કરતી વખતે પોતાની મર્યાદા નથી ચૂકતો. તે અશ્ર્લીલતા કે ટ્રોલિંગથી દૂર રહે છે. તેની ઓનલાઈન હાજરી પણ એટલી જ ગરિમાપૂર્ણ હોય છે જેટલી તેની ઓફલાઈન હાજરી હોય છે. તે મેસેજ કે ઈ-મેલનો જવાબ આપવામાં વિવેક જાળવે છે અને સામેવાળી વ્યક્તિના સમયની કિંમત સમજે છે. આ ઉપરાંત, તે પર્યાવરણ અને સમાજ પ્રત્યે પણ સજાગ હોય છે. તે સમજે છે કે પૃથ્વી પરના સંસાધનો પર માત્ર તેનો જ હક નથી, પણ આવનારી પેઢીનો પણ છે. તેની જીવનશૈલીમાં એક પ્રકારનો સંયમ અને સભાનતા જોવા મળે છે.શારીરિક રીતે પણ આધુનિક જેન્ટલમેન પોતાની સંભાળ રાખે છે, પણ તે કોઈ પ્રદર્શન માટે નહીં. તે સ્વસ્થ રહેવા માટે વ્યાયામ કરે છે અને સાફ-સુથરા રહેવાને પ્રાધાન્ય આપે છે. તેની ગ્રૂમિંગ સેન્સ તેના વ્યક્તિત્વને નિખારે છે. તે ફેશનના આંધળા અનુકરણમાં નથી માનતો, પણ જે પહેરે છે તેમાં તેની ગરિમા જળવાય તેનું ધ્યાન રાખે છે. તેની પસંદગીમાં ક્લાસિક મૂલ્યો અને આધુનિકતાનો સુમેળ હોય છે. તે પુસ્તકો વાંચે છે, દુનિયામાં શું બની રહ્યું છે તેની જાણકારી રાખે છે અને પોતાની જાતને સતત અપડેટ રાખે છે. પોતે એક 'જીવનભરનો વિદ્યાર્થી' છે, જે માને છે કે શીખવાની કોઈ ઉંમર નથી હોતી. તેની પાસે દરેક વિષય પર પોતાનો તાર્કિક મત હોય છે, છતાં તે બીજાના મતનો અનાદર નથી કરતો.આધુનિક જેન્ટલમેનની સૌથી મોટી ઓળખ તેની 'સ્પષ્ટતા' છે. તે પોતાના વચનનો પાકો હોય છે. જો તેણે કોઈને સમય આપ્યો હોય, તો તે સમયસર પહોંચે છે. જો તેણે કોઈ કામ કરવાની હા પાડી હોય, તો તે ગમે તે ભોગે પૂરું કરે છે. તેની કથની અને કરણીમાં કોઈ ફરક હોતો નથી. તે જૂઠું બોલીને કે કોઈને છેતરીને સફળતા મેળવવા કરતા પ્રામાણિક રહીને હારવાનું વધુ પસંદ કરે છે. તેના માટે ચારિત્ર્ય એ સૌથી મોટી મૂડી છે. મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તે પોતાનો સંયમ ગુમાવતો નથી. જ્યારે બીજા લોકો ગુસ્સામાં કે દબાણમાં આવીને વિવેક ભૂલી જાય છે ત્યારે જેન્ટલમેન પોતાની સ્વસ્થતા જાળવી રાખીને ઉકેલ શોધવા પર ધ્યાન આપે છે.આફ્ટરઑલ, આધુનિક જેન્ટલમેન બનવું એ કોઈ મંજિલ નથી, પણ એક અવિરત યાત્રા છે. તે દરરોજ પોતાની ભૂલોમાંથી શીખે છે અને ગઈકાલ કરતાં આજે થોડો વધુ સારો માણસ બનવાનો પ્રયત્ન કરે છે. તે પરંપરાગત શિષ્ટાચાર અને આધુનિક ઉદારતા વચ્ચેનો પુલ છે. તે પોતાના પિતાના સંસ્કારોને સાથે રાખે છે અને પોતાના પુત્ર માટે નવા ઉદાહરણો સ્થાપિત કરે છે. સમાજમાં જ્યારે અરાજકતા, સ્વાર્થ અને ઘોંઘાટ વધતો જતો હોય ત્યારે એક જેન્ટલમેન પોતાની શાંતિ અને સભ્યતાથી વાતાવરણને ગરિમાપૂર્ણ બનાવે છે. સાચો જેન્ટલમેન એ નથી જે દુનિયાને બદલવાની વાતો કરે છે, પણ એ છે જે પોતાના વર્તનથી દુનિયાને વધુ સુંદર અને રહેવા યોગ્ય બનાવે છે. તેનું હોવું એ આસપાસના લોકો માટે સલામતી અને વિશ્વાસનો પર્યાય છે. આ જ આધુનિક જેન્ટલમેનનું સાચું લક્ષણ અને તેની ઓળખ છે.

**ઓટીટી પ્લેટફોર્મ્સ પર દેખાડવામાં આવતી સામગ્રીને લઈને દેશમાં લાંબા સમયથી ચર્ચા થઈ રહી છે.**

# ઓટીટી પર સંતુલિત નિયંત્રણ જરૂરી

**કોરોના કાળ પહેલાં જ્યારે ઓટીટી પ્લેટફોર્મ્સ અને વેબ સિરીઝ આપણા દેશમાં લોકપ્રિય થવાના ચરણમાં હતા ત્યારે કેટલાય નિર્માતાઓએ સેક્સ અને ગાળાગાળી દ્વારા લોકપ્રિય થવાનો રસ્તો પસંદ કર્યો હતો.**

ઓવર ધ ટોપ એટલે કે ઓટીટી પ્લેટફોર્મ્સ પર દેખાતી સામગ્રીના વિનિયમનને લઈને જે ત્રિસ્તરીય વ્યવસ્થા બનાવવામાં આવી હતી, તેના પરિણામ સંતોષજનક નથી દેખાતી. તેનાથી ના તો અશ્લીલતા અટકી રહી છે કે ના વિવાદિત પ્રસંગ. સરકાર તરફથી ઓટીટી પ્લેટફોર્મ્સને સતત પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. તેમને સરકારી સમારોહોમાં ભાગીદાર બનાવાઇ રહ્યા હતા. સ્વાધીનતાના અમૃત મહોત્સવથી લઈને ગોવામાં આયોજિત થનારા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ સુધીમાં તેમની ભાગીદારીના રસ્તા ખોલાઈ રહ્યા હતા. આ વર્ષ તો ફિલ્મ ફેસ્ટિવલમાં ઓટીટી માટે પુરસ્કારની ઘોષણા પણ કરવામાં આવી છે. બીજી તરફ આ પ્લેટફોર્મ્સ પર દેખાડવામાં આવતી સામગ્રીને લઈને ફરિયાદો પણ વધતી જતી હતી. ઓટીટી પ્લેટફોર્મ્સની સામગ્રીઓના સેન્સર માટે એક સંસ્થા બનાવવા પર નિરંતર ચર્ચા થઈ રહી છે. લોકોને લાગે છે કે ભારત જેવા દેશમાં ઓટીટી પ્લેટફોર્મ્સ પર કોઈ પ્રકારનું રેગ્યુલેશન નહિ હોવાથી અરાજકતાને ઉત્તેજન મળી રહ્યું છે. આ ચર્ચાઓને ધ્યાનમાં રાખતાં થોડા દિવસ પહેલાં માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે ઓટીટી પ્લેટફોર્મ્સના પ્રતિનિધિઓ સાથે એક બેઠક કરી, જેમાં આ તમામ બિંદુઓ પર વિસ્તારથી ચર્ચા થઈ. આ ચર્ચામાં સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું. અનુરાગ ઠાકુરે સલાહ આપી કે ઓટીટી પ્લેયર્સે કલાત્મક-રચનાત્મક સ્વતંત્રતાના નામે અશ્લીલતા દેખાડવાથી બચવું જોઈએ. મંત્રીએ આ પ્લેટફોર્મ્સને સલાહ આપી કે તેઓ ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ અને વિવિધતાઓ મુદ્દે સતર્ક રહેવાની સાથે જ તેના પ્રત્યે સંવેદનશીલતાનો પરિચય પણ આપે. કહેવાય છે કે આ બેઠકમાં લસ્ટ સ્ટોરીઝ અને રાણા નાયડુ જેવી સિરીઝની સામગ્રીને લઈને ચર્ચા થઈ. પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવમાં આવીને જે રીતે સામગ્રી પીરસાઈ રહી છે, તે ભારતીય સમાજ માટે કેટલી યોગ્ય છે. ચર્ચા તો એ વાતે પણ થઈ કે ઓટીટી પ્લેટફોર્મ્સના રેગ્યુલેશનને લઈને જે ત્રિસ્તરીય વ્યવસ્થા છે તેમાં એક સ્તર વધુ ઉમેરવામાં આવે. ઓટીટી પર દેખાડવામાં આવતી સામગ્રીની સ્ક્રીપ્ટને શૂટિંગ પહેલાં એક કમિટી જુએ. ઓટીટી પ્લેટફોર્મ્સના પ્રતિનિધિઓને ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે જેથી તેઓ તેને લઈને કોઈ વ્યવસ્તા બનાવે અને સરકારને સૂચવે. એ જોવાની વાત હશે કે આ પ્રકારની વ્યવસ્થઆ કેટલીય વ્યાવહારિક હોઈ શકે છે.ઓટીટી પ્લેટફોર્મ્સ પર દેખાડવામાં આવતી સામગ્રીને લઈને દેશમાં લાંબા સમયથી ચર્ચા થઈ રહી છે. સામગ્રીના પક્ષ અને વિપક્ષમાં કેટલીય પ્રકારના તર્ક જોવા મળે છે. કેટલીય વાર એના પર દેખાડાતી વેબ સિરીઝને લઈને હંગામા પણ થયા છે. કેસ પોલીસથી લઈને અદાલતોમાં પણ ગયો છે. વેબસિરીઝમાં ગાળોની ભરમાર, અશ્લીલતા અને નગ્નતાનું પ્રદર્શન, જબરદસ્ત હિંસા, લઘુમતીઓની સ્થિતિ મુદ્દે વાંધાજનક ટિપ્પણીઓ, કેટલીય વાર સેના અને સૈનિકોની છબિ ખરાબ કરવા જેવા પ્રસંગો પણ જોવા મળ્યા છે. કોરોના કાળ પહેલાં જ્યારે ઓટીટી પ્લેટફોર્મ્સ અને વેબ સિરીઝ આપણા દેશમાં લોકપ્રિય થવાના ચરણમાં હતા ત્યારે કેટલાય નિર્માતાઓએ સેક્સ અને ગાળાગાળી દ્વારા લોકપ્રિય થવાનો રસ્તો પસંદ કર્યો હતો. કેટલીય વિદેશી વેબ સિરીઝમાં નગ્નતા સામાન્ય વાત હતી. ઓટીટીને લઈને કોઈ પ્રકારનું નિયમન નહી હોવાથી નગ્ન દૃશ્યોના પ્રદર્શનમાં કોઈ પ્રકારનો પ્રતિબંધ ન હતો. હજુ પણ નથી. કોરોના કાળમાં ઓટીટી ખૂબ લોકપ્રિય થયું.એક તરફ ઓટીટી પ્લેટફોર્મ્સની લોકપ્રિયતા વધી રહી હતી, પરંતુ સાથે જ ત્યાં દેખાડાતી સામગ્રીને લઈને વિવાદ પણ વધી રહ્યા હતા. સરકારની નજર પણ એના પર હતી. ઈન્ડસ્ટ્રીના લોકોને લઈને લાંબા સમય સુધી ચાલેલા વિચાર-વિમર્શ બાદ ફેબ્રુઆરી, ૨૦૨૧માં ઈન્ટરનેટ મીડિયાને લઈને કેન્દ્ર સરકારે એક ગાઈડલાઈન જારી કરી હતી. તે અંતર્ગત જ ઓટીટી પ્લેટફોર્મ્સને લઈને એક ત્રિસ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા બનાવવામાં આવી હતી. ત્યારે ઓટીટી પ્લેટફોર્મ્સ સાથે જોડાયેલા લોકોએ તેનું સ્વાગત કર્યું હતું. એ વ્યવસ્થાનો કોઈ ખાસ પ્રભાવ જોવા નથી મળ્યો. વેબ સિરીઝ અને ઓટીટી પર દેખાડાતી સામગ્રીને લઈને વિદ ચાલુ રહ્યા. ફરિયાદો પણ આવતી રહી. તેનો નિકાલ પણ થતો રહ્યો, છતાં વિવાદ તો ચાલુ જ રહ્યા. બાદના દિવસોમાં એક ખાસ પ્રકારની પ્રવૃત્તિ જોવા મળી કે આ ઓટીટી પ્લેટફોર્મ્સ પર દેખાડાતી સામગ્રીમાં ક્યારેક પ્રત્યક્ષ તો મોટાભાગે પરોક્ષ રૂપે રાજકીય વિચારો ઉઠાવવાનો અને નકારવાનો ખેલ ચાલવા લાગ્યો. સંવાદથી લઈને દૃશ્યો સુધીમાં. અભિવ્યક્તિની રચનાત્મક સ્વતંત્રતા અને યથાર્થની આડમાં નગ્નતા અને ગાળાગાળી દેખાડવાનું ચલણ ઓછું નથી થયું. આ વર્ષે એપ્રિલમાં સંસદીય સમિતિએ ઓટીટી પ્લેટફોર્મ પર દેખાડાતી અશ્લીલતા પર ચિંતા પ્રગટ કરી હતી. સમિતિના મોટાભાગના સદસ્યોનું માનવું હતું કે જે પ્રકારની અશ્લીલતા આ સિરીઝમાં દેખાડવામાં આવે છે, તે ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો વિરુદ્ધ છે. તેનો દુષ્પ્રભાવ સમાજ પર પડે છે. સરકાર અને સમાજના સ્તર પર પણ તેને લઈને નિરંતર મંથન થઈ રહ્યું છે. ઓટીટી પ્લેટફોર્મ્સ પણ પોતાના ગ્રાહકોની સંખ્યા વધારવા, તેમને જાળવી રાખવા માટે સતત કંટેન્ટમાં પ્રયોગ કરતા રહ્યા. હજુ પણ કરી રહ્યા છે. આ એક અલગ વિષય છે.



# ‘જીવન એટલું લાંબુ છે કે એક ભૂલ માટે માફ ન કરવું યોગ્ય નથી’ : રકુલપ્રીત

## રકુલપ્રીતે પાર્ટનર દ્વારા થતી છેતરપિંડી વિશે વાત કરી

જેકી ભગનાનીએ જ્યારે રકુલ સાથેનાં પોતાનાં લગ્નને “સિચ્યુએશનશિપ” ગણાવ્યાં હતાં, ત્યારે તેણે ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવ્યો હતો. હવે રકુલે પણ સંબંધોમાં વિશ્વાસઘાત અંગે ખુલીને વાત કરી છે. તેણે સ્વીકાર્યું કે કેટલીક વખત એક વખત થયેલી ‘ભુલ’ને માફ કરી શકાય છે.

તાજેતરમાં રકુલ, સારા અલી ખાન અને આયુષ્યમાન ખુરાના સાથે એક યુટ્યુબ શોના એપિસોડમાં જોડાઈ હતી, જ્યાં તેમણે સંબંધોમાં વિશ્વાસઘાત અને છેતરપિંડી ક્યારેય યોગ્ય ગણાવી શકાય કે નહીં તે અંગે ચર્ચા કરી હતી.

જ્યારે તેને પૂછવામાં આવ્યું કે સંબંધમાં છેતરપિંડી ક્યારેય સ્વીકાર્ય હોઈ શકે છે કે નહીં, ત્યારે રકુલે તરત જ મજબુત “ના”માં જવાબ આપ્યો. આ સમયે સારાએ વચ્ચે બોલતાં કહ્યું કે ઓછામાં ઓછું કોઈએ “માફી તો માગવી જ જોઈએ, પરંતુ તે ચોક્કસપણે યોગ્ય નથી.” રકુલે પણ તેની સાથે સહમતિ વ્યક્ત કરી. જોકે આયુષ્માને અલગ દષ્ટિકોણ રજૂ કરતા કહ્યું કે “લગ્નનાં પોતાનાં નિયમો હોય છે. સાથે જ, જો કોઈએ સાચા દિલથી માફી માંગી હોય, તો પછી કેમ નહીં?”

આ પછી રકુલે કહ્યું, “આ નિર્ણયનો આધાર તેની હદ શું છે, તેના પર હોય શકે છેપ હદ શું છે? જો છેતરપિંડી એક આદત બની ગઈ હોય તોપ”

રકુલ પોતાનો વિચાર પુરો કરે તે પહેલાં સારાએ વચ્ચે અટકાવીને પૂછ્યું કે જો કોઈ માત્ર એક જ વખત છેતરપિંડી કરે તો શું તેને સ્વીકાર્ય ગણાવી શકાય? રકુલે જવાબ આપ્યો કે તે તેને યોગ્ય માનતી નથી.


રકુલે આગળ કહ્યું, “પરંતુ જો કોઈ વ્યક્તિથી એક વખત ભુલ થઈ જાય, તો જીવન એટલું લાંબું છે કે એક ભુલ માટે માફ ન કરવું યોગ્ય નથીપ આ વાત મારા વ્યક્તિગત સંબંધ પર લાગુ પડતી નથી. કૃપા કરીને ધ્યાનમાં લેજો.”

આયુષ્માને પણ સમાન વિચાર વ્યક્ત કરતા કહ્યું, “માણસોથી ભુલો થાય છે. પરંતુ જો તેઓ સાચા દિલથી પસ્તાવો કરતાં હોય અને તમને તે વ્યક્તિ માટે લાગણી હોયપ તો જીવન ઘણું લાંબું છે.” સારાએ કહ્યું કે તે કદાચ માફ કરી દે પરંતુ ભુલી નહીં શકે, જ્યારે રકુલે કહ્યું કે જો કોઈ ખરેખર માફ કરે, તો અંતે તેને ભુલવું પણ પડશે.

આ સમગ્ર ચર્ચા થોડા દિવસો પહેલાં રકુલ અને તેનાં પતિ જેકી ભગનાનીનું વ્યક્તિગત જીવન ચર્ચામાં આવ્યા બાદ થઈ હતી.

એક યુટ્યુબ ચેનલને આપેલા એક ઈન્ટરવ્યુમાં જેકીએ કહ્યું હતું, “રકુલ અને હું પરિણિત છીએ, પરંતુ અમે એક પ્રકારની સિચ્યુએશનશિપમાં છીએ. હા, અમે એકબીજા માટે સંપુર્ણ પ્રતિબદ્ધ છીએ કારણ કે અમે લગ્ન કર્યાં છે. પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે હું તેની સાથે કોઈપણ વિષય પર ખુલીને વાત કરી શકું છું.”

# રણવીરના રો અને અનસીન ‘ધુરંધર’ વર્ઝને સ્ટ્રીમિંગ પ્લેટફર્મ પર યુદ્ધ જગાવ્યું



બોક્સ ઓફિસની લડાઈ ભલે પુરી થઈ ગઈ હોય, પરંતુ હવે આ ટક્કર ઓટીટી ક્ષેત્રમાં પહોંચી ગઈ છે. રણવીર સિંહની બ્લોકબસ્ટર ‘ધુરંધર’નું રૉ અને ક્યારેય ન જોયેલું વર્ઝન એક જ દિવસે નેટફ્લિક્સ અને જિઓ હોટસ્ટાર બંને પર સ્ટ્રીમ થવાનું જાહેર થતાં જ ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે અને હવે એક મોટું સ્ટ્રીમિંગ ક્લેશ જોવા મળશે.


ગુરુવારે જાહેરાત કરવામાં આવી હતી કે આદિત્ય ધરની એક્શનથી ભરપૂર સ્પાય થ્રિલર ‘ધુરંધર’ના પ્રથમ ભાગનું ક્યારેય ન જોયું હોય એવું વર્ઝન ૨૨ મેથી નેટફ્લિક્સ અને જિઓ હોટસ્ટાર પર રિલીઝ થશે.

આ અનસીન કટ “રો અને અનફિલ્ટર્ડ” અનુભવ આપવાનું વચન આપે છે, જેમાં દર્શકોને ‘ધુરંધર’ની દુનિયામાં વધુ ઊંડો અને જાણે દર્શકો પણ એનો ભાગ હોય એવો અનુભવ મળશે, સાથે જ કેટલાક ક્યારેય ન જોવામાં આવેલા દ્રશ્યો પણ જોવા મળશે, જે ખાસ દર્શકો માટે તૈયાર કરવામાં આવ્યા છે. હિન્દી સાથે ફિલ્મ તમિલ અને તેલુગુ ભાષામાં પણ ઉપલબ્ધ રહેશે.

આ પગલાએ હવે મોટું ઓટીટી ક્લેશ ઊભું કર્યું છે, કારણ કે બે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ એક જ ફિલ્મને એકસાથે અલગ પ્લેટફોર્મ્સ પર રિલીઝ કરીને સામસામે આવી ગયા છે.

આ પગલાંએ સોશિયલ મીડિયા યુઝર્સને ઉત્સુક પણ બનાવ્યા છે અને ગૂંચવણમાં પણ મૂકી દીધાં છે. કેટલાક ફેન્સ બે મોટા સ્ટ્રીમિંગ જાયન્ટ્સ વચ્ચે એક જ ફિલ્મ માટેની ટક્કર જોવા ઉત્સાહિત છે, જ્યારે કેટલાક લોકો એ પ્રશ્ન કરી રહ્યા છે કે ‘ધુરંધર’ એકસાથે બે સ્પર્ધાત્મક પ્લેટફોર્મ્સ પર શા માટે રિલીઝ થઈ રહી છે. ‘ધુરંધર’ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને ‘ધુરંધર ૨’ આ વર્ષે ૧૯ માર્ચે રિલીઝ થઈ હતી. ફિલ્મમાં રણવીર સિંહ, અક્ષય ખન્ના, સંજય દત્ત, અર્જુન રામપાલ, આર. માધવન, સારા અર્જુન, રાકેશ બેદી, ગૌરવ ગેરા અને ડેનિશ પંડોર જોવા મળે છે. સેકનિકના અહેવાલો મુજબ, પ્રથમ ફિલ્મે વિશ્વભરમાં ૧૩૦૭ કરોડની કમાણી કરી હતી, જ્યારે સિક્વલે ૧૩૬૩ કરોડથી વધુ કમાણી કરી હતી. આ ફિલ્મો જસ્કિરત સિંહ રંગી ઉર્ફે હમઝા અલી મઝારીની કહાની કહે છે, જેને પાકિસ્તાનના લિયારીમાં આતંકી યુનિટને ખતમ કરવા મોકલવામાં આવે છે. તે બલોચ ગેંગમાં ઘુસી જાય છે, લિયારીના એક રાજકારણીની દીકરી સાથે લગ્ન કરે છે અને પોતાનું મિશન પૂર્ણ કરવા માટે ત્યાંના સમાજમાં ભળી જાય છે.ફિલ્મોનાં સ્ટાઈલિશ નેરેટિવ માટે વખાણ થયા હતા, પરંતુ ઘણા લોકોએ આક્ષેપ કર્યો હતો કે ફિલ્મોમાં ભાજપ સરકારનું મહિમાગાન કરવામાં આવ્યું છે અને અગાઉની સરકારોની સિદ્ધિઓને ઓછી બતાવવામાં આવી છે.







# ‘કિંગ’માં શાહરૂખ ૩૧ વર્ષે અનિલ કપૂર, ૨૦ વર્ષે રાની સાથે અને ૧૨ વર્ષે જેકી શ્રોફ સાથે જોવા મળશે

### કિંગમાં જોવા મળશે સ્ટાર્સનું રીયુનિયન

શાહરૂખ ખાનના ૬૦મા જન્મદિવસે ‘કિંગ’નો ફર્સ્ટ લૂક ટીઝર રિલીઝ થયા પછી લગભગ છ મહિના વીતી ગયા છે. છતાં ફિલ્મને લઈને ઉત્સાહ યથાવત રહ્યો છે. જોકે, તેની રિલીઝમાં હજુ લગભગ સાત મહિના બાકી છે. તાજેતરમાં એક એસઆરકે ફેનની ટ્વીટ વાયરલ થઈ છે, જેમાં એક રસપ્રદ અવલોકન કરવામાં આવ્યું હતું, એ મુજબ શાહરુખ ‘કિંગ’ની એન્સેમ્બલ કાસ્ટના ઘણા સભ્યો સાથે લાંબા ગાળાના અંતર પછી કામ કરી રહ્યો છે. જ્યારે તે કેટલાક કલાકારો સાથે એક દાયકાથી પમ વધુ સમય પછી જોવા મળશે. કેટલાક કલાકારો સાથે તે લગભગ ૨૦ કે ૩૦ વર્ષ બાદ સ્ક્રીન સ્પેસ શેર કરી રહ્યો છે.

વાયરલ ટ્વીટ મુજબ અનિલ કપૂર ‘કિંગ’માં એક મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે અને તે છેલ્લે શાહરૂખ ખાન સાથે ‘ત્રિમૂર્તિ’ (૧૯૯૫)માં જોવા મળ્યા હતા, જે ૩૧ વર્ષ પહેલાં રિલીઝ થઈ હતી. આ બંને અભિનેતાઓની સાથે આવેલી એકમાત્ર ફિલ્મ છે. જ્યારે સૌરભ શુક્લા સાથે શાહરુખ ત્રણ વખત કામ કરી ચુક્યો છે — ‘બાદશાહ’ (૧૯૯૯), ‘હે રામ’ (૨૦૦૦) અને ‘મોહબ્બતેં’ (૨૦૦૦). તેથી બંને ૨૬ વર્ષ બાદ ફરી એક ફિલ્મમાં સાથે જોવા મળશે.

જ્યારે શાહરૂખ ખાન અને અર્શદ વારસીએ કોઈ ફિલ્મમાં સાથે સ્ક્રીન શેર કરી નથી. જોકે, શાહરૂખ ‘કુછ મીઠા હો જાયે’ (૨૦૦૫)માં એક મનોરંજક અને મહત્વપૂર્ણ કેમિયોમાં જોવા મળ્યો હતો જેમાં અર્શદ વારસી મુખ્ય ભુમિકામાં હતો.

ત્યાર પછી પછી, શાહરૂખ ખાન અને રાની મુખર્જી છેલ્લે કરણ જોહરની ‘કભી અલવિદા ના કહેના’ (૨૦૦૬)માં સાથે જોવા મળ્યાં હતાં. ‘કિંગ’માં તે એવી કૉ-સ્ટાર છે, જેની સાથે શાહરુખ સૌથી વધુ ૭ વખત કામ કરી ચુક્યો છે, સૌ પહેલાં ‘કુછ કુછ હોતા હૈ’ (૧૯૯૮), ‘હે રામ’, ‘કભી ખુશી કભી ગમ’ (૨૦૦૧), ‘ચલતે ચલતે’ (૨૦૦૩), ‘વીર-ઝારા’ (૨૦૦૪), ‘પહેલી’ (૨૦૦૫) અને ‘કભી અલવિદા ના કહેના’. શાહરુખ રાની મુખર્જીની ‘હર દિલ જો પ્યાર કરેગા’ (૨૦૦૦) અને ‘સાથિયા’ (૨૦૦૨)માં કેમિયોમાં પણ જોવા મળ્યો હતો. બીજી તરફ, શાહરૂખ ખાનની ફિલ્મોમાં રાની ખાસ કેમિયોમાં ‘કલ હો ના હો’ (૨૦૦૩), ‘ઓમ શાંતિ ઓમ’ (૨૦૦૭) અને ‘રબ ને બના દી જોડી’ (૨૦૦૮)માં જોવા મળી હતી. આ રીતે બંનેએ કુલ મળીને ૧૨ ફિલ્મોમાં સાથે કામ કર્યું છે.

જેકી શ્રોફ અને અભિષેક બચ્ચન છેલ્લે ‘હેપ્પી ન્યુ યર’ (૨૦૧૪)માં શાહરુખ સાથે જોવા મળ્યા હતા. જેકી અને એસઆરકેએ અગાઉ ‘કિંગ અંકલ’ (૧૯૯૩), ‘વન ૨ કા ૪’ (૨૦૦૧) અને ‘દેવદાસ’ (૨૦૦૨)માં સાથે કામ કરી ચૂક્યા છે. બીજી તરફ, શાહરુખ અને અભિષેકે ‘હેપ્પી ન્યુ યર’ પહેલાં ‘કભી અલવિદા ના કહેના’માં સ્ક્રીન શેર કરી હતી.

જ્યારે જયદીપ અહલાવતે ‘રઈસ’ (૨૦૧૭)માં સહાયક ભૂમિકા ભજવી હતી, જે શાહરુખ સાથે તેની એકમાત્ર ફિલ્મ હતી. અંતમાં, દીપિકા પાદુકોણ છેલ્લે શાહરુખ સાથે ‘જવાન’ (૨૦૨૩)માં મહત્વની સહાયક ભુમિકામાં જોવા મળી હતી, જે ત્રણ વર્ષ પહેલાં રિલીઝ થઈ હતી. કિંગખાન અને દીપિકા કુલ પાંચ વખત સાથે આવ્યા છે અને આ બધી ફિલ્મો મોટી હિટ સાબિત થઈ છે – ‘ઓમ શાંતિ ઓમ’, ‘ચેન્નઈ એક્સપ્રેસ’ (૨૦૧૩), ‘હેપ્પી ન્યૂ યર’, ‘પઠાણ’ (૨૦૨૩) અને ‘જવાન’. દીપિકાએ શાહરૂખની ‘બિલ્લુ’ (૨૦૦૯) અને ‘ઝીરો’ (૨૦૧૮)માં ખાસ કેમિયો પણ કર્યો હતો. આ ઉપરાંત, અક્ષય ઓબેરોય, અભય વર્મા, રાઘવ જુયાલ, ફહીમ ફાઝલી અને કરણવીર મલ્હોત્રા જેવા કલાકારો પણ ‘કિંગ’માં જોવા મળશે અને તેઓ પહેલીવાર શાહરૂખ ખાન સાથે સ્ક્રીન શેર કરશે.

# ‘ચાંદ મેરા દિલ’ રિલીઝ પહેલાં ૧૧ મિનિટ વધુ લાંબી બની

આ અઠવાડિયે રિલીઝ થનારી ફિલ્મ ‘ચાંદ મેરા દિલ’ને સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશને ૮ મેના રોજ આ લવ સ્ટોરીને U/A ૧૬+ સર્ટિફિકેટ સાથે પાસ કરી હતી. સેન્સર સર્ટિફિકેટ મુજબ ફિલ્મની લંબાઈ ૧૩૫.૩૬ મિનિટ છે. એટલે કે, ‘ચાંદ મેરા દિલ’ ૨ કલાક, ૧૫ મિનિટ અને ૩૬ સેકન્ડ લાંબી છે.

હવે જાણવા મળ્યું છે કે નિર્માતાઓએ ફિલ્મને ૧૧ મિનિટ વધુ લાંબી બનાવી છે. ૨૦ મેના રોજ, નિર્માતાઓએ ફરીથી સેન્સરનો સંપર્ક કરીને જાણ કરી કે તેમણે સ્વૈચ્છિક રીતે ફિલ્મમાં કેટલાક નવા દ્રશ્યો ઉમેર્યા છે અને તેઓ ઈચ્છે છે કે આ ભાગોને પણ મંજૂરી આપવામાં આવે. ત્યારબાદ સેન્સરએ લાંબો કટ જોયો અને ફિલ્મને પાસ કરી હતી.

ફિલ્મમાં ૮ નવા સીન ઉમેરવામાં આવ્યા છે. કેટલાક દ્રશ્યો માત્ર ૯ સેકન્ડ, ૧૬ સેકન્ડ અને ૩૫ સેકન્ડ લાંબા છે, જ્યારે કેટલાકની લંબાઈ ૧ મિનિટ ૧ સેકન્ડથી લઈને ૧ મિનિટ ૩૪ સેકન્ડ સુધી છે. પ્રથમ હાફમાં એક દ્રશ્ય ૩ મિનિટ અને ૫૫ સેકન્ડ લાંબું છે. આ ૮ ઉમેરાયેલા દ્રશ્યોની કુલ લંબાઈ ૧૦ મિનિટ અને ૧૭ સેકન્ડ છે. તે મુજબ, હવે ‘ચાંદ મેરા દિલ’નો નવો રનટાઈમ ૧૪૫.૫૩ મિનિટ છે, એટલે કે ૨ કલાક, ૨૫ મિનિટ અને ૫૩ સેકન્ડ. ‘ચાંદ મેરા દિલ’માં લક્ષ્ય અને અનન્યા પાંડે મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મનું દિગ્દર્શન ‘મીનાક્ષી સુંદરેશ્વર’ (૨૦૨૧) અને ‘આપ જેસા કોઈ’ (૨૦૨૫) ફેમ વિવેક સોનીએ કર્યું છે અને નિર્માણ હિરૂ યશ જોહર, કરણ જોહર, આદર પૂનાવાલા, અપૂર્વ મહેતા, સોમેન મિશ્રા અને મેરિક ડી’સોઝાએ કર્યું છે.

આ ફિલ્મની રિલીઝના દિવસે એટલે કે ૨૨ મેના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા પહેલાંના તમામ શોની ટિકિટ માત્ર ૧૪૯રૂ.માં ઉપલબ્ધ રહેશે. સાંજે ૫:૦૦ વાગ્યા પછી ટિકિટની કિંમત ૧૯૯ રૂ. રહેશે.

# મોહનલાલની ‘દશ્યમ ૩’ એક રોમાંચક સિક્વલના વચન સાથે પૂરી થઈ

## મલયાલમ દશ્યમ ફ્રેન્ચાઇઝીમાં વધુ એક સિક્વલ જોવા મળશે



મોહનલાલની ૨૦૨૬ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક ‘દશ્યમ ૩’ આખરે રિલીઝ થઈ અને ખાસ કરીને સાઉથમાં રેકોર્ડ ઓપનિંગ મળ્યું છે. ફિલ્મ રિલીઝ પહેલાં એવા અહેવાલો હતા કે આ ત્રીજો ભાગ આ લોકપ્રિય ફ્રેન્ચાઈઝીની છેલ્લી ફિલ્મ હશે. જોકે, હવે જાણવા મળ્યું છે કે એવું નથી.ફિલ્મ રિલીઝ પછી એવા અહેવાલો છે કે ‘દશ્યમ ૩’ એક નિર્ણાયક મુકામ પર અટકે છે, જેમાં નિર્માતાઓએ ચોથા ભાગ માટે મજબૂત પાયો તૈયાર કર્યો છે. ઘટનાઓ જે રીતે આગળ વધે છે, તે જોતા કહી શકાય કે ‘દશ્યમ ૪’ વધુ રોમાંચક અને ભયાનક બની શકે છે.‘દશ્યમ ૩’માં મોહનલાલ, મીના, અંસિબા હસન, એસ્થર અનિલ, આશા શરથ અને અન્ય કલાકારો છે. ફિલ્મનું લેખન અને દિગ્દર્શન જિતુ જોસેફે કર્યું છે અને નિર્માણ એન્ટોની પેરુંબાવુરે કર્યું છે. પ્રથમ ભાગ ‘દશ્યમ’ ૨૦૧૩માં રિલીઝ થયો હતો અને તે સમયે સર્વકાલીન સૌથી વધુ કમાણી કરનાર મલયાલમ ફિલ્મ બની હતી. બીજો ભાગ ‘દશ્યમ ૨’ ૨૦૨૧માં કોવિડ સંબંધિત પ્રતિબંધોને કારણે સીધો ઓટીટી પર રિલીઝ થયો હતો અને તેને ભારે પ્રશંસા મળી હતી.ત્યારે હવે આ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ ‘દશ્યમ ૩’ કેરળ અને ભારતના અન્ય ભાગોમાં લગભગ ૧૨૦૦ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. વિદેશોમાં ફિલ્મ વધુ મોટા પાયે, ૧૫૦૦થી વધુ સ્ક્રીન્સ પર રિલીઝ થઈ છે. ફિલ્મને કુલ ૬૬ દેશોમાં રજૂ કરવામાં આવી છે. ટૂંકમાં કહીએ તો, ‘દશ્યમ ૩’ વિશ્વભરમાં અંદાજે ૨૭૦૦ સ્ક્રીન્સ પર રિલીઝ થઈ છે.





# રાજકુમાર હિરાનીનો પહેલો વેબ શો ‘પ્રિતમ એન્ડ પેદ્રો’ ૩ જુલાઈથી સ્ટ્રીમ થશે

ઘણી વખત મોટી વાર્તા પણ સૌથી અણધાર્યા સંકેત સાથે શરૂ થાય છે. બીચ પર એક એટીએમ રેઢું પડ્યું છે, કોઈ બે અજાણઅયા લોકો તેની બાજુમાં ઉભા છે અને આ રહસ્ય પર અનેક લોકોને તરત જ ખુબ ઉત્સુકતા જન્મે છે. આવી કંઈક વાર્તા છે, પ્રિતમ એન્ડ પેદ્રોની. આ સિરીઝ સાથે રાજ કુમાર હિરાની ઓટીટીની દુનિયામાં ડેબ્યુ કરી રહ્યા છે. આ સિરીઝમાં પણ તેઓ જે પ્રકારની ફિલ્મો માટે જાણીતા છે, એવી હુંફ, લાગણીઓ અને માનવીઓ વાતોનું મિશ્રણ જોવા મળશે પરંતુ ફિલ્મના બદલે લાંબા ફોર્મેટમાં. તેમના વેબમાં પ્રવેશ સાથે દર્શકોને પણ એક તંદુરસ્ત મનોરંજન અને તાજગીસભર વાર્તાની અપેક્ષા છે.

પ્રિતમ એન્ડ પેદ્રો અવિનાશ અરુણ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જે દર્શકો માટે કશુંક અલગ, નવું છતાં જમીનથી જોડાયેલું અને અણધાર્યું છે, છતાં તેની વાર્તા બિલકુલ ગુપ્ત રહે છે.આ સિરીઝ ૩ જુલાઈથી હોટસ્ટાર પર આવી રહી છે, ત્યારે જિયો સ્ટારના હિન્દી અને ઈંગ્લિશ એન્ટરટેઈન્મેન્ટના હેડ આલોક જૈને જણાવ્યું કે, “અમે માનીએ છીએ કે અતિ ઉત્સુકતા જગાવનારી વાર્તાઓ એવી હોય છે, જેના મૂળ ખુબ ઉંડા હોવા છતાં તેની વાર્તા વિશ્વકક્ષાએ મનોરંજન આપી શકે એવી હોય. જે વાર્તાઓ હુંફ, રમુજ, લાગણી અને માનવીય જોડાણનાં તત્વો ધરાવતી હોય તે દર્શકોના મનમાં પણ ખાસ સ્થાન ધરાવે છે. આ રીતે દર્શકોના મનમાં ખાસ અને સતત છાપ છોડનારા રાજકુમાર હિરાની જેવા બહુ ઓછા મેકર્સ હોય છે. તેમની સાથે પ્રિતમ અને પેદ્રો માટે જોડાતા અમે પણ બહુ ખુશ છીએ.”

જ્યારે આ સિરીઝ વિશે રાજકુમાર હિરાનીએ જણાવ્યું, “જ્યાં બિલકુલ અલગ પ્રકારના લોકોએ એકબીજા સાથે મળીને જીવનમાં આગળ વધવું પડે તેવી પરિસ્થિતિ ઉભી કરતી વાર્તાઓ મને બહુ ગમે છે. પ્રિતમ એન્ડ પેદ્રોમાં ઘણી હુંફ, રમુજ અને ગાંડપણ રહેલું છે. લાંબા ફોર્મેટના કારણે અમને આ પાત્રો સાથે વધુ સમય વિતાવવાની તક મળી. અમારા માટે પણ આ અલગ અનુભવ રહ્યો છે અને જિયો હોટસ્ટારની મદદથી દર્શકો સમક્ષ કશુંક નવું લાવવાનો અમને આનંદ છે.”



# AI કોચિંગ પ્લેટફોર્મ કાબુનીએ મહાન ક્રિકેટર ડી વિલિયર્સને કરારબદ્ધ કર્યો

ક્રિકેટ ટ્રેનિંગને નવી દિશા આપતી AI આધારિત સ્પોર્ટ્સ ટેક્નોલોજી પ્લેટફોર્મ કાબુની (Kabuni) એ ગુરુવારે સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન અને વૈશ્વિક ક્રિકેટ સ્ટાર એબી ડી વિલિયર્સને પોતાના સુપર કોટ તરીકે નિયુક્ત કર્યો હતો.

ડી વિલિયર્સના સમાવેશથી કાબુનીના દરેક સ્તરના ખેલાડીઓ સુધી વિશ્વસ્તરીય ક્રિકેટ કોચિંગ પહોંચાડવાના મિશનમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. તેઓ અગાઉ જાહેર કરાયેલા કાબુની સુપર કોચ સૌરવ ગાંગુલી અને શન વોટ્સનની સાથે હવે સાઉથ આફ્રિકન દિગ્ગજની સેવા લેશે.આ સહયોગ અદ્યતન ટેક્નોલોજીને ડી વિલિયર્સની ઊંડી ક્રિકેટિંગ સમજ સાથે જોડે છે, જે ઉભરતા ક્રિકેટરો માટે ડેટા આધારિત સમજણ અને વાસ્તવિક અનુભવનું શક્તિશાળી સંયોજન તૈયાર કરે છે. ભારતમાં ૧૨થી ૧૬ વર્ષની વયના યુવાનોને જૂનમાં શરૂ થનારી નવી રાષ્ટ્રીય ટુર્નામેન્ટ દ્વારા ડી વિલિયર્સની ટીમ માટે રમવાની તક મળશે. જેમાં Kabuni ની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.આ પ્લેટફોર્મ પરંપરાગત નેટ પ્રેક્ટિસને બદલવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે વાસ્તવિક સમયમાં ખેલાડીઓની હલચલ અને બોલ ટ્રેકિંગને કૅપ્ચર કરે છે અને તેને સરળ તથા અમલમાં મૂકી શકાય તેવા પ્રતિસાદમાં પરિવર્તિત કરે છે. તેની અનોખી "૧% સુધારો" પદ્ધતિ દ્વારા સિસ્ટમ નાના અને તાત્કાલિક સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સમય જતાં મહત્વપૂર્ણ પ્રદર્શનમાં સુધારાઓ તરફ દોરી જાય છે.વૉઈસ, વિડિયો અને દશ્ય સંકેતોને એકીકૃત કરીને કાબુની ખાતરી કરે છે કે પ્રતિસાદ માત્ર ડેટા આધારિત ન રહે પરંતુ ખાસ કરીને યુવા અને વિકસતા ખેલાડીઓ માટે સહજ અને સરળતાથી લાગુ કરી શકાય તેવું બની શકે છે.

# ચેન્નાઈ સામે શાનદાર વિજય સાથે ગુજરાત બીજા ક્રમે યથાવત

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૮૯ રનથી કારમી હાર સાથે ચેન્નાઈ આઉટ, ટાઇટન્સના બોલર્સનો તરખાટ

આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે એવી બે ટીમ રમવાની છે જેને હારની ચિંતા નથી અને પ્લે ઓફમાં સ્થાનની પણ ચિંતા નથી કેમ કે બંને ટીમ અગાઉથી જ ક્વોલિફાઈ કરી ચૂકી છે પરંતુ હવે તેઓ મોખરાના સ્થાન માટે લડી રહ્યા છે. રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ શુક્રવારે અહીના રાજીવ ગાંધી સ્ટેડિયમ ખાતે ટકરાશે ત્યારે આ મુકાબલો અલગ જ કારણોસર રસપ્રદ બની શકે તેમ છે. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.

આમ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેનો આ મુકાબલો બંને ટીમ માટે ટેબલમાં ટોપ-ટુમાં સ્થાન નિશ્ચિત કરવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની રહેવાનો છે. બેંગલોર હાલમાં ૧૮ પોઈન્ટ અને ૧.૦૬૫ના નેટ રનરેટ (NRR) સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. આ મેચમાં જીતીને તે પોતાનું મોખરાનું સ્થાન ટકાવી રાખશે અને તેમ થશે તો ક્વોલિફાયર-૧માં રમવાની સાથે તેની પાસે ફાઈનલમાં પ્રવેશવા માટે બે તક રહેશે કેમ કે ક્વોલિફાયર-૧માં હારનારી ટીમને વધુ એક તક મળતી હોય છે.

બીજી તરફ સનરાઈઝર્સ હૈદરાબાદ ૧૩ મેચમાં ૧૬ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. જો તેમને ટોપ-ટુમાં પ્રવેશવું હોય તો આ મેચમાં તેણે આરસીબીને મોટા અંતરથી હરાવવું પડશે અને સાથે જ એવી પ્રાર્થના કરવી પડશે કે ચેન્નાઈ સુપર કિંગ્સ ગુજરાત ટાઈટન્સને હરાવે. (જોકે ગુજરાતની મેચ ગુરુવારે રાત્રે રમાઈ જશે.

રજત પાટીદારના નેતૃત્વમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ફરી એક વાર શાનદાર પ્રદર્શન કર્યું છે. વિરાટ કોહલીએ ૧૩ મેચમાં ૫૪૨ રન ફટકારીને પોતાની સાતત્યતા પુરવાર કરી છે, જ્યારે તાજેતરમાં જ ભારતીય ટીમમાં સ્થાન પામેલો દેવદત્ત પડિક્કલ પણ ફોર્મમાં છે. બોલિંગમાં ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડની જોડીએ મહત્વની ભૂમિકા ભજવી છે. કૃણાલ પંડ્યા, સુયાશ શર્મા અને રોમારિયો શેફર્ડ પણ ટીમને મજબૂતી આપી રહ્યા છે. આ તરફ હૈદરાબાદ ભલે આ અગાઉ સતત પાંચ જીત સાથે લયમાં જોવા મળી હોય પરંતુ છેલ્લી ચાર મેચમાં તેમને મળેલી બે હાર તેમના માટે ચિંતાનો વિષય છે. અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ, ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન જેવા ખેલાડીઓ કોઈ પણ




બોલિંગ આક્રમણને તોડી પાડવા સક્ષમ છે પરંતુ નિર્ણાયક સમયે બેટિંગમાં જોવા મળતી અસંગતતા તેમને નડી રહી છે. ખાસ કરીને કેટલીક મેચથી અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડના બેટમાંથી રન આપતા બંધ થઈ ગયા છે. હૈદરાબાદની ટીમ તેના હોમગ્રાઉન્ડ પર રમવાની છે તે તેનું જમાપાસું હોઈ શકે પરંતુ તેના બોલર્સે હરીફ ટીમના વિરાટ કોહલીને અંકુશમાં રાખવો પડશે. પેટ કમિન્સનું નેતૃત્વ ટીમ માટે આત્મવિશ્વાસનું કારણ છે. ઈજામાંથી પરત ફરેલા કમિન્સે બોલિંગ યુનિટને વધુ નિયંત્રણ આપ્યું છે, જ્યારે શ્રીલંકન પેસર ઈશાન મલિંગા આ સિઝનની સૌથી મોટી શોધ સાબિત થયો છે.એકંદરે આ મેચમાં બેંગલોર ફેવરિટ તરીકે ઉતરશે પરંતુ હૈદરાબાદની ટીમ કોઈ પણ સમયે બાજી પલટવાની ક્ષમતા ધરાવે છે. આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે એવી બે ટીમ રમવાની છે જેને હારની ચિંતા નથી અને પ્લે ઓફમાં સ્થાનની પણ ચિંતા નથી કેમ કે બંને ટીમ અગાઉથી જ ક્વોલિફાઈ કરી ચૂકી છે પરંતુ હવે તેઓ મોખરાના સ્થાન માટે લડી રહ્યા છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ શુક્રવારે અહીના રાજીવ ગાંધી સ્ટેડિયમ ખાતે ટકરાશે ત્યારે આ મુકાબલો અલગ જ કારણોસર રસપ્રદ બની શકે તેમ છે. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.

આમ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેનો આ મુકાબલો બંને ટીમ માટે ટેબલમાં ટોપ-ટુમાં સ્થાન નિશ્ચિત કરવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની રહેવાનો છે. બેંગલોર હાલમાં ૧૮ પોઈન્ટ અને ૧.૦૬૫ના નેટ રનરેટ (NRR) સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. આ મેચમાં જીતીને તે પોતાનું મોખરાનું સ્થાન ટકાવી રાખશે અને તેમ થશે તો ક્વોલિફાયર-૧માં રમવાની સાથે તેની પાસે ફાઈનલમાં પ્રવેશવા માટે બે તક રહેશે કેમ કે ક્વોલિફાયર-૧માં હારનારી ટીમને વધુ એક તક મળતી હોય છે.

બીજી તરફ સનરાઈઝર્સ હૈદરાબાદ ૧૩ મેચમાં ૧૬ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. જો તેમને ટોપ-ટુમાં પ્રવેશવું હોય તો આ મેચમાં તેણે આરસીબીને મોટા અંતરથી હરાવવું પડશે અને સાથે જ એવી પ્રાર્થના કરવી પડશે કે ચેન્નાઈ સુપર કિંગ્સ ગુજરાત ટાઈટન્સને હરાવે. (જોકે ગુજરાતની મેચ ગુરુવારે રાત્રે રમાઈ જશે.

રજત પાટીદારના નેતૃત્વમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ફરી એક વાર શાનદાર પ્રદર્શન કર્યું છે. વિરાટ કોહલીએ ૧૩ મેચમાં ૫૪૨ રન ફટકારીને પોતાની સાતત્યતા પુરવાર કરી છે, જ્યારે તાજેતરમાં જ ભારતીય ટીમમાં સ્થાન પામેલો દેવદત્ત પડિક્કલ પણ ફોર્મમાં છે. બોલિંગમાં ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડની જોડીએ મહત્વની ભૂમિકા ભજવી છે. કૃણાલ પંડ્યા, સુયાશ શર્મા અને રોમારિયો શેફર્ડ પણ ટીમને મજબૂતી આપી રહ્યા છે.


આ તરફ હૈદરાબાદ ભલે આ અગાઉ સતત પાંચ જીત સાથે લયમાં જોવા મળી હોય પરંતુ છેલ્લી ચાર મેચમાં તેમને મળેલી બે હાર તેમના માટે ચિંતાનો વિષય છે. અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ, ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન જેવા ખેલાડીઓ કોઈ પણ બોલિંગ આક્રમણને તોડી પાડવા સક્ષમ છે પરંતુ નિર્ણાયક સમયે બેટિંગમાં જોવા મળતી અસંગતતા તેમને નડી રહી છે. ખાસ કરીને કેટલીક મેચથી અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડના બેટમાંથી રન આપતા બંધ થઈ ગયા છે.

# સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચ પહેલા RCBને રાહત : રજત પાટીદાર ફિટ



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ના ક્રિકેટ ડિરેક્ટર મો બોબાટે આજે સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની ગ્રુપ સ્ટેજ મેચ માટે કેપ્ટન રજત પાટીદારની ઉપલબ્ધતાની પુષ્ટિ કરી. રાયપુરમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામેની મેચ દરમિયાન રજતને માથામાં ઈજા થઈ હતી. આ ઈજાના કારણે તે ધર્મશાળામાં પંજાબ કિંગ્સ સામેની મેચમાં રમી શક્યો નહીં."રજત હવે સંપૂર્ણપણે તૈયાર છે. અમે તેમના માટે ખૂબ જ સાવધાની રાખી હતી અને કોઈ જોખમ લીધું ન હતું. અમે વિચાર્યું હતું કે અમે તેને સ્વસ્થ થવા અને આરામ કરવા માટે થોડો વધુ સમય આપીશું, પરંતુ તે અહીં છે, પ્રેક્ટિસ કરી રહ્યો છે અને રમવા માટે સંપૂર્ણપણે તૈયાર છે," બોબટે SRH સામેની મેચ પહેલા કહ્યું.

# ફ્રેક્ચર હોવા છતાં વરુણ રમે છે : શેન વોટ્સનનો ખુલાસો



કોલકાતા નાઈટ રાઈડર્સના સહાયક કોચ શેન વોટસનએ ભારતના મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીની પ્રશંસા કરી છે, જે ડાબા પગમાં હેરલાઈન ફ્રેક્ચર હોવા છતાં સતત IPLમાં રમી રહ્યા છે.

વોટ્સને જણાવ્યું કે, વરુણ ટીમને પ્લેઓફની રેસમાં જાળવી રાખવા માટે યોગદાન આપવા આતુર છે. વરુણને ૮ મેના રોજ દિલ્હી કેપિટલ્સ સામેની મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે ઈજા પહોંચી હતી.

વોટ્સને કહ્યું, "મને ચોક્કસ ખબર નથી કે હાલમાં તે રિહેબના કયા તબક્કામાં છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકું છું કે તે પીડા સાથે રમે છે, જે બતાવે છે કે તે કેટલો બહાદુર છે. તે કોલકાતા માટે યોગદાન આપવા ખૂબ જ ઉત્સુક છે અને ઈજા છતાં શાનદાર બોલિંગ કરી રહ્યો છે."

# ફ્રીબર્ગને હરાવીને એસ્ટન વિલા યુરોપા લીગ ફૂટબોલ ચેમ્પિયન

યુરોપા લીગ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં એસ્ટન વિલાએ બુધવારે રાત્રે ઐતિહાસિક જીત હાંસલ કરીને યુરોપા લીગમાં વર્ચસ્વ જમાવી દીધું હતું. તેણે ૩૦ વર્ષના ટાઈટલના દુકાળનો અંત આણીને મુખ્ય ટ્રોફી જીતી હતી..

ઈસ્તંબુલમાં બુધવારે રમાયેલી યુરોપા લીગની ફાઈનલમાં એસ્ટન વિલાએ ફ્રીબર્ગને ૩-૦થી હરાવીને ૩૦ વર્ષના લાંબા અંતરાલ બાદ કોઈ મોટી ટ્રોફી જીતવાનો ઈતિહાસ રચ્યો હતો. આ વિજયની સાથે જ એસ્ટન વિલાના કોચ ઉનાઈ એમરીએ પોતાની કારકિર્દીમાં પાંચમી વખત આ ટાઈટલ જીતીને 'યુરોપા લીગના કિંગ' તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે.

આ સફળતાના સાક્ષી બનવા માટે ઈંગ્લેન્ડના ભાવિ રાજા અને એસ્ટન વિલાના કટ્ટર સમર્થક પ્રિન્સ વિલિયમ ખાસ હાજર રહ્યા હતા. સ્ટેડિયમમાં મેચ દરમિયાન તેમનો



ઉત્સાહ જોવા જેવો હતો. વિજય બાદ પ્રિન્સ વિલિયમે સોશિયલ મીડિયા (ઠ) પર લખ્યું હતું "અદભૂત નાઈટ! તમામ ખેલાડીઓ, ટીમ, સ્ટાફ અને ક્લબ સાથે જોડાયેલા દરેક વ્યક્તિને ખૂબ ખૂબ અભિનંદન!" ટીમના કેપ્ટન જહોન મેકગિને જણાવ્યું હતું કે, "પ્રિન્સ વિલિયમ એક અદભૂત વ્યક્તિ છે. મેચ અગાઉ તેઓ ડ્રેસિંગ રૂમમાં પણ આવ્યા હતા અને તેઓ ટીમ માટે ખૂબ જ સમર્પિત છે."કોચ ઉનાઈ એમરી માટે આ જીત વ્યક્તિગત રીતે પણ ખૂબ મહત્વની છે. એમરીએ અગાઉ સેવિલા (૨૦૧૪-૧૬) અને વિલારિયલ (૨૦૨૧) સાથે પણ આ ટ્રોફી જીતી હતી. હવે વિલા સાથે તેમણે પાંચમું ટાઈટલ હાંસલ કર્યું છે.૨૦૨૨માં જ્યારે એમરીએ ટીમનો ચાર્જ સંભાળ્યો ત્યારે એસ્ટન વિલા રેલિગેશન ઝોનમાં હતું. તેમની આગેવાની હેઠળ ટીમે માત્ર બે વર્ષમાં ચેમ્પિયન્સ લીગમાં સ્થાન મેળવ્યું અને હવે યુરોપિયન ચેમ્પિયન બની છે. બુધવારની મેચમાં એસ્ટન વિલાનું પ્રદર્શન આક્રમક રહ્યું હતું. મેચની ૪૧મી મિનિટે યુરી ટિલેમેન્સે મોર્ગન રોજર્સના ક્રોસ પર શાનદાર વોલી કરીને ટીમને ૧-૦થી સરસાઈ અપાવી હતી. અગાઉ એમિલિયાનો બુએન્ડિયાએ બોક્સની બહારથી કર્વિંગ શૉટ મારીને સ્કોર ૨-૦ કરી દીધો હતો. ૫૮મી મિનિટે મોર્ગન રોજર્સે ત્રીજો ગોલ કરીને ફ્રીબર્ગની પુનરાગમનની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. એસ્ટન વિલા માટે આ ૧૯૯૬ની લીગ કપ જીત બાદ આ પ્રથમ મુખ્ય ટ્રોફી વિજય છે. છેલ્લે ૧૯૮૨માં ટીમે યુરોપિયન કપ જીત્યો હતો. કેપ્ટન જહોન મેકગિને આ જીતને પોતાની કારકિર્દીની સૌથી ગર્વપૂર્ણ ક્ષણ ગણાવી હતી.

# નિષ્ફળતા બાદ હાર્દિક પંડ્યાએ બેલ્સ ઉડાવી દીધી, પેનલ્ટી કરાઈ




આઈપીએલમાં બુધવારે રમાયેલી કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની ટી૨૦ ક્રિકેટ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ગેરવર્તન કરતાં તેને પેનલ્ટી તથા એક ડીમેરિટ પોઈન્ટ કાપી લેવાની સજા જાહેર કરાઈ છે.

અહીના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને ગંભીર આંચકો લાગ્યો છે. મેચ દરમિયાન નિરાશાજનક બોલિંગ સ્પેલ બાદ વિકેટ પરની બેલ્સને જોરથી પછાડવા બદલ તેના પર દસ ટકા મેચ ફીનો આર્થિક દંડ અને ડીમેરિટ પોઈન્ટની કાર્યવાહી કરવામાં આવી છે.

બુધવારે રમાયેલી આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ચાર વિકેટથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. કોલકાતાએ ૧૪૮ રનનો લક્ષ્યાંક સાત બોલ બાકી હતા ત્યારે જ હાંસલ કરી લીધો હતો. આ દરમિયાન હાર્દિક પંડ્યાએ પોતાની બોલિંગની બે ઓવરમાં ૧૩ રન આપ્યા હતા અને તેને એક પણ વિકેટ મળી ન હતી. મેચની બીજી ઈનિંગ્સની ૧૦મી ઓવરના ચોથા બોલ બાદ જ્યારે હાર્દિક પોતાના રન-અપ પર પાછો ફરી રહ્યો હતો, ત્યારે તેણે નિરાશામાં વિકેટ પર રહેલી બેલ્સને જોરથી પછાડી દીધી હતી.

આઈપીએલ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન મુજબ, હાર્દિકે આચાર સંહિતાની કલમ ૨.૨ નો ભંગ કર્યો છે. મેચ રેફરી રાજીવ શેઠ દ્વારા લગાવવામાં આવેલી આ સજાને હાર્દિકે સ્વીકારી લીધી હતી. ઉલ્લેખનીય છે કે જો કોઈ ખેલાડીના ખાતામાં ચારથી સાત ડીમેરિટ પોઈન્ટ જમા થાય તો તેને એક મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ માટે આ સિઝન અત્યંત નિરાશાજનક રહી છે. ટીમ અત્યાર સુધી રમાયેલી મેચોમાંથી માત્ર ચારમાં જ વિજય મેળવી શકી છે અને પ્લે-ઓફની રેસમાંથી અગાઉથી જ બહાર ફેંકાઈ ગઈ છે. હવે ટીમ આ સિઝનની પોતાની અંતિમ મેચ રવિવારે રાજસ્થાન રોયલ્સ સામે રમશે.


# શુભમન ગિલે T20 માં ૬૦૦૦ રન અને ૨૦૦ છગ્ગા પૂરા કર્યા, સુદર્શન સાથે ૧૫મી વખત ૫૦+ રનની ભાગીદારી

ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે IPL ૨૦૨૬ માં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સામેની મેચ દરમિયાન એક મોટો સિમાચિહ્ન હાંસલ કર્યો. ગિલે T20I માં ૬,૦૦૦ રન પૂરા કર્યા.

વધુમાં, તેણે રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં ૨૦૦ છગ્ગા પણ ફટકાર્યા. વર્તમાન સીઝનમાં ગિલનું બેટ ધૂમ મચાવી રહ્યું છે, તેણે ટીમ માટે સતત મજબૂત ઈનિંગ્સ રમી છે.

ગિલ T20I માં ૬,૦૦૦ રન પૂરા કરનાર ત્રીજો સૌથી ઝડપી ભારતીય બન્યો. કેએલ રાહુલ અને વિરાટ કોહલીએ તેમના કરતા ઓછી ઈનિંગ્સમાં ભારત માટે આવું કર્યું છે.રાહુલે ૧૬૬ T20I ઈનિંગ્સમાં ૬,૦૦૦ રન પૂરા કર્યા, જ્યારે કોહલીએ આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે ૧૮૪ ઈનિંગ્સનો સમય લીધો.

આ દરમિયાન, શુભમન ગિલે ૧૮૫ ઈનિંગ્સમાં T20I માં ૬,૦૦૦ રન પૂરા કર્યા.સૌથી ઝડપી T20I રનનો રેકોર્ડ ક્રિસ ગેઈલના નામે છે, જેમણે ૧૬૨ ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી.પાકિસ્તાનના બાબર આઝમ બીજા ક્રમે છે, જેમણે આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે ૧૬૫ ઈનિંગ્સ લીધી.અત્યાર સુધી, ત્રણ ખેલાડીઓ એવા હતા જેમણે ૨૭ વર્ષની ઉંમર પહેલા પુરુષોની T20I માં ૬,૦૦૦ રન પૂરા કર્યા હતા. હવે, ગિલ આ યાદીમાં જોડાઈ ગયો છે. ગિલ હાલમાં ૨૬ વર્ષ અને ૨૫૫ દિવસનો છે. આ પહેલા, બાબર, રહેમાનુલ્લાહ ગુરબાઝ અને વિલ જેક્સ આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.



# એક પરીક્ષા... કરોડો આશાઓ... અને પારદર્શિતાની જરૂરિયાત

ગુજરાત સહિત સમગ્ર ભારતના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે NEET હવે માત્ર એક પ્રવેશ પરીક્ષા નથી રહી; તે લાખો પરિવારોના સપનાઓ, વર્ષોની મહેનત અને ભાવનાત્મક યાત્રાનું પ્રતિક બની ગઈ છે. વર્ષ ૨૦૨૫માં દેશભરમાં આશરે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ NEET-UG પરીક્ષા આપી હતી, જ્યારે સમગ્ર ભારતમાં MBBS માટે આશરે ૧.૨૬ લાખ જેટલી બેઠકો ઉપલબ્ધ હતી. એટલે કે લગભગ દરેક ૧૭થી ૧૮ વિદ્યાર્થીઓ સામે માત્ર ૧ MBBS બેઠક ઉપલબ્ધ બને છે. આ આંકડા સ્પર્ધાની ગંભીરતા દર્શાવે છે અને સમજાવે છે કે કેમ NEET આજે દેશની સૌથી સંવેદનશીલ અને પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એક બની ગઈ છે.



જો દરેક વિદ્યાર્થી સાથે સરેરાશ ચારથી પાંચ પરિવારજનોની આશાઓ અને લાગણીઓ જોડાયેલી ગણીએ, તો સીધી કે પરોક્ષ રીતે એક કરોડથી વધુ લોકો NEETની પ્રક્રિયાથી પ્રભાવિત થાય છે. હકીકતમાં NEET માટેની તૈયારી માત્ર વિદ્યાર્થી જ નથી કરતો; ઘણા પરિવારોમાં ધોરણ ૯ અથવા ૧૦થી જ "મારો દીકરો કે દીકરી ડૉક્ટર બનશે" એવું સ્વપ્ન જીવાતું શરૂ થઈ જાય છે. માતા-પિતા કોચિંગ, પુસ્તકો, શાળા અને માર્ગદર્શન માટે પોતાના ખર્ચા ઓછા કરે છે, દાદા-દાદી પ્રાર્થના કરે છે, ભાઈ-બહેન પ્રોત્સાહન આપે છે અને આખું કુટુંબ વિદ્યાર્થીની પ્રગતિ સાથે ભાવનાત્મક રીતે જોડાઈ જાય છે. તેથી જ્યારે paper leak જેવી ઘટનાઓ સામે આવે છે ત્યારે માત્ર એક પરીક્ષાની વિશ્વસનીયતા જ નહીં, પરંતુ લાખો પરિવારોનો વિશ્વાસ પણ હચમચી જાય છે. દેશના અનેક શિક્ષણવિદો, IITના પૂર્વ ડિરેક્ટરો અને ટેક્નોલોજી નિષ્ણાતો હવે માને છે કે NEET™u ,t...qýo Computer Based Test (CBT) તરફ લઈ જવું સમયની જરૂરિયાત છે. Artificial Intelligence, biometric verification, encrypted question papers અને real-time monitroing જેવી ટેક્નોલોજી દ્વારા paper leak અને ગેરરીતિઓને મોટા પ્રમાણમાં રોકી શકાય છે. કેટલાક નિષ્ણાતોએ વર્ષમાં બે કે ત્રણ વખત પરીક્ષા લેવાની અને aptitude આધારિત evaluation system વિકસાવવાની પણ સલાહ આપી છે જેથી વિદ્યાર્થીઓ પરનો એકદિવસીય માનસિક દબાણ ઘટે.

હાલમાં ભારતમાં આશરે ૭૮૦થી વધુ મેડિકલ કોલેજો કાર્યરત છે અને કુલ MBBS બેઠકોનો આંકડો આશરે ૧.૨૬ લાખ સુધી પહોંચ્યો છે. છતાં દેશની લગભગ ૧૫૦ કરોડની વસ્તી સામે ડૉક્ટરોની જરૂરિયાત હજુ પણ ખૂબ મોટી છે. આરોગ્ય ક્ષેત્રના અનેક અભ્યાસો દર્શાવે છે કે ભારતને ભવિષ્યમાં વધુ ગુણવત્તાસભર ડૉક્ટરો, હોસ્પિટલો અને આરોગ્યસેવાઓની જરૂર પડશે. કદાચ એ જ કારણ છે કે સમાજમાં ડૉક્ટર બનવું આજે પણ અત્યંત પ્રતિષ્ઠિત અને સન્માનજનક માનવામાં આવે છે અને મર્યાદિત બેઠકોને કારણે કેટલીક અસામાજિક તાકાતો paper leak જેવી ગેરરીતિઓ તરફ આકર્ષાય છે. ગુજરાતની વાત કરીએ તો રાજ્યમાં હાલમાં આશરે ૪૧થી ૪૩ મેડિકલ કોલેજો કાર્યરત છે અને કુલ MBBS બેઠકો આશરે ૭,૦૦૦થી ૭,૫૦૦ વચ્ચે છે. જેમાં સરકારી તેમજ ખાનગી બંને મેડિકલ કોલેજોનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫માં ગુજરાતમાંથી આશરે ૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ દ્વઈઈ્ પરીક્ષામાં બેઠા હતા. આ આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં પણ મેડિકલ શિક્ષણ માટેની સ્પર્ધા અત્યંત કઠિન અને પડકારજનક બની રહી છે. ડૉક્ટર બનવાની સફર પણ સહેલી નથી. વિદ્યાર્થી ધોરણ ૧૨ પછી MBBSમાં પ્રવેશ મેળવે છે, ત્યારબાદ લગભગ ૫.૫ વર્ષ MBBS અને internship પૂર્ણ કરે છે. ત્યાર પછી MD/MS અથવા specialization માટે વધુ ૩થી૫ વર્ષનો સમય લાગે છે. એટલે કે એક વિદ્યાર્થી સંપૂર્ણ નિષ્ણાત ડૉક્ટર બનતા બનતા ઘણીવાર ૨૮થી૩૦ વર્ષની ઉંમરે પહોંચે છે. આ લાંબી સફર દરમિયાન સતત અભ્યાસ, માનસિક દબાણ, પરિવારનો સહકાર અને સમાજની અપેક્ષાઓ જોડાયેલી રહે છે.

આ પરિસ્થિતિમાં જરૂરી છે કે NEET જેવી રાષ્ટ્રીય પરીક્ષા સંપૂર્ણ પારદર્શક, ટેક્નોલોજી આધારિત અને વિશ્વસનીય બને. દેશના લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોની મહેનત, વિશ્વાસ અને સપનાઓ સાથે કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે સમગ્ર સમાજ અને વ્યવસ્થાની સામૂહિક જવાબદારી છે.

— સંજય આર. પટેલ
શિક્ષણવિદ્

# યુનિવર્સિટી દ્વારા ૨૩મીએ મેગા રોજગાર ભરતી મેળો યોજાશે

## ૧૦ પાસથી લઈને અનુસ્નાતક સુધીના ઉમેદવારો ભાગ લઈ શકશે

સુરત, તા.૨૨

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરત તેમજ વીર નર્મદ દ. ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૩/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે VNSGUના શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલમાં મેગા રોજગાર ભરતી મેળો યોજાશે. ભરતી મેળામાં સુરત અને આસપાસના વિસ્તારના અંદાજે ૨૦ જેટલા પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ (એમ્પ્લોયર્સ) ઉપસ્થિત રહીને લાયક ઉમેદવારોની પસંદગી કરશે. શૈક્ષણિક લાયકાતમાં ધો-૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા, ગ્રેજ્યુએટ (સ્નાતક) તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ (અનુસ્નાતક) સુધીની લાયકાત ધરાવતા તમામ પ્રવાહના ફ્રેશર અને અનુભવી ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. ઉમેદવારોએ ગુગલ ફોર્મની લિંક https://froms.gle/tmWNL4TCC1zEX3h16 પર જઈને પોતાનું રજીસ્ટ્રેશન કરવું. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છતા તમામ રસ ધરાવતા ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, બાયોડેટા અને જરૂરી ડોક્યુમેન્ટસ સાથે નિયત સમયે અને સ્થળે ઉપસ્થિત રહેવા મદદનીશ નિયામક (રોજગાર)ની યાદીમાં જણાવાયું છે.

# સુરતનું ગૌરવ બનતો ડિંડોલીના દિવ્યાંગ ખેલાડી

## લક્ષ્મણ બિરહાદેની ભારતીય વ્હીલચેર ક્રિકેટ ટીમમાં પસંદગી



સુરત, તા.૨૨

સુરતના ડિંડોલી વિસ્તારમાં આવેલી સુમન નુપુર આવાસ સોસાયટીમાં રહેતા દિવ્યાંગ ક્રિકેટર લક્ષ્મણ ભીમરાવ બિરહાદેએ આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સિદ્ધિ હાસિલ કરીને સમગ્ર સુરત જિલ્લા અને દેશનું નામ રોશન કર્યું છે. રાષ્ટ્રીય કક્ષાની વ્હીલચેર ક્રિકેટ સ્પર્ધાઓમાં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન, અદભુત રમત કૌશલ્ય અને સમર્પણને ધ્યાનમાં રાખીને 'લાયન વ્હીલચેર ક્રિકેટ એસોસિએશન (ઈન્ડિયા)' દ્વારા તેમની સત્તાવાર રીતે ભારતીય વ્હીલચેર ક્રિકેટ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. લક્ષ્મણ બિરહાદે આગામી સમયમાં શ્રીલંકાના કોલંબો ખાતે યોજાનારી "શ્રીલંકા વિરુદ્ધ ભારત ૨૦૨૬ - ઈન્ટરનેશનલ 3T-૨૦ વ્હીલચેર ક્રિકેટ ચેમ્પિયનશિપ"માં ભારતીય ટીમ તરફથી રમતા જોવા મળશે. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટનું આયોજન આગામી તા.૨૬ થી ૨૮ મે, ૨૦૨૬ દરમિયાન શ્રીલંકાની ધરતી પર થવાનું છે. કોચ ધનસુખભાઇ પટેલે લક્ષ્મણની પ્રતિભા વિશે વાત કરતા જણાવ્યું છે કે, તેઓ આંતરરાષ્ટ્રીય મંચ પર શાનદાર પ્રદર્શન કરીને દેશને વિજય અપાવશે અને ભારત દેશનું ગૌરવ વધારશે. શારીરિક પડકારોને માત આપીને ઈન્ટરનેશનલ પિચ સુધી પહોંચવાની લક્ષ્મણની આ સફર અન્ય દિવ્યાંગો અને રમતવીરો માટે ભારે પ્રેરણારૂપ બની રહેશે.



# આદિજાતિના લોકો માટે ઉમરામાં સેવા સેસ્યુરેશન કેમ્પ યોજાયો

## ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાની ઉપસ્થિતિમાં લાભોનું વિતરણ

સુરત, તા.૨૨

દેશના નાનામાં નાના અને છેવાડાના માણસને જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અવિરત પ્રયાસોના ભાગરૂપે જનજાતિય ગરીમા ઉત્સવ-૨૦૨૬ જન ભાગીદારી અભિયાન-સબસે દૂર સબસે પાસ અભિયાન અંતર્ગત સુરત જિલ્લાના અંબિકા તાલુકા ઉમરા પી.એમ.પ્રાથમિક શાળા ખાતે આદિજાતિના લોકો માટે સેસ્યુરેશન કેમ્પ યોજાયો હતો. જેમાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે જણાવ્યું હતું કે, વંચિતોને વિકાસની અગ્રીમ હરોળમાં લાવવા અને આદિમજૂથની જાતિઓની ખૂટતી સુવિધાઓ પૂરી કરવા તથા યોજનાઓના લાભો ઘર આંગણે મળી રહે તે માટે જનજાતિય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.આ કેમ્પનો મોટી સંખ્યામાં લાભાર્થીઓએ હાજર રહીને કેમ્પનો લાભ લઈને સ્થળ પર વિવિધ યોજનાઓના લાભો મેળવ્યા હતા. કેમ્પ દરમિયાન ગ્રામજનોને એક જ સ્થળેથી રેશનકાર્ડ, આધારકાર્ડમાં સુધારા, જાતિના દાખલા અને આયુષ્યમાન કાર્ડ, ખેતીવાડી જેવી યોજનાઓના લાભો મેળવ્યા હતા. આ અવસરે અગ્રણી જિ. પંચાયતના સદસ્ય હર્ષદભાઈ પટેલ, તાલુકા પંચાયતના સદસ્ય સોનિકાબેન પટેલ, નાયબ મામલતદાર મહેશભાઈ, ઉમરાના સરપંચ અજયભાઈ, હળદવાના સરપંચ અરૂણાબેન પટેલ, ધામખડીના સરપંચ દેવેન્દ્રભાઈ તથા અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કડોદ કન્યા શાળા ખાતે યોજાયેલો સેવા સેતુ કાર્યક્રમ

## સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ૨૮૪ લાભાર્થીઓ લાભાન્વિત




સુરત, તા.૨૨

કેન્દ્ર સરકારના જન જાતિય ગરિમા ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત દેશ અને રાજ્ય સહિત સુરત જિલ્લાનાં આદિવાસી અને આદિમજૂથ સમુદાયોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વિશેષ સેવા કેમ્પો યોજાઈ રહ્યા છે.

જન ભાગીદારી અભિયાન-સબસે દૂર, સબસે પાસ અભિયાન હેઠળ સુરતના બારડોલી તાલુકાના કડોદ ગામે કન્યા શાળા-કડોદ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં કુલ-૧૩ ગામોના લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આધારકાર્ડ-૪૮, આયુષ્યમાન કાર્ડ-૩૭, પી.એમ કિશાન સન્માન નિધી યોજના-૧૮,સિકલ સેલ ટેસ્ટિંગ-૭, રેશનકાર્ડ-૨, પેન્શન યોજના કે.વાય.સી-૧૮૦, જાતિનાં દાખલા- મળી કુલ ૨૮૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. તથા અન્ય સરકારી યોજનાઓ અંગે જે તે વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ દ્વારા સમજણ આપી પાત્ર લાભાર્થીઓ સુધી મહત્તમ લાભો પહોંચાડવાના પ્રયત્ન કરવામાં આવ્યા હતા. સાથે જ જાગૃતિ રેલી અને વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી સહિત વિવિધ યોજનાના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કતારગામના યુવકે પોતાના ઘરમાં કરેલી આત્મહત્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી લાલીતા ચોકડી પાસેની લલિતા પાર્ક સોસાયટીમાંથી એક આઘાતજનક ઘટના સામે આવી છે. અહીં રહેતા રોનક કાંતિભાઈ પરમાર નામના ૨૩ વર્ષીય યુવકે પોતાના ઘરની અંદર દરવાજો બંધ કરીને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

ઘટના સમયે ઘરનો દરવાજો અંદરથી મજબૂત રીતે બંધ હોવાને કારણે સ્થાનિકો અને પરિવારે તાત્કાલિક ફાયર બ્રિગેડની મદદ લીધી હતી. ફાયરની ટીમે ઘટનાસ્થળે પહોંચીને કટર અને અન્ય સાધનો વડે દરવાજો તોડ્યો હતો અને અંદર પ્રવેશીને મૃતકની લાશને નીચે ઉતારી હતી. આ ઘટના અંગે પોલીસને જાણ કરાતા કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. યુવકે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે હજી સુધી જાણી શકાયું નથી. પોલીસ હાલ આ મામલે ઊંડી તપાસ ચલાવી રહી છે.

## બુડિયા ચોકડી પાસે ટ્રક અકસ્માતઃ કેબિનમાં ફસાયેલા ચાલકનું ફાયર બ્રિગેડે રેસ્ક્યૂ કર્યું

શહેરની બુડિયા ચોકડી પાસે એક ટ્રક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ટ્રકની કેબિન કચડાઈ જતાં ચાલક શકીલ અલી શેખ (રહે. ઈચ્છાપુર જીઆઈડીસી, જે.કે. લક્ષ્મી સિમેન્ટ પાસે) અંદર જ ગંભીર રીતે ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પહોંચીને ભારે જહેમત બાદ ચાલકને સુરક્ષિત બહાર કાઢ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા.

# અંકલેશ્વર ફાયર સ્ટેશનની મુલાકાત લેતા કલેક્ટર ડો. નવનાથ ગવ્હાણે

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ ડીપીએમસી ફાયર સ્ટેશનની કલેક્ટર ડો.નવનાથ ગવ્હાણેએ મુલાકાત લીધી હતી. અંકલેશ્વર ઉદ્યોગિક વસાહતમાં આવેલ DMPC ફાયર સ્ટેશનની જીલ્લા કલેક્ટર ડો.નવનાથ ગવ્હાણેએ મુલાકાત લીધી હતી. આ દરમિયાન અંકલેશ્વર, પાનોલી તેમજ આસપાસના ઉદ્યોગોમાં આગ જેવી આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે ઉપયોગમાં લેવાતા ફાયર ફાઈટિંગ સાધનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.કલેક્ટરે ફાયર સ્ટેશનમાં ઉપલબ્ધ સાધનોની કાર્યક્ષમતા અંગે માહિતી મેળવી હતી અને આધુનિક ટેક્નોલોજી આધારિત સાધનો વધુ વિકસાવવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઉદ્યોગિક વિસ્તારોની સુરક્ષા માટે જરૂરી સાધનો વિકસાવવા સરકાર તરફથી પૂરતી સહાય આપવામાં આવશે.આ મુલાકાત દરમિયાન અંકલેશ્વર પ્રાંત અધિકારી બી.એ.જાડેજા, મામલતદાર રાજન વસાવા, ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવા, સેક્રેટરી નિલેશ પટેલ તેમજ DMPCના અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપ શાસિત
પહેલા પાનાનું ચાલુ

મોંઘવારીમાં રાહત આપવા પેટ્રોલ-ડિઝલ પરની એકસાઈઝ ઘટાડયા પછી અનેક રાજયોએ પેટ્રોલ-ડિઝલ પરનો વેટ ઘટાડયો હતો. ૨૦૨૨માં ડિઝલ પર રૂા.૬ તથા પેટ્રોલ પર રૂા.૮નો વેટ ઘટાડીને લોકોને રાહત અપાઈ હતી. ગુજરાતે ૨૦૨૨માં વેટ ઘટાડીને ૧૪.૪% કર્યો હતો. પેટ્રોલ-ડિઝલ જીએસટીમાં આવતા નથી તેથી રાજયો તેમના દરે વેટ વસુલે છે.

### કાળઝાળ ગરમી વચ્ચે
પહેલા પાનાનું ચાલુ

અમરેલી જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે.આ ઉપરાંત, દક્ષિણ ગુજરાતના વિસ્તારો જેવા કે નવસારી, વલસાડ, ડાંગ, દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં પણ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે.

### શનિવારથી સરકારી
પહેલા પાનાનું ચાલુ

ફેડરેશને પોતાની અનેક માંગણીઓને લઈને ૨૫ અને ૨૬ મે (સોમવાર અને મંગળવાર) ના રોજ દેશભરમાં બે દિવસની હડતાળનો પ્રસ્તાવ મૂક્યો છે. આનાથી બેંકોના કામકાજ પર સીધી અસર પડી શકે છે.

બકરી ઈદની રજાઃ ભારતના અલગ-અલગ રાજ્યોમાં બકરી ઈદનો તહેવાર અલગ-અલગ દિવસે ઉજવવામાં આવશે, જેના માટે RBI એ બે દિવસની રજાઓ નક્કી કરી છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં ૨૭ મેના રોજ બકરી ઈદના કારણે SBI બંધ રહેશે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ૨૮ મેના રોજ રજા રહેશે. જ્યારે જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૭ અને ૨૮ મે બંને દિવસ બેંકો બંધ રહેશે.

### ગુજરાતની ૪ સહિત
પહેલા પાનાનું ચાલુ

દિગ્વીજયસિંહ, પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવેગોડા જેવા નેતાઓ નિવૃત્ત થશે. ગુજરાતમાં શક્તિસિંહ ગોહિલ, રાજસ્થાનમાંથી રાજેન્દ્ર ગહેલોત જેવા નેતાઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

ચૂંટણી કાર્યક્રમ મુજબ ૧લી જુને જાહેરનામુ બહાર પાડવામાં આવશે. ૮ જુન સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે. ૯ જુને ઉમેદવારીપત્રકોની ચકાસણી થશે. ૧૧ જુન સુધીમાં ઉમેદવારો નામ પાછા ખેંચી શકશે.

### ઉત્તર પ્રદેશનું
પહેલા પાનાનું ચાલુ

દિવસ એટલે કે ૩૧ મે સુધી તીવ્ર ગરમી ચાલુ રહેશે. હવામાન વિભાગે આજે નિવાડી, છતરપુર, પન્ના અને સતનામાં હીટવેવનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. અહીં મહત્તમ તાપમાન ૪૬ઝ સુધી પહોંચી શકે છે.ઉત્તર પ્રદેશના બાંદા, ચિત્રકૂટ, કૌશામ્બી, પ્રયાગરાજ સહિત ૧૦ જિલ્લાઓમાં હીટવેવનું રેડ એલર્ટ છે. રાજ્યનું બાંદા ગુરુવારે સતત ૫મા દિવસે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું, અહીં તાપમાન ૪૭.૬C સુધી પહોંચ્યું. આ ઉપરાંત પ્રયાગરાજમાં ૪૬.૬ઝ, વારાણસીમાં ૪૫.૯ ℃, હમીરપુર અને સુલતાનપુરમાં ૪૫.૨C તાપમાન રહ્યું.હવામાન વિભાગે આજે અને આવતીકાલે અલવર, ભરતપુર, જયપુર, દૌસા, સીકર અને ઝુનઝુનુમાં વાવાઝોડા-વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યના ૨૪ જિલ્લાઓમાં હીટવેવ વધવાની ચેતવણી પણ આપી છે. ગુરુવારે સતત બીજા દિવસે શ્રીગંગાનગર ૪૫.૧C તાપમાન સાથે રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું.બિહારના ૧૦ જિલ્લામાં ગુરુવારે મહત્તમ તાપમાન ૪૦C રહ્યું. રોહતાસમાં ૪૪.૬C, કૈમૂરમાં ૪૪.૪°C, બક્સરમાં ૪૩.૪C, ઔરંગાબાદમાં ૪૩.૩C અને પટનામાં ૪૨°C રહ્યું. ગયાજી અને જહાનાબાદમાં ધોરણ ૫ સુધીની સ્કૂલો બંધ કરવામાં આવી છે. રાજ્યના ૧૪ જિલ્લામાં આજે હીટવેવનું રેડ એલર્ટ છે.

### બકરી ઈદ
પહેલા પાનાનું ચાલુ

આ ઉપરાંત, જાહેર કતલખાનાઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સરકારે કહ્યું કે પ્રાણીઓની હત્યા ફક્ત નગરપાલિકાના કતલખાના (સ્લોટરહાઉસ) અથવા સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા નિર્ધારિત કતલખાનામાં જ કરવામાં આવશે.

નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ છ મહિના સુધીની જેલ, એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે. જો ફિટનેસ સર્ટિફિકેટ આપવાનો ઈનકાર કરવામાં આવે તો સંબંધિત વ્યક્તિ ૧૫ દિવસની અંદર રાજ્ય સરકાર સમક્ષ અપીલ કરી શકે છે.

### ઈસરોના ચંદ્રયાન
પહેલા પાનાનું ચાલુ

અમેરિકા સ્થિત ભારતીય રાજદૂત વિજય ક્વાત્રાએ ઈસરો વતી એવોર્ડ સ્વીકાર્યો હતો અને પોતાના સંબંધોમાં એમ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્પેસ વિઝન ૨૦૪૭ હેઠળ ભારતના અંતરિક્ષ સંશોધન મહત્વપૂર્ણ છે.

ભારતે અવકાશ ક્ષેત્રનો રોડમેપ તૈયાર કર્યો જ છે અને તેમાં અમેરિકા સહિતના દેશોનો સહયોગ-ભાગીદારી જરૂરી છે. ગોડાર્ડ એસ્ટ્રોનોટિક્સ એવોર્ડ અવકાશ ક્ષેત્રનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ છે અને અંતરિક્ષ એજન્સીની મહાન સિધ્ધિ બદલ આપવામાં આવે છે.

### બ્રિટિશ રેડીયોએ ભૂલથી
પહેલા પાનાનું ચાલુ

૧૯૬૪માં શરૂ થયેલું રેડિયો કેરોલાઈન બ્રિટન ઉપરાંત બેલ્જિયમ અને નેધરલેન્ડ્સ સહિતના ઘણા દેશોમાં પ્રસારણ કરે છે. આ સ્ટેશન ઓનલાઈન પણ ઉપલબ્ધ છે.

જે દિવસે આ ખોટી જાહેરાત થઈ, તે દિવસે કિંગ ચાર્લ્સ III અને ક્વીન કેમિલા ઉત્તરી આયર્લેન્ડના બેલફાસ્ટના પ્રવાસે હતા. બકિંગહામ પેલેસના જણાવ્યા અનુસાર, બંનેએ થોમ્પસન ડોકમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કિંગ ચાર્લ્સે ફેબ્રુઆરી ૨૦૨૪માં જણાવ્યું હતું કે તેમને કેન્સર છે. જોકે, ડિસેમ્બરમાં જાહેર કરેલા વીડિયો સંદેશમાં તેમણે કહ્યું હતું કે સારવારની સકારાત્મક અસર થઈ રહી છે અને આ વર્ષે તેમની ટ્રીટમેન્ટ ઓછી કરવામાં આવશે.

### હોર્મુઝમાંથી પસાર
પહેલા પાનાનું ચાલુ

લોકો પર આરોપ લગાવ્યો છે કે તેઓ લેબનોનની શાંતિ પ્રક્રિયામાં અવરોધ ઉભો કરી રહ્યા હતા અને હિઝબુલ્લાહને નિઃશસ્ત્ર કરવાના પ્રયાસો રોકી રહ્યા હતા.અમેરિકી ટ્રેઝરી વિભાગે શુક્રવારે ઈરાનના લેબનોન નિયુક્ત રાજદૂત મોહમ્મદ રઝા શૈબાની સહિત ૯ લોકો પર પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી. તેમાં કેટલાક લેબનોની અધિકારીઓ અને નાગરિકો પણ સામેલ છે.અમેરિકાનો દાવો છે કે આ લોકો લેબનોનમાં રાજકીય સ્થિરતા અને શાંતિ પ્રક્રિયાને પ્રભાવિત કરી રહ્યા હતા. સાથે જ હિઝબુલ્લાહ વિરુદ્ધ ચાલી રહેલા પગલાંઓમાં અવરોધ ઉભો કરી રહ્યા હતા.

ઈરાનના વિદેશ મંત્રાલયે અમેરિકી કાર્યવાહીને નિંદનીય ગણાવી. મંત્રાલયે કહ્યું કે આ પગલું આંતરરાષ્ટ્રીય નિયમો અને રાજદ્વારી ધોરણો વિરુદ્ધ છે. તેહરાને આરોપ લગાવ્યો કે અમેરિકા ક્ષેત્રીય મામલાઓમાં હસ્તક્ષેપ કરીને તણાવ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### યુપીએલ યુનિવર્સિટી
પેજ-૨ પાનાનું ચાલુ

ઉદ્દેશ્ય યુપીએલ યુનિવર્સિટીના કોમ્પ્યુટર એન્જિનિયરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આઈટી તેમજ અન્ય શાખાના વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે ઉદ્યોગોની વર્તમાન જરૂરિયાતો મુજબ 'ઈન્ડસ્ટ્રી-રેડી' (Industry-Ready) બનાવવાનો છે ગૂગલ ક્લાઉડ સાથેની આ ભાગીદારી અમારા વિદ્યાર્થીઓ માટે ભવિષ્યના નવા દ્વાર ખોલશે. અમારા કેમ્પસને AI-ફર્સ્ટ બનાવવાની દિશામાં આ એક ઐતિહાસિક પગલું છે, જેનાથી વિદ્યાર્થીઓની ટેકનિકલ કુશળતા વૈશ્વિક સ્તરે મજબૂત થશે

### પશ્ચિમ રેલ્વે
પેજ-૨ પાનાનું ચાલુ

નસીરાબાદ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. જોકે, સુરત સ્ટેશન પર પુનર્વિકાસ કાર્યને કારણે, ૨૩ મે થી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ વચ્ચે શરૂ થતી મુસાફરી માટે, આ ટ્રેન સુરત સ્ટેશનને બદલે ઉધના સ્ટેશન પર કામચલાઉ રોકાશે.

ટ્રેન નં. ૨૦૧૬૪ બાંદ્રા ટર્મિનસ - જબલપુર એક્સપ્રેસ દર શનિવારે બાંદ્રા ટર્મિનસથી ૪:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૪:૧૦ વાગ્યે જબલપુર પહોંચશે. આ ટ્રેન ૩૦ મે, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે કાર્યરત રહેશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૨૦૧૬૩ જબલપુર - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ દર શુક્રવારે જબલપુરથી ૪:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૪:૧૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૯ મે, ૨૦૨૬ થી નિયમિત સેવા તરીકે કાર્યરત થશે.આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, ભોપાલ, નર્મદાપુરમ, ઈટારસી, પીપરિયા અને નરસિંહપુર સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

ટ્રેન નંબર ૦૪૧૪૦ દાદર - પ્રયાગરાજ સુપરફાસ્ટ વીકલી સ્પેશિયલ દર રવિવારે દાદરથી ૦૦:૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૫:૦૦ વાગ્યે પ્રયાગરાજ પહોંચશે. આ ટ્રેન ૨૪ મે, ૨૦૨૬ થી ૧૨ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૪૧૩૯ પ્રયાગરાજ - દાદર સુપરફાસ્ટ વીકલી સ્પેશિયલ પ્રયાગરાજથી દર શુક્રવારે સાંજે ૫:૧૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૨૨:૪૦ વાગ્યે દાદર પહોંચશે. આ ટ્રેન ૨૨ મે, ૨૦૨૬ થી ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, રૂપબાસ, ફતેહપુર સિક્રી, આગ્રા ઈદગાહ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી અને ફતેહપુર સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચનો સમાવેશ થશે. ટ્રેન નં. ૦૯૦૮૫ મુંબઈ સેન્ટ્રલ - ઈન્દોર દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની સેવાઓ ૨૭ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૮૬ ઈન્દોર - મુંબઈ સેન્ટ્રલ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની સેવાઓ ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નં. ૦૯૦૮૭ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની સેવાઓ ૨૯ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૮૮ અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની સેવાઓ ૩૦ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

છેલ્લા પાનાનું ચાલુ
### ખજૂરા વાડીની

તકરાર બાબતનો છે. જે સિવિલ નેચરનો છે, અને આવા કેસને ક્રિમિનલ સ્વરૂપ આપી શકાય નહીં. બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ અદાલતે આરોપીને ૧,૦૦,૦૦૦/- ના વ્યક્તિગત બોન્ડ અને તેટલી જ રકમની જામીનગીરી પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

### પાંડેસરામાં ૨૦

તૃપ્તિનગરના નાકા પાસે નવજાત બાળકીને સંપૂર્ણ રીતે ત્યજી દીધી હતી. ઘટનાની જાણ પોલીસને થતા તાત્કાલિક પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી અને નવજાત બાળકીને સુરક્ષિત કસ્ટડીમાં લઈ સારવાર માટે ખસેડવામાં આવી હતી. હાલ બાળકીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે અજાણી વ્યક્તિ સામે ગુનો દાખલ કરી આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય પુરાવાના આધારે બાળકીને ત્યજી જનારની શોધખોળ શરૂ કરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૨૨ મે ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# જલસા બારમાં ૧૨.૬૩ કરોડનું રોકાણ કરાવી ઠગાઈ

## ખુશમન પટેલ, પુનિતા પટેલ, સ્મીત પટેલ સહિત પાંચ વિરૂદ્ધ ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા શેર ટ્રેડિંગના વ્યવસાય સાથે જોડાયેલા વેપારીએ રિસોર્ટ અને એડવેન્ચર પાર્ક પ્રોજેક્ટમાં રોકાણ કરાવી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાવી છે. સમગ્ર મામલે ઈકો સેલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી ચંદ્રેશભાઈ જયંતિલાલ લાકડાવાલાના જણાવ્યા મુજબ ખુશમનભાઈ પટેલ, પુનિતાબેન પટેલ, સ્મીત પટેલ સહિત પાંચ આરોપીઓએ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના લક્કડકોટ ખાતે આવેલા "ROCCIA HILL RESORT AND ADVENTURE PARK", "ROCCIA HILL RESORT" તેમજ "જલસા બાર એન્ડ રેસ્ટોરન્ટ" પ્રોજેક્ટમાં ભાગીદારીના નામે રોકાણ કરાવ્યું હતું. આરોપીઓએ ઊંચા વળતરની લાલચ આપી ફરિયાદીના પુત્ર રોનિશભાઈ તથા અન્ય ભાગીદારો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. ફરિયાદ મુજબ ફરિયાદી પક્ષે રૂ.૧.૩૮ કરોડનું રોકાણ કર્યું હતું, જ્યારે અન્ય ભાગીદારોએ પણ કુલ મળી કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં થોડું વળતર ચૂકવ્યા બાદ આરોપીઓએ નફો અને હિસાબ આપવાનું બંધ કરી દીધું હતું.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીઓએ જલસા બાર એન્ડ રેસ્ટોરન્ટનું નામ બદલી "હોટલ ગ્રાન્ડ કાર્નિવલ પરમીટ રૂમ એન્ડ બીયર બાર" કરી દીધું હતું અને ભાગીદારોને પ્રવેશ પણ બંધ કરી દીધો હતો. આમ કરી ભાગીદારોને ભાગીદારીમાંથી દૂર કરી તેમના હક્કો ખતમ કરી દીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રોકાણ અને નફા સહિત કુલ રૂ.૧૨.૬૩ કરોડની રકમ નહીં આપી આરોપીઓએ ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. આ મામલે ઈકો સેલ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એમ. ચૌહાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# આર્બિટ્રેશને રવિ રાજની ઉમેદવારી કાયમ રાખતા મામલો હાઈકોર્ટમાં

## ચેમ્બરના ઉપપ્રમુખપદ માટેની ચૂંટણીમાં જાગેલો વિવાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પદ માટે હવે અંતિમ તબક્કે માત્ર બે ઉમેદવારો રેસમાં રહ્યા છે. જેમાં રવિ રાજ દેસાઈ અને નિતિન ભરૂચાનો સમાવેશ થાય છે. ચૂંટણી પહેલા જ ઉમેદવારીને લઈને વિવાદ ઉભો થતાં મામલો આર્બિટ્રેશન કમિટી સુધી પહોંચ્યો હતો.

નિતિન ભરૂચાએ અરજી કરી હતી કે, રવિ રાજ દેસાઈ મેનેજિંગ કમિટીની મિટિંગોમાં ગેરહાજર રહ્યા હોવાથી તેમની ઉમેદવારી રદ કરવી જોઈએ. આ અરજીને લઈને ગુરુવારના રોજ આર્બિટ્રેશન કમિટીની બેઠક મળી હતી. બેઠકમાં કમિટીના ચેરમેન કાનજી ભાલાળા, એડવોકેટ મનિષ ગાંધી અને ધવલ દલાલ ઉપસ્થિત રહ્યા હતા. એક કલાકથી વધુ સમય ચાલેલી બેઠક બાદ આર્બિટ્રેશન કમિટીએ પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો. કમિટીએ જણાવ્યું હતું કે, 'અરજદારને સાંભળી અને રેકોર્ડ જોતા એવું જણાય છે કે, ઉમેદવારી ફોર્મ મંજૂર કે નામંજૂર કરવાનો સંપૂર્ણ અધિકાર ઈલેક્શન કમિટીને છે.

સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના નવી ટર્મ માટેના ઉપપ્રમુખ પદ આગામી તા.૨૪મીએ મતદાન યોજાવાનું છે. દરમિયાન બે પૈકીના એક ઉમેદવાર રવિરાજ દેસાઈની ઉમેદવારી ગેરકાયદે હોવાથી અરજી અંગે આર્બિટ્રેશન કમિટી દ્વારા રવિરાજ દેસાઈની ઉમેદવારી કાયમ રાખતો નિર્ણય કરાયો છે અને આ નિર્ણયને નીતિન ભરૂચા દ્વારા હાઈકોર્ટમાં પડકારવા હિલચાલ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# વેસુમાં ગ્રાન્ટ અલ્ટીમ બિલ્ડીંગના નવમા માળે ભીષણ આગ લાગી

## આગની દુર્ઘટનામાં બિલ્ડીંગમાં ફસાયેલા તમામ લોકોને હેમખેમ ઉગારી લેવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

સુરતના પોશ વિસ્તાર ગણાતા વેસુમાં અગ્રવાલ સ્કૂલ પાસે આવેલી ગ્રાન્ટ અલ્ટીમા બિલ્ડિંગમાં આજે સવારે એક આગની ઘટના સામે આવી છે. બિલ્ડિંગના નવમા માળે રહેતા જાણીતા વેપારી અશોક ભોગીલાલ શાહના ફ્લેટમાં સવારે આશરે પોણા નવ વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિક્રાળ સ્વરૂપ ધારણ કરી લીધું કે તેના ધુમાડાના ગોટેગોટા દેખાવા લાગ્યા હતા.

આ ભીષણ આગને પગલે નવમા માળે રહેતા અન્ય ફ્લેટના રહીશોમાં ભારે ફફડાટ અને ડરનો માહોલ છવાઈ ગયો હતો. જીવ બચાવવા માટે લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને કેટલાક રહીશો સલામત સ્થળે પહોંચવા માટે બિલ્ડિંગના ઉપરના માળ તરફ દોડી ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી ગઈ હતી. શહેરના પાંચ અલગ-અલગ ફાયર સ્ટેશનની ૮ થી ૯ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ સાથે જ બિલ્ડિંગના ઉપરના માળે ફસાયેલા તમામ લોકોને ફાયરની ટીમે સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરી બહાર કાઢ્યા હતા, જેના કારણે એક મોટી હોનારત ટળી હતી.

# ઈ-સ્ટેમ્પ આપવાના બહાને રૂા.૧૦.૬૧ લાખ પડાવી લેવાયા

## રાંદેર રોડના દંપતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

સુરતના પાલ વિસ્તારમાં રહેતા યુવકે ઈ-સ્ટેમ્પ પેપર અપાવવાના બહાને રૂ.૧૦.૬૧ લાખ લઈ લીધા બાદ ન તો ઈ-સ્ટેમ્પ આપ્યા કે ન પૈસા પરત કર્યા હોવાનો આક્ષેપ સાથે રાંદેર રોડના દંપતી સામે ફરિયાદ નોંધાવી છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદી પ્રતિક મનોજભાઈ ગોયલના જણાવ્યા મુજબ તેઓએ પલસાણા તાલુકાના માખીંગા ગામની ઔદ્યોગિક હેતુ માટેની જમીનના વેચાણ દસ્તાવેજ માટે જનરલ ઈ-સ્ટેમ્પ પેપર ખરીદવાના હતા. આ માટે સ્ટેમ્પ વેન્ડર તરીકે કામ કરતા રામ કિરીટકુમાર મેવાવાલાનો સંપર્ક કર્યો હતો. આરોપી રામ મેવાવાલાએ પોતાની પત્ની સલોનીના બેંક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ તા. ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ આરટીએસ મારફતે રૂ.૧૦,૬૧,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. જોકે ત્યારબાદ આરોપીઓએ આજદિન સુધી ઈ-સ્ટેમ્પ પેપર આપ્યા નથી તેમજ રકમ પણ પરત કરી નથી. ફરિયાદ મુજબ પૈસાની માંગણી કરતા આરોપીઓ દ્વારા ધમકીઓ પણ આપવામાં આવતી હતી. આખરે કંટાળી ફરિયાદીએ પોલીસનો સહારો લીધો હતો. પોલીસે દંપતી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખજૂરાવાડીની બોગસ ભાડાચિઠ્ઠી કેસમાં આરોપીને જામીન મળ્યાં

## કબજાની તકરારને ફોજદારી સ્વરૂપ આપી શકાય નહીં તેવી બચાવ પક્ષની દલીલ માન્ય રાખતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

ભાડુત અને મકાન માલિક વચ્ચેની તકરાર ને ફોજદારી સ્વરૂપ આપી શકાય નહીં તેવી બચાવ પક્ષની દલીલ માન્ય રાખીને સેશન્સ કોર્ટે કથિત બનાવટી ભાડા ચિઠ્ઠી વાળા કેસમાં ભાડુતને શરતોને આધીન જામીન આપ્યા છે.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદી મોહમદ ફીરોઝ મુનશીની ફરિયાદના આધારે લાલગેટ પોલીસે મિલકત પચાવી પાડવાના ઈરાદે ખોટી ભાડાચીઠ્ઠી બનાવવાના કેસમાં અયુબ ભીખન શેખ (રહે. ખજૂરાવાડી, વરિયાળી બજાર) ની ધરપકડ કરી હતી. જેથી તેમણે એડવોકેટ અશ્વિન જોગડિયા મારફતે જામીન અરજી કરી હતી. જેમાં તેમણે કોર્ટમાં દલીલ કરી હતી કે, તેમનો પરિવાર પચાસ વર્ષ ઉપરાંતથી આ ઘરમાં રહે છે. ફરિયાદીએ વર્ષ ૨૦૧૨ માં ખજૂરવાડીમાં ભાડુતો સાથે તકરારી મિલ્કત ખરીદી છે અને તેનો દસ્તાવેજમાં ઉલ્લેખ છે. તથા આ તકરારી મિલ્કત બાબતે સુરત સિવિલ કોર્ટમાં દાવો પણ ચાલી રહ્યો છે. સમગ્ર કેસ ભાડુત અને મકાન માલિક વચ્ચેની મિલ્કતના કબ્જાના

અનુસંધાન પાના ૭ પર

# લગ્નની લાલચ આપી બે વર્ષ સુધી યુવતીનું શારીરિક શોષણ

## યુવતીને જાતિ અંગે અપમાનિત કરી યુવકે ધમકી આપી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

સુરતમાં લગ્ન કરવાની લાલચ આપી યુવતી સાથે છેલ્લા બે વર્ષથી શારીરિક સંબંધ બાંધ્યા બાદ લગ્ન કરવાની ના પાડી દેતા યુવતીએ આરોપી સામે ફરિયાદ નોંધાવી છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ આરોપી ચેતનભાઈ સુરેશભાઈ કડુ યુવતીના ઘરે રહી તેના સાથે સંબંધમાં હતો. આરોપીએ લગ્ન કરવાની ખાતરી આપી યુવતી સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. દરમિયાન આરોપી અન્ય મહિલાઓ સાથે પણ સંબંધ રાખતો હોવાની જાણ થતાં યુવતીએ લગ્ન અંગે વાત કરતા આરોપીએ હવે તારી સાથે લગ્ન નહીં કરું તેમ કહી ઈન્કાર કર્યો હતો. યુવતીએ છેલ્લા બે વર્ષથી સંબંધ રાખ્યા બાદ હવે શું કરવું તે અંગે પૂછતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપી જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી ધમકી આપી હતી. પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. કેસની વધુ તપાસ એસ.સી.-એસ.ટી. સેલના મ.પો.કમિ. એમ.ડી. ઉપાધ્યાય કરી રહ્યા છે.

**પશ્ચિમ રેલવે**
**સિગ્નલિંગ વર્ક**

સીનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (નોર્થ), બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઈ-ટેન્ડર નંબર: SG_216_2_114_WA_ST_R1 તારીખ 16/05/2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળ: મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનના ADSTE/સુરતના અધિકારક્ષેત્ર હેઠળ વિશ્વસનીયતા સુધારણા અને ખામીયુક્ત/જૂના મિડલાઈફ સિગ્નલિંગ ગીયર્સના બદલાવના કાર્યના સંબંધમાં સિગ્નલિંગ વસ્તુઓની સપ્લાય, ઇન્સ્ટોલેશન ટેસ્ટિંગ અને કમિશનિંગ. કાર્યની અંદાજિત કિંમત: રૂ.2,26,01,129.33. EMD: રૂ.4,52,000/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવાની બંધ થવાની તારીખ અને સમય: 15.06.2026, 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 15.06.2026ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાશે. 0133

લાઈક કરો: facebook.com/WesternRly

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
કેમિકલ-ફાર્મા, સ્ટાર્ટઅપ,
એજ્યુકેશન અને SGCCI બિઝનેસ કનેક્ટનો
સૌથી મોટો "4 ઈન 1" મહાકુંભ !
SGCCI CHEMEXCIL POWERED BY TORIN Wealth Management
- SUPPORTED BY - iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION) i-Hub
ટોરિન વેલ્થ મેનેજમેન્ટના સહયોગથી એક જ છત નીચે, એક જ સમયે યોજાશે 4 ભવ્ય મેગા ઈવેન્ટ્સ
SGCCI - CHEMEXCIL CHEMICAL & PHARMA EXPO
Surat Startup Summit '26
SMART EDUCATION EXPO 2026
SBC Business EXPO
PLATINUM SPONSORS YASH. HLE Glascoat
GOLD SPONSORS ANUPAM RASAYAN INDIA LTD. aether ACUTAAS
તારીખ : 22, 23 અને 24 મે 2026 (શુક્રવાર, શનિવાર અને રવિવાર)
સમય : દરરોજ સવારે 10.00 થી સાંજે 7.00 વાગ્યા સુધી
સ્થળ : સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC), ચેમ્બર ઓફ કોમર્સ રોડ, સરસાણા, સુરત.
શા માટે મુલાકાત લેવી ?
ઉદ્યોગપતિઓ માટે : વૈશ્વિક બાયર્સ, સપ્લાયર્સ અને આધુનિક ટેક્નોલોજી પાર્ટનર્સ સાથે જોડાવાની તક.
સ્ટાર્ટઅપ માટે : સીધું ફંડિંગ, મેન્ટરશિપ અને ૨૦૦ થી વધુ ઈન્વેસ્ટર્સ સાથે નેટવર્કિંગ.
વિદ્યાર્થીઓ-વાલીઓ માટે : ગ્લોબલ એજ્યુકેશન અને સ્માર્ટ કરિયર ઓપ્શન્સનું લાઈવ કાઉન્સેલિંગ.

# ડભોલીમાં મધ્ય રાત્રીએ રમકડાના ગોડાઉનમાં આગ

## બચાનક આગમાં રમકડાનો મોટો જથ્થો ભસ્મી ભૂત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

સુરતના ડભોલી વિસ્તારમાં આવેલ એક ઓનલાઈન રમકડાંના મોટા ગોડાઉનમાં મધ્યરાત્રિએ અચાનક ભયાનક આગ ફાટી નીકળી હતી. રાત્રે આશરે ૨:૩૨ વાગ્યે લાગેલી આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.ઘટનાની ગંભીરતાને જોતા ફાયર બ્રિગેડનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. કતારગામ, જહાંગીરપુરા, ડભોલી, વરીયાવ, કોસાડ, અડાજન, પાલનપુર અને મોટા વરાછા સહિતના અલગ-અલગ ફાયર સ્ટેશનોની મોટી સંખ્યામાં ગાડીઓ તૈનાત કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ ચારેય તરફથી પાણીનો ભારે મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી.સવારે ૭ થી ૮ વાગ્યા સુધી સતત પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો હતો. ત્યારબાદ કુલિંગની કામગીરી પૂર્ણ કરીને છેલ્લી ગાડી સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ પરત ફરી હતી. આ દુર્ઘટનામાં ગોડાઉનમાં રહેલો ઓનલાઈન રમકડાંનો તમામ જથ્થો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે, જેના કારણે વેપારીને મોટું આર્થિક નુકસાન થયું હોવાની આશંકા છે.

# સુરતમાં સવારે ૨૮.૪ ડિગ્રી જેટલું ઉંચુ તાપમાન નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

સુરત શહેરમાં ગરમીની સાથે બફારો અને ઉકળાટ યથાવત છે. શહેરમાં આજે સવારે લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ આશરે ૭૦ ટકા રહેતા વાતાવરણમાં ભારે ઉકળાટ અનુભવાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૬ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. વહેલી સવારથી જ ગરમી અને બફારાનો અનુભવ થતા લોકો પરસેવાથી તરબતર બન્યા હતા. બપોર દરમિયાન તાપમાનમાં વધુ વધારો થતા ઉકળાટમાં પણ વધારો નોંધાય તેવી શક્યતા છે. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ દક્ષિણ ગુજરાતમાં ૧૫ જૂન સુધી ચોમાસાનું આગમન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પાંડેસરામાં ૨૦ દિવસની બાળકીને તરછોડી દેવાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

પાંડેસરા વિસ્તારમાં અજાણી વ્યક્તિ દ્વારા આશરે ૨૦થી ૨૫ દિવસની નવજાત બાળકીને ત્યજી દેવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. સમગ્ર મામલે પાંડેસરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ જીતેન્દ્ર હરીશચંદ યાદવે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર તા. ૨૧ મેના રોજ બપોર પહેલાં કોઈ અજાણી વ્યક્તિએ પાંડેસરા બમરોલી રોડ પર મિલન પોઈન્ટ નજીક

અનુસંધાન પાના ૭ પર



જનપ્રિય ધારાસભ્ય,
જનસેવક અને એ.પી.એમ.સી. સુરતના ચેરમેન
શ્રી સંદીપ દેસાઈને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ



વર્ષ ૨૦૨૩માં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સુરતનું સુકાન સંભાળ્યા બાદ આવકની દ્રષ્ટિએ સતત ત્રીજા વર્ષે રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. ટ્રકો માટે પહેલા માળ સુધી સીધી એન્ટ્રી ધરાવતી દેશની પહેલી અનોખી અને આધુનિક એલિવેટેડ માર્કેટ તેમજ ખેતપેદાશની મૂલ્યવૃદ્ધિ કરી દેશ-વિદેશમાં નિકાસ કરતી રાજ્યની પ્રથમ એ.પી.એમ.સી. તરીકે નામના અપાવનાર લોકપ્રિય પ્રમુખ સંદીપ દેસાઈને ખેડૂતો, વ્યવસ્થાપક સમિતિના પ્રતિનિધિઓ અને તમામ વેપારીઓ તરફથી 54મા જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ...
૧૬૮, ચોર્યાસી વિધાનસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય, સુરત શહેર-જિલ્લાની સામાજિક, શૈક્ષણિક અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ સેવાભાવિ અગ્રણી સંદીપ દેસાઈને સુખમય, નિરામય, દીર્ઘાયુ જીવનની અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ...

સુરત એપીએમસીની વ્યવસ્થાપક સમિતિના પ્રતિનિધિઓ

- શ્રી હર્ષદભાઈ છીતુભાઈ પટેલ, વા.ચેરમેન
- શ્રી રાજેન્દ્રભાઈ ગોવનભાઈ પટેલ
- શ્રી બળવંતભાઈ લલ્લુભાઈ પટેલ
- શ્રી રોહિતભાઈ છગનભાઈ પટેલ
- શ્રી ચિરાગકુમાર ગુણવંતલાલ પટેલ
- શ્રી તેજસભાઈ ભગુભાઈ આહીર
- શ્રી અંકુરભાઈ કાંતિભાઈ પટેલ
- શ્રી કાંતિભાઈ પુંજ્યાભાઈ પટેલ
- શ્રી રાજેશભાઈ મોહનભાઈ પટેલ
- શ્રી સતીષભાઈ કાંતિલાલ પટેલ
- શ્રી અંબરીશભાઈ શંકરભાઈ પટેલ
- શ્રી ફખરૂદીન યુસુફભાઈ શેખ (બાબુ)
- શ્રી સતીષભાઈ બાબુલાલ ભાટીયા
- શ્રી સંદિપભાઈ લક્ષ્મણરાવ સાળુંકે
- શ્રી ધર્મેશકુમાર નટવરલાલ દલાલ
- શ્રી રાજન બકુલચંદ્ર પટેલ

વેપારીઓ

રાકેશ મેવાવાલા, વિપુલ સીંગવાલા, શરદ કુતાલ, ઈલ્યાસ લક્કડ, વિપુલ દલાલ
જીતુ રાવલ, ઘનશ્યામ મેવાવાલા, ચંદ્રેશ કોઠવાલા, જતિન દલાલ, મુઝમીલ ફેન્સી
ચિંતન દલાલ, આનંદ તોતલાની, સંદિપ ધાલમે, સાજન બુઢાણી, હનીફ લીંબુવાલા
મેહમુદ લીંબુવાલા, સઈદ બશીર, બિપીન પટેલ, કાંતિલાલ આરડે, કુણાલ મરોલીવાલા
સૈયદ તઝીમ, મુન્ના બશીર, નિખીલ કેરીવાલા, ચિરાગ ગેલોત, સુદ્રીક દત્તુ